પ્રસંગ કલ્પલતા

: લેખક :

આચાર્ય વિજયમુનિચન્દ્ર સૂરિ

: પ્રકાશક :

આ. ૐકારસૂરિ જ્ઞાનમંદિર

ૐકારસૂરિ આરાધના ભવન

સુભાષચોક, ગોપીપુરા, સુરત-૩૯૫ ૦૦૧.



પૂ. સા. શ્રી સુવર્ણાશ્રીજી મ.ના શિષ્યા

પૂ. સાધ્વીશ્રી કલ્પલતાશ્રીજી મ.સા.

દીક્ષા વિ.સં.૨૦૫૮ મહાસુદિ ૧૦

શાહ ચીમનલાલ ગીરધરલાલ અને

શાહ મંગળદાસ ગીરધરલાલ પરીવારની વંદના

આ.ૐકારસૂરિ જ્ઞાનમંદિર ગ્રંથાવલી-૨૪

પ્રસંગ કલ્પલતા

: લેખક :

આ. વિજય મુનિચંદ્રસૂરિ

: પ્રકાશક :

આ. ૐકારસૂરિ જ્ઞાનમંદિર

ૐકારસૂરિ આરાધના ભવન,

સુભાષચોક, ગોપીપુરા,

સૂરત-૩૯૫ ૦૦૧

Prasang Kalpalata
Ach.Munichandrasuriji

પ્રથમ આવૃત્તિ : ૨૦૦૦ નકલ

મુલ્ય : ૪૦/- રૂપિયા
વર્ષ : મે, ૨૦૦૨

પ્રાપ્તિસ્થાન :
આ.ૐકારસૂરિ આરાધના ભવન
સુભાષચોક, ગોપીપુરા, સૂરત-૩૯૫ ૦૦૧
ટે.નં. (૦૨૬૧) ૭૪૨૬૫૩૧

ૐકાર સાહિત્યનિધિ
વિજયભદ્ર ચે.ટ્રસ્ટ ધર્મશાળા
હાઈવે ભીલડીયાજી(બનાસકાંઠા)
પીન: ૩૮૫૫૩૦
ફોન (૦૨૭૪૪)૩૩૧૨૯

ગુલરાજ મૂલચંદ બુરડ (સાંચોરવાલા)
Madras Metal
21, Vanniar Street Cutting,
Mooker Nulla Mutha Street,
Chenni- 600 001.
Mobile : 09840092620

સરસ્વતી પુસ્તક ભંડાર
રતનપોળ, હાથીખાના, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ટે.નં. ૫૩૫૬૬૯૨

લેસર કમ્પોઝ :
રાકેશ એચ. શાહ
રાકેશ કોમ્પ્યુટર સેન્ટર
એ/૧, શિવદર્શન એપાર્ટમેન્ટ,
નારણપુરા દેરાસરની બાજુમાં,
નારણપુરા,અમદાવાદ- ૩૮૦ ૦૧૩.
ટે.નં. ૭૪૧ ૮૧ ૯૭

પરમ શ્રદ્ધેયા, પૂજ્યા
સાધ્વી માતા
કલ્પલતાશ્રીજી મહારાજના
કરકમળમાં
સાદર સમર્પિત આ
ગ્રન્થ પુષ્પ....

તમે જે સંસ્કારો આપ્યા,
પ્રભુના પથ સુધી મને પહોંચાડવા,
તમે જે મારા શૈશવને વળાંક આપ્યો;
અપૂર્વ શ્રદ્ધા વડે મારા હૃદયને બાળપણમાં
તમે જે ભરી દીધું....
અગણિત આપના ઉપકારોની
સ્મૃતિમાં
આ નાનકડું પુષ્પ....

- આચાર્ય વિજય મુનિચંદ્રસૂરિ

પ્રકાશકીય

પૂ. આ.ભ.શ્રી મુનિચન્દ્રસૂરિ મ.સા. ઘણાં વર્ષોથી 'શાંતિસૌરભ' માસિકની 'પ્રસંગ પરિમલ' કોલમમાં વિવિધ પ્રકારના પ્રેરક-પ્રસંગો દ્વારા બોધક પ્રસંગોનું આલેખન કરે છે.

'શાંતિસૌરભ'ના સંપાદક લખે છે કે -

"પૂ. આ.ભ.વિજય મુનિચન્દ્રસૂરીશ્વરજી સંશોધનક્ષેત્રે આગવી પ્રતિભા ધરાવે છે. શાન્તિસૌરભના આદિકાળથી તેઓ 'પ્રસંગપરિમલ' વિભાગ લખતા જ રહ્યા છે. તેઓશ્રીની કથાઓનો સ્ટોક કાયમ માટે શાંતિસૌરભમાં જમા પડ્યો હોય છે. 'મુનીન્દુ'ના ઉપનામથી તેઓશ્રી સેંકડો કથાઓ આજ સુધી શાન્તિસૌરભને સમર્પી ચૂક્યા છે. સરળ, સુબોધ અને સુપાચ્ય આવી કથાઓ સહુને વાંચવી ગમે છે. તેમાંથી બોધનું તત્ત્વ મેળવવું ગમે છે. પૂજ્યશ્રીના અમે ઋણી છીએ. તેઓ સતત શાન્તિસૌરભ ઉપર અમી દૃષ્ટિ વરસાવતા રહે"

અત્યાર સુધીમાં 'પ્રસંગ-પરિમલ' માં છપાયેલા વાર્તા-પ્રસંગોના પુસ્તકો **'પ્રસંગ-પરિમલ'**, **'પ્રસંગ-નવનીત'**, **'પ્રસંગ-સુધા'**, **'પ્રસંગ-શિખર'**, **'જનક કથા-પરિમલ'**, **'પ્રસંગ-પ્રભા'** નામે પ્રગટ થયા છે. આ રીતે પ્રસ્તુત પુસ્તક **'પ્રસંગ-કલ્પલતા'** પ્રગટ થઇ રહ્યું છે તે ઘણાં હર્ષનો વિષય છે.

આ પુસ્તક પ્રકાશનનો લાભ **સાંચોર નિવાસી મૂલચંદજી મીશ્રીમલજી બુરડ પરિવારે** લીધો છે અને શ્રી પદમસીભાઇ ચીમનલાલ પરિવાર દસાડાવાળા અને શ્રી મંગળદાસ ગીરધરદાસ પરિવાર (હ.વિનુભાઇ) દસાડાવાળાએ લીધો છે. તે સહુના અમે આભારી છીએ.

લી.

પ્રકાશક

આરોગો કથા રસને ?

'શાન્તિ સૌરભ' ના આદિ કાળથી 'પ્રસંગ પરિમલ' વિભાગમાં અનેક પ્રકારની કથાઓ મનની વ્યથાને હરણ કરતી જ રહી છે. સહુના આકર્ષણનું અપૂર્વ સ્થાન બનેલો આ વિભાગ લગભગ ૨૮ વર્ષથી એક ધારો ચાલુજ રહ્યો છે. પૂ. આ.વિ. મુનિચંદ્ર સૂરીશ્વરજી મ. જે સમયે મુનિરાજ હતા ત્યારથીજ તેમની કલમ પ્રસાદી કમાલ કરતી જ રહી છે... લેખક, વક્તા અને સંશોધક જેવી સર્વતોમુખી પ્રતિભાના ધારક આચાર્યશ્રીની પ્રાસાદિક પ્રવાહીશૈલી વાંચકોને જકડી અને પકડી રાખે તેવી છે. સેંકડો કથાઓ આજ સુધી શાન્તિ સૌરભના માધ્યમે પ્રકટ થઈ રહી છે. હજુ પણ તેનો અવિરત-પ્રવાહ ચાલુ જ છે. કોણ જાણે મુનિચંદ્ર સૂરીશ્વરજી મહારાજ ક્યાં ક્યાંથી કેવી કેવી કથાઓ શોધી લાવે છે. જે વાંચીને આશ્ચર્ય સાથે આનંદ અનુભવાય છે.

કથાઓની શૈલી સરળ અને રસાળ છે. જેથી વાંચકો મગજની કસરત કર્યા વગરજ સીધા કથારસને આરોગી શકે છે. પ્રત્યેક કથા કંઈક નવા બોધ, નવી શોધને લઈને આવે છે.

'પ્રસંગ પરિમલ' વિભાગમાં પ્રકટ થતી કથાઓ રસવૈવિધ્ય અને જ્ઞાન-વૈવિધ્ય ભરપૂર છે. આચાર્યશ્રી પાસે કથાનો વિપુલ ખજાનો છે. જે ખજાનાનાં રત્નો બહુ મૂલ્યક છે.

વ્યાખ્યાનકારોને પણ પોતાના વિષયને પુષ્ટ કરનાર અનેક દૃષ્ટાન્તો મળી શકે તેમ છે. ઘર ઘરમાં વસાવવા જેવાં અને વ્યાખ્યાનકારોને અતિ ઉપયોગી આ કથાનકોના પ્રકાશનો છે.

આચાર્ય દેવેશના પ્રયાસને અભિનંદન.

કથાનકોનો પ્રવાસ તેઓશ્રીનો અવિરત ચાલુ રહે તે અભિલાષા. આ બધા જ કથાનકો પુસ્તકાકારે જુદા જુદા નામ ધરી પ્રકાશિત થઈ રહ્યા છે. 'પ્રસંગ કલ્પલતા' સ્વરૂપે પ્રકટ થતા આ પ્રકાશનને જોઈ હૃદય પુલકિત બને છે. 'મુનીન્દુ'ના ઉપનામથી આ લેખમાળા પૂ. આ.વિ. મુનિચંદ્ર સૂરીશ્વરજી મ.ની કલમ પ્રસાદી છે એટલું વાંચકોને સહૃદયે જણાવવાની છૂટ લઉં છું.

કથાનકોના રસાસ્વાદ દ્વારા જીવનના ઉચ્ચરસને સહુ આરોગનારા બને એજ અભિલાષા.

૨૦૫૮ મહાવદ ૯ બુધવાર

આ.વિજય રાજેન્દ્ર સૂરિ
કલિકુંડ તીર્થ

કથાનુક્રમ

❖ ❖ ❖

સૌજન્ય

સાંચોર નિવાસી

મૂલચંદજી મીશ્રીમલજી બુરડ

પરિવાર તરફથી

પુસ્તક પ્રકાશનમાં ઉદારતા ભર્યો

સહયોગ મળ્યો છે.

ધન્યવાદ !

૧ શત્રુંજય શુકરાજથી

રાજકુમાર ચન્દ્રશેખર અને રાજકુમારી ચન્દ્રાવતી સગાં ભાઇ બહેન હતા, ચાંદીની ચમચી અને સોનાની ઘૂઘરીઓથી રમતાં રાજમહેલના વૈભવી વાતાવરણમાં ઉછરેલા.

માણસ એક સંસ્કારી પ્રાણી છે.

પશુઓમા જે વિવેક નથી હોતો તે માનવમાં હોય છે. ભાઇ-બહેનના સંબંધને હજારો વર્ષોથી પવિત્રતાનો પટ લાગેલો છે. વાસ્તવમાં બહેનનો આશરો એનો માડીજાયો ભાઇ ગણાય છે. બહેન ભાઇને રાખડી બાંધે ત્યારે એની અપેક્ષા હોય છે, સંકટ સમયે મારો વીરો મારી વહારે આવશે.

ભારતના ઈતિહાસમા એવાં અઢળક ઉદાહરણો છે. જેમાં બહેનની વહારે ભાઇ દોડી આવ્યો હોય, જાનના જોખમે બહેનના શીલની રક્ષા કરી હોય, માત્ર સગાં ભાઇ જ બહેનની વહારે ધાયા છે એવું નથી...ધરમના ભાઈઓએ પણ બલિદાનો આપીને ઈતિહાસના પાનામાં સોનેરી રંગો પૂર્યા છે.

ચંદ્રશેખર અને-ચંદ્રાવતી સગાં ભાઇ-બહેન હતાં પણ સોનાની થાળીમાં લોઢાની મેખ જેવા ભાઇ-બહેનના સંબંધોની પવિત્રતાને એ ઘોળીને પી ગયા.

ભાઈનો બહેન ઉપરનો પ્રેમ નિર્દોષ નહોતો. બહેનનો ભાઇ ઉપરનો પ્રેમ પવિત્ર નહોતો. બન્નેની આંખોમાં કામનાના કામણ હતાં.

પણ, એ સંબંધો દુરાચારની દુર્ગંધથી ખરડાય એ પહેલાં બન્નેના લગ્ન વડીલોએ કરી નાંખ્યાં. રાજકન્યા ચંદ્રાવતી મહારાજા મૃગધ્વજ સાથે પરણી અને શ્વસુરગૃહે ચાલી ગઇ.

ચન્દ્રશેખરના લગ્ન રાજકન્યા યશોમતી જોડે થયા. બન્ને ભાઇ-બહેનો હવે દૂર દૂર છે.

રાજરાણીઓ અસૂર્યંપશ્યા કહેવાય છે. હવે ચંદ્રાવતીને મળવાનું પણ મુશ્કેલ છે.

ચન્દ્રશેખરના મનમાંથી ચંદ્રાવતી પ્રત્યેની વાસના હટતી નથી. એનું હૈયું સદા ચંદ્રાવતીનો જાપ જપે છે.

બનેવી મૃગધ્વજ જેવા પરાક્રમી રાજાના અંતઃપુરમાં રહેલી ચંદ્રાવતીને બળથી પામી શકાય એવો કોઇ માર્ગ રહ્યો નથી.

'બળથી નહી તો કળથી કે છેવટે છળથી... પણ, ચંદ્રાવતીને હું મેળવીને જ જંપીશ' ચંદ્રશેખરના રુંવાડે રુંવાડે વાસનાના સાપોલીયા સળવળાટ કરી રહ્યા છે.

આખરે એણે જંગલની વાટ પકડી. હજરા-હજૂર મનાતા એક યક્ષના મંદિરમાં એ પહોંચી ગયો. હાથમાં માળા છે, સીનો ટટ્ટાર છે, દૃષ્ટિ નાસાગ્ર છે... મન યક્ષના જાપમાં એકાગ્ર છે. ઓહ !...આવી તલ્લીનતા જો પ્રભુના ધ્યાનમાં આવી જાય તો !

દિવસોના દિવસો વીત્યા... પણ, આ સાધક અડોલ છે, ન હાલે, ન ચાલે. ખાવા-પીવાની વાત જ શી ?....

આખરે દૈવીતત્ત્વનું અવતરણ થયું... પ્રકાશનો પૂંજ રેલાયો.... 'માંગ માંગ તે આપું' પ્રસન્ન થયેલા દેવની વાણી ગૂંજી ઉઠી.

'મારે જોઇએ ચંદ્રાવતી, બીજું કશું જ નહી.

'લે, આ સિદ્ધઅંજન આને આંજવાથી તું અદશ્ય બની જઇશ. તારી પાપલીલાની કોઇને જાણ નહીં થાય.

હા, પણ એક વાત છે. જે દિવસે ચંદ્રાવતીના પેટે જન્મ લેનાર બાળકને મૃગધ્વજ જોશે તે દિવસે તારો ભંડો ફુટી જશે.'

અંજનની સાથે સાથે ચેતવણી પણ યક્ષે આપી દીધી.

અંજન લઇને ચન્દ્રશેખર બહેનના સાસરે પહોંચ્યો. અંજન આંજીને અદશ્ય બની ગયો. મહારાજા મૃગધ્વજની ગેરહાજરીમાં રાણીવાસમાં પહોંચી ગયો.

રાણી ચન્દ્રાવતી પણ ચન્દ્રશેખરનો જાપ જપતી હતી. બન્ને જણાએ મર્યાદાના બધાં બંધનો ફગાવી દીધા.

કીડાને ગટરમાં જ આનંદ આવે તેમ ચન્દ્રશેખરને ચન્દ્રાવતી સિવાય કશામાં આનંદ નથી. નથી એને મા-બાપ યાદ આવતાં. નથી પત્ની યશોમતીની કોઇ ચિંતા સતાવતી, નથી રાજ-પાટની વ્યવસ્થાના પ્રશ્નો એને સતાવતા....

કોઇને ખ્યાલ ન આવે તેમ બન્ને જણા પાપલીલાના રાસડા ખેલી રહ્યા છે.

ચન્દ્રાવતી સગર્ભા બની. ચન્દ્રશેખરે કહ્યું 'આ વાતની રાજા મૃગધ્વજને જાણ ન થવા દેતી.'

ચંદ્રાવતીએ પૂરા સમયે પુત્રને જન્મ આપ્યો. તાજા જન્મેલા બાળકને લઇને ચન્દ્રશેખર રવાના થયો. માદરે વતન પહોંચ્યો. પત્ની યશોમતીના હાથમાં બાળકને મુકીને કહ્યું : 'આને પુત્રની જેમ ઉછેરજે.' બિચારી યશોમતી! ખાનદાન ઘરની આ રાણી પોતાની વ્યથા કોને જઇને

કહે ? પોતાના પતિ - નણંદની આ પાપલીલાની ફરિયાદ એ કોને કરવ
જાય ? પતિના વિરહમાં આંસુ સિવાય એને કોનો સાથ હતો ?

તાજા જન્મેલાં બાળકને સોંપીને ચન્દ્રશેખર પાછો પોતાન
પાપાચરણના કાદવમાં ગરકાવ થઇ ગયો.

યશોમતીએ મનને મનાવ્યું. નસીબ મારાં! એણે બાળ ચંદ્રાંક
ઉછેરવામાં મન પરોવ્યું. નાનો મજાનો બાળ, એને રમાડવામાં, જમાડવામ
એનો સમય પૂરો થતો...

વખતને વીતતાં ક્યાં વાર લાગે છે? ચંદ્રાંકે હવે યૌવનના ઉંબ
પગ મૂકી દીધો છે. યશોમતી એના ઘાટીલા ગૌરવર્ણના દેહને જુએ છ
અને મનમાં મૂંઝાય છે.... વર્ષોની અતૃપ્તવાસના એને ચંદ્રાંક ઉપર મોહિ
કરે છે.

ચંદ્રાંક તો યશોમતિને સગી જનેતા સમજે છે. એના દિલમાં કો
પાપ નથી. જ્યારે યશોમતીના જિગરમાં વાસનાના ઈંધણ જલી રહ્યા છે...

એક દિવસ એ ઈંધણમાંથી ભડકો થયો...! એ ચંદ્રાંક પાસે અણ
છાજતી માંગણી કરી બેઠી !

'અરે ! મા, તમે આ શું કહો છો ?'

'જો, ચંદ્રાંક ! હું તારી મા નથી, તું મારો દિકરો નથી.'

'તો મારી જનેતા કોણ અને ક્યાં છે ?હું અહીં કેવી રીતે આવ્યો?
ચંદ્રાંકના પ્રશ્નોમાં અપાર જિજ્ઞાસા હતી.

યશોમતીએ રહસ્ય ઉપરથી પડદો હટાવી દીધો. સાચી બીન
જાણતાં જ ચંદ્રાંક મૂઠી વાળીને નાઠો... 'હું તો જાઉં છું. મારા અસલ
માત-પિતા પાસે.'

મહારાજા મૃગધ્વજ રાજસભામાં બેઠા છે. ચંદ્રાંક ત્યાં આવે છે. એને જોતાં જ રાજાને કંઇક અદમ્ય લાગણીઓ ઉભરાઇ આવે છે. ચન્દ્રશેખરને ખબર મળી કે ચંદ્રાંક અહીં આવ્યો છે.

એને દેવવાણી યાદ આવી. હવે ભંડો ફુટ્યો જ સમજો. એ ભાગ્યો મૂઠીઓ વાળીને...

ચંદ્રાંકે પિતાના ચરણોમાં નમસ્કાર કર્યા, બધી વાત કરી.

મહારાજા મૃગધ્વજ તો હચમચી ગયા !

પગ નીચેથી ધરતી સરકતી હોય તેવું લાગ્યું.. !

શું મારી રાણી ચંદ્રાવતી આવી છે ?

કોઇ નહી ને પોતાના સગા ભાઇ જોડે જ...?

અહાહાહા ! શું સંસાર આવો જ છે ?

શાસ્ત્રકારો તો હંમેશાં કહેતા આવ્યા છે ‘દુક્ખ રુવે, દુક્ખ ફલે, દુક્ખાણુ બંધે...’

દરિયાનું પાણી કાંઠેથી ચાખો કે મધ-દરિયામાંથી... સપાટીનું ચાખો કે.... તળિયાનું... એ ખારું ખારું ઝેર જેવું જ હોય, તેમ સંસારનું સ્વરૂપ દુઃખમય, દુઃખફલક અને દુઃખાનુબંધિ.

ધિક્કાર છે આવા સંસારને !

મહારાજા મૃગધ્વજે વિરાગની વાટ પકડી.

અગાર મટી અણગાર બન્યા...!

આત્માની સાધના કરવાનું એમણે જીવનવ્રત લીધું.

મૃગધ્વજનો મોટો દિકરો શુકરાજ મૃગધ્વજનો ઉત્તરાધિકારી બન્યો. થોડા સમયમાં એક પરાક્રમી રાજવી તરીકેની એની કીર્તિ દૂર દૂર ફેલાઇ ગઇ.

રાણી ચંદ્રાવતી હવે રાજમાતાનું પદ પામી છે...પણ એને એ
પદમાં રસ નથી. એને ખપે છે ચંદ્રશેખર જોડે ભોગવિલાસ... ચંદ્રશેખ
ભાગી જતાં એ કામાગ્નિમાં બળી રહી છે.

જંગલમાં પહોંચેલા ચંદ્રશેખરની હાલત પણ એવી જ છે.... જ
બિન મીન પિયાસી....

એને લાજ નથી, શરમ નથી, પલાઠી વાળીને બેસી ગયો નાસા
નેત્રો... અને યક્ષનો જાપ... ફરી દૈવી શક્તિનું અવતરણ થયું.

'માંગ માંગ'....

'શુકરાજનું રાજ મારે જોઈએ. એ મળે એટલે મારી ચંદ્રાવત
મને મળી જાય. ન રોક ન ટોક, હું મારી વાસનાને સંતોષી શકું' ..

'શુકરાજની સામે લડવાનું તારું ગજું નથી... પણ, શુકરા
બહાર જાય ત્યારે તું એનું રૂપ કરી એની જગ્યા પચાવી પાડ...' દૈ
શક્તિએ ઉપાય બતાવ્યો.. રૂપપરાવર્તિની શક્તિ આપી.

હવે શુકરાજ ક્યારે બહાર જાય એની ચંદ્રશેખર કાગડોળે રા
જુએ છે.

એને ઘણી રાહ જોવી ન પડી.

શુકરાજ પોતાની બન્ને રાણીઓ સાથે વિમાનમાં બેસીને યાત્ર
કરવા ઉપડ્યો....ઘરરર....અવાજ સાથે વિમાન આકાશ માર્ગે રવા
થયું અને ચન્દ્રશેખર શુકરાજનું રૂપ કરીને નગરમાં આવ્યો...

આવતાની સાથે એણે રાડારાડ ને ચીસાચીસ કરી મુકી, કોઈ દુ
વિદ્યાધર મારી બન્ને રાણીઓનું અપહરણ કરીને ભાગી ગયો ! હા
રે !...મારી રાણીઓ !' કોઈને ખ્યાલ ન આવ્યો કે આ નકલી શુકરા
છે..! સોના કરતાં કાંસુ ઘણો અવાજ કરે છે...

અસલ કરતાં નકલનો ડોળ વધારે હોય છે... નકલી શુકરાજે રાજ-કાજ સંભાળી લીધા.

હવે એ લોકનજરે રાજા છે.

એને હવે ચંદ્રાવતીના મહેલમાં જતાં કોણ રોકે ?

દિકરો મા પાસે જાય.તેમાં શંકા પણ કોને પડે?

પણ, ચોરના પગ કાચા હોય છે.

અસલી શુકરાજ આવશે ત્યારે શું ?

એણે કેટલીક વ્યૂહ-રચના ગોઠવી રાખી હતી.

એક દિવસ આકાશમાં ફરી વિમાનની ઘરઘરાટી સંભળાઈ... અસલી શુકરાજે નગરની બહાર ઉતરાણ કર્યુ.

નકલી શુકરાજે હોબાળો મચાવ્યો...'મારી રાણીઓનું અપહરણ કરનાર દુષ્ટ પાછો આવ્યો છે. એ ધૂતારાએ મારા જેવું જ રૂપ ધારણ કર્યું છે. એની ઈચ્છા આ રાજગાદી પણ પચાવી પાડવાની છે. મંત્રીઓ! તમે જલ્દી એની પાસે જાવ, એને કહી દો... મારી રાણીઓ તે હરી લીધી છે. હવે મારે પાછી નથી જોઈતી.. પણ, તું અહીંથી ચાલ્યો જા...'

'મંત્રીઓએ અસલી શુકરાજને એ જ વાત કરી,' 'પણ, હું જ શુકરાજ પોતે છું.' અસલી બરાડી ઉઠ્યો... મંત્રીઓ કહેઃ 'અસલી શુકરાજ તો નગરમાં જ છે. આપ બનાવટી છો. અહીંથી ચાલ્યા જાવ.'

મંત્રીઓના મોંઢેથી આવી વાત સાંભળીને શુકરાજના આઘાતનો પાર ના રહ્યો !

એને નીતિ વાંક્ય યાદ આવ્યું.'રાજ્ય,ભોજન, શય્યા સુનાં ન રાખવા નહીં તો એને કોઈને કોઈ પચાવી પાડે.'

રાજ્ય સુનું મુકીને જવાની મોટી ભૂલ કરી, હવે એને કોઈ અસલ માનવા તૈયાર નથી.

કદાચ બળથી પેલાં નકલીને પોતે હટાવે તો પણ નકલીનો આરો તો હટવો મુશ્કેલ હતો.

અત્યારે તો અહીંથી ચાલ્યા જવામાં જ શાણપણ છે. એમ વિચા અસલી શુકરાજે વિમાનને આકાશમાર્ગે રવાના કર્યું.

અસલી શુકરાજને ભારે આઘાત લાગ્યો છે. કળ વળતી નથ બન્ને રાણીઓના આંસુ સુકાતાં નથી... રાજારાણીને નિર્વાસિત બનવું એ કંઈ જેવી તેવી વાત છે !

છ મહીના બેચેનીમાં જંગલમાં વીતાવ્યા... એક દિવ વિમાનમાર્ગે સૌરાષ્ટ્ર તરફ પ્રયાણ કર્યું. અચાનક વિમાન ડોલવા લાગ્ અરે ! આ વળી નવી ઉપાધિ !

વિમાન નીચે ઉતાર્યું.

જોયું તો સામે જ એક કેવલી ભગવંત સુવર્ણ કમળ પર બિરાજમા છે. ભાવિક લોકો ઉત્કંઠિત હૈયે દેશના સાંભળે છે.

શુકરાજ નજીક પહોંચ્યો... અરે આ તો મારા પિત મુનિરાજ....! મૃગધ્વજ કેવળીને વંદન કરતાં કરતાં શુકરાજ રડી પડ્યો..

સર્વજ્ઞ ભગવંતથી કશું અજાણ ન હોતું....તેઓએ મીઠા સ્વ કહ્યુ : 'શુકરાજ ! સંસાર આવા છળ-કપટોથી ભરેલો છે ! સંસાર સુખમ લાગે કે દુઃખમય... એ છોડવા જેવો જ છે...'

શુકરાજમાં હજુ પૂરેપૂરો વૈરાગ્ય પ્રગટ્યો નથી, એટલે એ ક છે 'પણ, આપ જેવા પિતા કેવલી ભગવંત હોતે છતે શું મારી આવી અવદશ થાય ?

મૃગધ્વજ કેવલી ભગવંત કહે : 'ભાઇ, ધર્મ જ શ્રેષ્ઠ મંગલ છે અને અહીંયા જે નજીકમાં જે વિમલાચલ ગિરિ છે તે અતિપવિત્ર છે. એના કાંકરે કાંકરેથી અનંતા આત્માઓએ સિદ્ધશિલાની વાટ પકડી છે.

શુકરાજ ! તને યાદ નહીં હોય પણ આ તીર્થના દર્શન માટે આગળના ભવમાં તેં જાનની બાજી લગાવી દીધી હતી.'

કેવલી ભગવંતની વાત સાંભળીને શુકરાજ બોલી ઉઠ્યો : 'પ્રભો! મેં કેવી રીતે જાનની બાજી લગાવી હતી ? પ્રભો, મને વિગતે માંડીને વાત કરવા કૃપા કરો.'

કેવલી ભગવંતે ભૂતકાળના ભવોની વાત શરૂ કરી.

"આગળના ભવમાં તું જિતારિ નામે રાજા હતો. તારી બે રાણીઓ હંસી અને સારસી. એકવાર આ. શ્રુતસાગરસૂરિની નિશ્રામાં નિકળેલા વિમલાચલના છ'રીપાલક સંઘના દર્શન થયા. સૂરિજીના મુખેથી તેં શાશ્વતગિરિનો મહિમા સાંભળ્યો અને એ પણ જાણ્યું કે આ તીર્થનું એક નામ 'શત્રુંજય' પડનાર છે અને તે નામકરણ તારા હાથે જ આગામી ભવમાં થનાર છે'...

આ બધું સાંભળ્યા પછી તું શ્રી સિદ્ધાચળ તીર્થના દર્શન કરવા અત્યંત લાલાયિત થઇ ગયો અને તેં તરત જ દૃઢ નિર્ણય જાહેર કર્યો કે હવે સિદ્ધાચળના દર્શન પછી જ અન્નપાણી ગ્રહણ કરીશ. તારી બે રાણીઓએ પણ તારું અનુકરણ કર્યું.

તારા સિંહ નામના મંત્રિએ કહ્યું : 'સિદ્ધાચળ બહુ દૂર છે... માટે આવો નિયમ ન લ્યો'...

આચાર્ય ભગવંતે પણ કહ્યું કે - 'તમે સહસા નિયમ લઇ લીધો છે. ફેર વિચાર કરી શકો છો'....

પણ તેં નિર્ણયને અફર રાખ્યો.

સાહસ હોય ત્યાં સિદ્ધિ આવી મળે છે.

તારા સાહસથી ગોમેધ યક્ષ પ્રસન્ન થયો. સિંહ મંત્રીને સપનું આવ્યું. 'ચિંતા ન કર. કાલે સિદ્ધાચળના દર્શન થશે.'

બીજા દિવસે દેવે વિકુર્વેલા તીર્થના દર્શન યાત્રા કરી તેં પારણું કર્યું.

એ જ પર્વતની તળેટીમાં તેં વિમલપુર નગર વસાવ્યું. ત્યાં ભવ્ય જિનાલય બંધાવ્યું. એ જિનમંદિરના શિખર ઉપર એક પોપટ રોજ બેસતો. તને એના પર ઘણી પ્રીતી.

છેલ્લે તેં અણસણ આદર્યું. અંતકાળે ચિત્તમાં પોપટના વિચારો આવ્યા. મરીને તું પોપટ થયો.

પોપટના ભવમાં પુનઃ અણસણ કરી તું શુકરાજ બન્યો છે"....

કેવલી ભગવંતની વાણીએ પૂર્વભવના પડદા હટાવી દીધા. શુકરાજને જાતિ-સ્મરણ જ્ઞાન થયું. સિદ્ધાચળની એક ગુફામાં શુકરાજ ધ્યાનમાં બેસી ગયો. આયંબિલનો તપ, સિદ્ધાગિરિનો જપ... છ મહિને તેજના પૂંજથી ગુફા ઝળાહળાં થઇ...

શુકરાજ સમજી ગયો કે કામ પૂર્ણ થયું. એ આદેશ્વર દાદાને નમીને માદરે વતન પહોંચ્યો.

ગોત્રદેવીએ બનાવટી શુકરાજ ચન્દ્રશેખરને કહી દીધું સાવધાન, હવે અસલી શુકરાજ આવે છે. તારો નકાબ હવે ટકવાનો નથી.

શુકરાજ આવ્યો. સહુએ જયજયકાર કર્યો. રાજ્ય સંભાળી લીધું.

જે ગિરિના પ્રતાપે રાજ્ય પાછું મળ્યું એ ગિરિને ભેટવા એ પોતાના વિશાળ પરિવાર સાથે રવાના થયો. આ વખતે સાથે ચન્દ્રશેખર પણ હતો.

સહુ આદેસર દાદાને ભેટ્યા.

ગિરિની પાવનછાયાએ ચન્દ્રશેખરનું માનસ પરિવર્તન કરી દીધું. એને પોતાના દુષ્કૃત્યનો ત્યારે પસ્તાવો થયો. એ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યો.

મૃગધ્વજ કેવલીના ચરણોમાં જીવન સમર્પણ કર્યું. સંયમ મેળવી સાધનાની ધૂણી ધખાવી.

પતિતપાવન ગિરિની છાયામાં કૈવલ્ય લક્ષ્મી વરી.

પાપી પણ પાવન થઇ ગયો !

શુકરાજે એ ગિરિના પ્રભાવે શત્રુપર જય કર્યો એટલે એણે એ ગિરિનો બુલંદ જયનાદ ગજવ્યો.

જય શત્રુંજય જય

ચારે બાજુથી પડઘા પડ્યા.

જય શત્રુંજય ! જય શત્રુંજય.

❖ ❖ ❖

૨ - અજબ સંયમી !

જગદ્ગુરુ હીરવિજયસૂરિજી અમદાવાદ કાલુપુરમાં પધાર્યા. શ્રાવકોની અનુજ્ઞા લઇ ઉપાશ્રયમાં ઉતર્યા.

પૂજ્યશ્રી સંયમધર્મની દરેક મર્યાદાનું પાલન કરવામાં સજાગ હતા. પાંચ મહાવ્રતોની પચીસે ય ભાવનાનું સતત રટણ તેઓશ્રીના હૃદયમાં ઘૂમરાયા કરતું હતું.

વસતિમાં પોતાને ક્યાં સુધીનો અવગ્રહ આપવામાં આવ્યો છે એની સ્પષ્ટતા શય્યાતર જોડે કરી લેવાની શાસ્ત્ર-આજ્ઞા છે.

સૂરિજીએ ઉપાશ્રયમાં બનાવેલા એક ગોખલો જોઈ શ્રાવકોને પૂછ્યું : 'અમે આ ગોખલાનો ઉપયોગ કરી શકીએ ?'

ભક્તિ ઘેલા શ્રાવકે કહ્યું : 'અરે ! સાહેબજી ! એમાં રજા શું લેવાની હોય ! આ ગોખલો તો ખાસ આપના માટે જ બનાવડાવ્યો છે. આપ આ ગવાક્ષમાં બેસીને વ્યાખ્યાન આપો એટલા માટે જ આપની પધરામણી થાય એ પહેલાં જ બનાવીને તૈયાર કર્યો છે.'

સૂરિજી ચમક્યા 'હેં ! અમારા માટે જ બનાવ્યો છે ?'

'હા, હા,' ભોળા ભટ્ટ શ્રાવકે ખોંખારો ખાઈને કહી દીધું.

જિનાજ્ઞાના ચૂસ્ત હિમાયતી સૂરિદેવે કહી દીધું : 'અમારા માટે બનાવેલ ગોખલાનો ઉપયોગ અમે હરગીજ નહીં કરીએ' અને પાટ ઉપર બેસીને જ સૂરિજીએ વ્યાખ્યાન આપ્યું.

સહુ સૂરિજીની આચાર-શુદ્ધિને નત મસ્તકે વંદી રહ્યા.

❀ ❀ ❀

૩ - અજબ તિતિક્ષા

તે વખતે જગદ્‌ગુરુ ઉનામાં બિરાજમાન હતા.

સૂરિજીના કમરના ભાગમાં ગુમડું થયેલું.

સામાન્ય રીતે ચિકિત્સા કરવી અનાચીર્ણ છે. સૂરિજીએ ગુમડાંની ઉપેક્ષા કરી. ગુમડું વકર્યુ. પાક્યું ને પીડા કરવા લાગ્યું.

દેહના સ્તર ઉપર ભારે પીડા પણ મન પ્રસન્નતાના સાગરમાં.....

પ્રતિક્રમણ પછી એક ભક્તિમાન શ્રાવક સૂરિજીની કમર દબાવવા લાગ્યો. એની આંગળી ઉપરનો વેઢ વકરેલા ગુમાડા ઉપર આવ્યો. ગુમડ્યું ફુટ્યું. વેદના પારાવાર...પણ...સમતા અપાર.

ઉહકારો પણ ન કર્યો....

સવારે પડિલેહણ વખતે લોહીવાળાં કપડાં જોયા ને મુનિ સોમવિજયજી ચમકી ઉઠ્યા ! 'આ શું ?'...તપાસ કરી તો કમર ઉપર મોટુંમસ ગુમડું....'અરે ! ગુરુજી !... આટલું મોટું ગુમડું થયું ને આપે અમને કહ્યું પણ નહીં ?'...

મંદ મંદ હસતાં સૂરિજી કહે : 'હોય શરીર છે તો કોઈવાર એના પર ગુમડું પણ થાય !

મેતારજમુનિને ગજસુકુમાર જેવા મહાત્માઓની પીડા પાસે આ તો કશું નથી !'

પેલા શ્રાવકને જ્યારે જાણ થઇ ત્યારે એને ખૂબ પસ્તાવો થયો.

સૂરીશ્વરની તિતિક્ષાને એ મનોમન વંદી રહ્યો.

❖ ❖ ❖

૪ - સ્વપ્ન થયું સાકાર

ત્યારે જગદ્ગુરુ સિરોહિમાં બિરાજમાન હતા.

એક રાત્રે સૂરિજી એક સુંદર સ્વપ્ન જોઇને જાગ્યાં.

કેવું સ્વપ્ન ! હાથીના નાના નાના ચાર મદનિયા સૂંઢથી પુસ્તકના પાનાં ફેરવે છે.... ભણે છે.

વાહ અદ્ભુત સ્વપ્ન! સૂરિજીના હૈયામાં આનંદના ઓઘ ઉછળે છે. કોઇ અગમ્ય આનંદ... આવું સુંદર સ્વપ્ન...

વિચારતાં વિચારતાં....સૂરિજીને લાગ્યું ચાર શિષ્યો થશે અને તે શાસનના પ્રભાવક બનશે. એવું આ સ્વપ્ન સુચવે છે.

અને ટુંક સમયમાં જ આબૂ પાસેના રોહ ગામના શ્રીવંત શેઠ સપરિવાર દીક્ષા લેવા સૂરિજીના ચરણોમાં ઉપસ્થિત થયા.

શેઠના ચાર પુત્રો, પુત્રી, શેઠાણી, શેઠના બેન-બનેવી અને ભાણેજ...કુલ દસ દીક્ષાઓ સાથે થઇ. આમાં શેઠનો ત્રીજા પુત્ર આચાર્ય વિજયાનંદસૂરિ તરીકે પ્રસિદ્ધિ પામ્યા.

● ● ●

સિરોહીમાં બીજો પણ એક અસાધારણ પ્રસંગ બન્યો.

વરસિંઘ નામના યુવાનના લગ્નની તૈયારી ચાલતી હતી. મંડપો, તોરણો, બંધાઇ ગયેલા. મીઠાઇ અને ફરસાણ તૈયાર થવા માંડ્યા. સગાં-વહાલાંની અવર-જવર દોડ-ધામ ચાલુ હતી.

વરસિંઘ આરાધનાપ્રિય હોવાથી રોજ સવારે પ્રતિક્રમણ કરવા ઉપાશ્રયે જતો. ઠંડીના કારણે સફેદ કાંબળી ઓઢેલી હોવાથી ભૂલથી વંદન કરવા આવેલ કેટલીક બહેનોએ વરસિંઘને વંદન કર્યું.

અને એ બહેનોમાં વરસિંઘની ભાવિપત્ની પણ હતી.

એક શ્રાવકે આ જાણ્યું અને મજાકમાં કહ્યું : વરસિંઘ હવે તારાથી લગ્ન નહીં કરી શકાય !'

'કેમ ?'

'કેમ શું...આ...જેને તું પરણવા માંગે છે એ તો તને ઇચ્છામિ ખમાસમણો... કરી ગઇ, તને ક્ષમાશ્રમણનું સંબોધન કર્યું..શાતા પૂછી...ભાત-પાણીના લાભ દેવા વિનંતી કરી...હવે તું એના ત્યાં ઘોડે ચડીને પરણવા જાય તે કેમ ચાલે ?'

બસ પત્યું. તેજીને ટકોર...વરસિંઘે નિર્ણય કર્યો...પોતે દીક્ષા લેશે...

માતા-પિતા વગેરે સ્વજનો તો લગનના લ્હાવા લેવાની બધી તૈયારીઓ કરી ચૂકેલા...એ કંઇ રજા આપે ?

પણ વરસિંઘ બેસી ગયો ઉપવાસ ઉપર. ખાવું પીવું બંધ.

કાર્યં સાધયામિ વા દેહં પાતયામિ અને વરસિંઘનો વિજય થયો. રજા મળી.

લગ્ન માટે બાંધેલા મંડપો દીક્ષાના પ્રસંગમાં કામ આવ્યા. લગ્નપ્રસંગ માટે કરેલી મીઠાઇ દીક્ષા પ્રસંગે સાધર્મિક ભક્તિમાં કામ આવી.

જગદ્‌ગુરુના વરદહસ્તે રજોહરણ પામીને વરસિંઘ ધન્ય ધન્ય બની ગયો.

અગ્નિને ફેરા ફરવાના બદલે ચઉમુખ-જિનબિંબને પ્રદક્ષિણા દીધી.

કોડીલી કન્યાના કંથ બનવાના બદલે સાધનાનો પંથ સ્વીકાર્યો.

પત્નીના ચરણે જીવન સ્વાહા કરવાના બદલે ગુરુના ચરણે સમર્પણ કરી દીધું.

એક ઇતિહાસ રચાઇ ગયો !

જ્ઞાન-ધ્યાન-સાધનાના પંથે આગળ વધી વરસિંઘમુનિ પંન્યાસ પદને પામ્યા....

એક-બે નહીં પૂરા એકસો આઠ શિષ્યોના ગુરુ બન્યા...

નાનકડી ઘટના અને મોટકડું પરિવર્તન.

❖ ❖ ❖

૫ વેરની વસુલાત

ઇસ્વીસન ૧૯૭૧ની ઘટના છે.

જગદ્‌ગુરુ શંકરાચાર્યનું શિવગંજમાં આગમન થયું હતું. ભવ્ય શોભાયાત્રાની તડામાર તૈયારીઓ ચાલી.

હાથી ઉપર બિરાજીને શંકરાચાર્યજી શિવગંજની બજારમાંથી પસાર થયા ત્યારે ઢોલ-ત્રાંસા અને જયનાદોથી આકાશ ગાજી ઉઠેલું.

ચિક્કાર મેદની વચ્ચેથી ગજરાજ ધીમે ધીમે આગળ વધી રહ્યો હતો. અચાનક એની નજર એક દુકાનમાં બેઠેલા હંસરાજ નામના શ્રાવક ઉપર પડી અને...

ડાહ્યા ડમરા અને શાંત-સ્વસ્થ હાથી ઉપર વેરનું ઝનૂન સવાર થયું. કયા જનમનું વેર હશે એ તો જ્ઞાની જાણે પણ બીજા કોઇને હેરાન ન કરતાં હાથીએ સૂંઢ લંબાવી હંસરાજજીને પકડ્યા.

મહાવતે હાથીને વારવા મરણિયા પ્રયાસો કર્યા. અંકુશો મારી મારીને હાથીના ગંડસ્થળને રક્તભીનું કરી નાંખ્યું. પણ વેરનો બદલો લેવાનો નિર્ણય ગજરાજે કરી નાંખ્યો હતો. અંકુશ અને મહાવતને બિલકુલ ગણકાર્યા વિના પગ નીચે દબાવી નિર્દય રીતે કચડી નાખ્યા.

થોડી વારમાં પ્રાણ પંખેરું ઉડી ગયું.

વેરની વસુલાત કરીને હાથી આગળ વધ્યો.

વેરના વિપાકો કેટલા ભયંકર હોય છે. અને ક્યારે ક્યાં અને કઇ ગતિમાં એનો ભડકો થાય છે તે ખબર પડતી નથી.

વેર ન બાંધવા તે ઉત્તમ છે. બંધાઇ ગયા તો ક્ષમાપના કરી લેવી એ જ શ્રેષ્ઠ માર્ગ છે.

❀ ❀ ❀

૬ મહાજનની ખુમારી

ઉદયપુરના નરેશ પ્રજાવત્સલ રાજવી હતા.

બધી રીતે ગુણીયલ રાજવીમાં એક અપલક્ષણ હતું.

સોનાની થાળીમાં લોઢાની મેખની જેમ આ ખાનદાન ઘરાનાના રાજવીના જીવનમાં એક વારાંગનાએ પ્રવેશ કર્યો.

હાવભાવ ચેન-ચાળા ને પ્રેમના દેખાડો કરવાના સંસ્કારો તો ગણિકાની ગળથુથીમાં હોય જ.

અને મહારાજા ખાનદાન ઘરાનાની રાણીઓને છોડી નન્નીજાન નામની વેશ્યાના લટ્ટુ બનવા લાગ્યા.

લોકો કહે છે 'પ્રેમ આંધળો હોય છે.'

'ઈશ્ક ન જુએ જાત-કજાત.'

'અને કામીનો અંધાપો પણ એવો કે એનો જોટો ના જડે. ઘૂવડને દિવસે અંધાપો, કાગડાને રાત્રે અંધાપો, કામીને છતી આંખે હંમેશાં અંધાપો.'

મહારાજા નન્નીજાનની આંખે જ જોવા માંડ્યા. એ કહે રાત તો રાત, દાડો તો દાડો.

ઘણાં લોકોને મહારાજાની આ કુટેવ ગમી નહીં. પણ, વાઘને કોણ કહે તારું મોં ગંધાય છે.

એક દિવસ વેશ્યા નન્નીજાન કહે : 'તમે હાથી ઉપર બેસી રાજસવારીએ નીકળો છો. નગર આખાની સલામી ઝીલો છો. આજે મારે પણ તમારી જોડે અંબાડી ઉપર બેસવું છે. બે બાજુ ચામર ઢળાય હજારો લોકો લળીલળીને પ્રણામ કરે...મારો વટ પડી જશે.'

વિવેકનો છાંટો પણ બચ્યો હોય તો કોઈ માણસ વેશ્યાની સાથે જાહેરમાં આવવાની વાત સ્વીકારે જ નહીં. પણ કામાંધને અને વિવેકને

બાર ગાઉનું છેટું ! ઢોલ-વાજા સાથે રાજસવારી રાજમાર્ગ પરથી પસાર થવા માંડી. રાજસવારી આવે એટલે દરેક નાગરીકે કામ-ધંધો છોડીને રસ્તા ઉપર આવી રાજાને સલામ કરવી જ જોઈએ. આ એક પુરાણો શિરસ્તો છે એનો ભંગ કરવો એ રાજાનું અપમાન ગણાતું.

નગરજનોને રાજમાર્ગ ઉપર આવતાં હાથી ઉપર રાજાની બાજુમાં બેઠેલી ગણિકા આંખમાં મરચા જેવી ખટકતી પણ શું કરે ? લોકો સલામી આપી આપીને ઘર ભેગા થવા માંડ્યા.

વીરચંદશેઠ ઉદયપુરના અગ્રણી મહાજન એમને ખબર પડી કે રાજસવારીમાં રાજા જોડે વેશ્યા બેઠી છે. એમના ગુસ્સાનો પાર ન રહ્યો. શિરસ્તાની ઐસી-તૈસી, આવા રાજાને સલામી શાની ?

વીરચંદશેઠ દુકાનની ગાદી ઉપર બેસી રહ્યા.

સામાન્ય માણસની ગેરહાજરીની નોંધ ન પણ લેવાય.પણ આવડા મોટા અગ્રણી શેઠ સલામી કરવા ન આવ્યા. અને ગાદી ઉપર બેસી રહ્યા એ વાત રાજાના ધ્યાનમાં પણ આવી ગઈ.

ઘણાં નગરજનોએ પણ જોયું કે શેઠે સલામી નથી કરી. આજે કંઈક નવા-જૂની થશે અને એમ જ થયું થોડીવારમાં વીરચંદશેઠને રાજદરબારમાંથી તેડું આવ્યું.

શેઠ તો જરાય ગભરાયા વિના રાજદરબારમાં પહોંચ્યા. હેકડેઠઠ ભરાયેલા દરબારમાં શાંતિ પથરાઇ ગઈ. બધા હવે શું થાય છે એ જોવા આતુર હતા.

મહારાજા : 'શેઠ તમે આજે સલામી કેમ ન કરી ? તમારા જેવો માણસ પ્રણાલીનો ભંગ કરે એ કેમ ચાલે ?

તોપમાંથી ગોળા છુટતા હોય એવા ધડાકા સાથે વીરચંદ શેઠ ગર્જ્યા: 'મારો ધણી એક રખડેલી રાંડને પડખામાં લઈને બેઠો એ દશ્ય મારાથી જોઈ શકાયું નહીં. શરમનું માર્યું મારું માથું ઝૂકી ગયું અને હું વિચારવા લાગ્યો કે રાજ્યપ્રણાલીનો ભંગ રાજાએ કેમ કર્યો ?

ઉદયપુર નરેશ એમ તો ઘણા સમજદાર અને ગુણવાન હતા. એમને પણ સમજાયું કે પોતે ગંભીર ભૂલ કરી નાંખી છે. એમણે તરત પોતાની ભૂલ કબુલી લીધી: 'શેઠ, તમારી વાત તદ્દન સાચી છે. હવેથી આવી ભૂલ કદી નહીં કરું. તમારા જેવા સ્પષ્ટવક્તા મારા રાજ્યમાં છે એનો મને ગર્વ છે. તમને ઘણા ધન્યવાદ !'

❈ ❈ ❈

૭ બુદ્ધિર્યસ્ય બલં તસ્ય

દિલ્હીમાં ત્યારે બાદશાહ અકબરનું શાસન ચાલતું.

એક ડોસીમા અને એમનો એકનો એક દિકરો પણ દિલ્હીમાં રહેતાં.

માજીએ મહેનત-મજૂરી કરી છોકરાને મોટો કર્યો. છોકરો યુવાન વયે પહોંચ્યો. પણ એની ભણવાની લગની ભારે. બુદ્ધિ અને ચતુરાઈ પણ અસાધારણ.

મા કહે કોઈ નાની મોટી નોકરી શોધી લે અથવા નાનકડી હાટડી ખોલી પરચૂરણ ધંધો કર.

પણ, દિકરાને આવા નાના ધંધા કે નોકરીમાં રસ ન હતો.

એ કહે 'મા, નોકરી કરવી તો બાદશાહની કરવી. મુસલમાન બાદશાહનું દિલ જીતવું હોય તો અરબી-ફારસી પણ ભણવું અનિવાર્ય છે. મને થોડો અભ્યાસ કરવા દે. પછી જો જે કે તારા દિકરાનો વટ કેવો પડે છે.'

આ અરસામાં ગુજરાતના કોઇ શેઠ દિલ્હી રહેવા આવ્યા. મોટી હવેલી ખરીદી લીધી.

નોરતાના દિવસો આવ્યા. શેઠે પોતાનો પ્રભાવ વધારવા ગરબે રમવા આવતાં બધાને થાળીની લ્હાણી કરી.

સંજોગવશાત ગરબે રમવા નહીં આવી શકનાર બિમાર કે શોકવાળા ઘરોને પણ શેઠે યાદ કરીને લ્હાણી મોકલી.

પેલા ડોસીમાં પણ બાજુની ગલીના ખૂણામાં રહેતાં હતા. કોઈકે યાદ અપાવી કે આ માજીનું ઘર એક બાકી રહી જાય છે.

શેઠ કહેઃ 'પેલા ડોસીને ?.....અરે ! એમનો છોકરો જુવાનજોધ થયો તો ય કંઇ કમાતો નથી ને આખો દા'ડો ચોપડિયો વાંચ્યા કરે છે તે ને ?.....

ત્યાં કંઇ આપવી નથી. આજે થાળી આપીશું તો કાલે એ ભૂખડી બારસના ત્યાં ખાવાનું પણ મોકલવાની લપ ઊભી થશે...

આજુ-બાજુમાં બધા ઘરોમાં લ્હાણી પહોંચી અને માત્ર પોતાનું ઘર જ ટાળ્યું છે એ જાણી ડોસીમાને થોડું ઓછું આવ્યું....પણ જ્યારે શેઠના શબ્દો ભૂખડીબારસ...વગેરે વગેરે ડોસીમાને કોઇએ સંભળાવ્યા ત્યારે તો ડોસીને ભારે આઘાત લાગ્યો. ડોસીની બન્ને આંખોમાંથી શ્રાવણ ભાદરવાની જેમ આંસુ રેલાવા માંડ્યા.....

એટલામાં દીકરો આવ્યો.

'મા, કેમ રડે છે.'

ડોસીએ બધી વાત કરી.

દીકરો કહે : 'મા, ચિંતા ન કર. હું હવે કમાવા માંડીશ. આજે જ જાઉં છું. કંઇક કમાઇને જ પાછો આવીશ.'

દીકરો ગયો. ક્યાંક પત્થર તોડવાનું કામ મળી ગયું. સાંજે થોડા પૈસા કમાઇને ઘર તરફ રવાના થયો.

આજે જિંદગીની પહેલી કમાણી એના હાથમાં હતી. એનું મગજ પેલા શેઠના મગજમાં ભરાયેલી રાઇ કાઢવા માટે રસ્તો શોધી રહ્યું'તું.

અચાનક રસ્તો મળી આવ્યો. કમાણીના પૈસામાંથી સાકરનો પડો ખરીદ્યો.

શેરીમાં પ્રવેશતાંની સાથે જે મળે તેને સાકરનો ટુકડો આપતાં કહે : 'લો, મોઢું મીઠું કરો.'

'શું નવાજૂની કરી ?'

'મારી સગાઇ થઇ એટલે સાકર વહેંચું છું.'

'કોની સાથે' બધા પ્રશ્ન પૂછતાં.

'હવેલીવાળા શેઠની દીકરી સાથે'

સાંજ પડતા સુધીમાં આજુ-બાજુના બધાં મહોલ્લામાં સમાચાર ફરી વળ્યા કે 'હવેલીવાળા શેઠની દીકરીનું સગપણ માજીના છોકરા જોડે થયું છે.'

બીજા દિવસની સવારથી જેટલા માણસો શેઠને મળે એટલા એક જ વાત પૂછેઃ 'ભલા માણસ, સગપણ ક્યારે કરી નાંખ્યું ? કંઇ ખબર ન પડવા દીધી ?'

આ તો, તમારા જમાઇએ સાકર વહેંચી ત્યારે ખબર પડી.

કોઇ કહેઃ 'શેઠ જમાઇ ઘણાં ચતુર અને હોંશિયાર શોધ્યા હોં !'

અનેક માણસોના મોઢે આ વાત સાંભળીને શેઠને મૂંઝવણ અને આશ્ચર્ય થયા.

શેઠને થયું -હવે આખા મહોલ્લામાં આ વાત ફેલાઇ જ ગઇ છે. આવી બાબતોમાં ઈન્કાર કરવાથી કે ઝગડો કરવાથી વાત વણસી જતી હોય છે.

છોકરી આમેય પારકી થાપણ છે. ડોસીનો છોકરો જો હોંશિયાર હોય તો પછી શ્રીફળને રૂપિયો આપીએ.

શાણા અને ઠરેલ બુદ્ધિવાળા શેઠ સામા પગલે ડોસીના ત્યાં પહોંચ્યા. પેલા છોકરાને કહેઃ 'ભલા માણસ, બધાને સાકર વહેંચી ને મને જ બકાત રાખ્યો?'

છોકરો કહેઃ 'શેઠ બધાને તો ટુકડો સાકર જ આપવાની હોય, પણ આપને તો થાળી ભરીને આપવાની છે. બસ, થાળી આવે એની જ રાહ જોવું છું.'

છોકરાના એક જ વાક્યમાં શેઠે માપી લીધું કે આ કોઇ કાચી માયા નથી. થાળીની લ્હાણીમાં ટોણા માર્યા એ વાત એને જરા પણ ઉશ્કેરાયા વિના અત્યંત માર્મિક શબ્દોમાં કહી દીધી.

શેઠે નક્કી કર્યુ કે માત્ર થાળી જ નહીં શ્રીફળ અને રૂપિયો પણ આપી જ દેવા છે. દિકરી આખર પારકું ધન છે. આવો મૂરતિયો મળતો હોય ત્યારે મોં ધોવા જવું ઠીક નથી.

બીજા દિવસે સગપણની વિધિ થઇ ગઇ.

અત્યંત તેજસ્વી યુવક હવે રાજદરબારમાં જવા લાગ્યો. થોડા દિવસમાં એ બાદશાહનો માનીતો બની ગયો.

કહેવાય છે કે આ જ છોકરો મોટો થઇ બિરબલ તરીકે પ્રસિદ્ધ થયો.

ગમે તેવી મુશ્કેલીમાં ગરમ થયા વિના રસ્તો શોધવામાં આવે તો અંતે સારા વાના થાય છે.

❁ ❁ ❁

૮ આચરણ

ફકીર અબુ અબ્દુલ્લા જુન્નાનું પ્રવચન ચાલુ હતું.

એક શ્રોતાએ પ્રશ્ન કર્યો કે - ત્યાગ એટલે શું ?

પ્રશ્નનો જવાબ આપવાના બદલે ફકીર ઊભા થઈને ચાલતાં થયા.

પ્રશ્ન પૂછનાર ડઘાઈ ગયો. આખી સભા બેઠેલી હોય અને વક્તા સભાખંડની બહાર ચાલ્યો જાય એ આશ્ચર્યજનક હતું જ.

આનું નિમિત્ત પોતે બન્યા એટલે પેલા પ્રશ્નકાર તો રડવા જેવા થઈ ગયા. કિંકર્તવ્ય મૂઢ થઈ ગયા. ઊભા થઈને જવાની તૈયારી કરી.

બીજા અનુભવી શ્રોતાએ કહ્યું : "તમે બેસો. પ્રશ્નનો જવાબ સાંભળીને જ જજો. ફકીર હમણાં પાછા આવશે."

ત્યાં તો ફકીર આવી ગયા.

એમણે કહ્યું: 'ત્યાગનો ઉપદેશ કે વ્યાખ્યા આપવાની ત્યારે મારી લાયકાત ન હતી. ફકીરે તો અકિંચન રહેવું જોઈએ. એટલે બહાર જઈ એક અપંગ માણસને અશરફીઓનું દાન કરતો આવ્યો.'

'હવે ત્યાગ એટલે શું એ હું સમજાવું તો યોગ્ય ગણાય.'

શ્રોતાઓને લાગ્યું કે હજારો શબ્દોથી ત્યાગને સમજાવવા કરતાં જીવનમાં ત્યાગ ઉતારનારની અસર વધુ થાય છે અને જ્યારે આવું જીવંતદૃશ્ય સામે સર્જાય ત્યારે તો એની અસરની શી વાત કરવી ?

"One picture is more than thousand words"

બીજાને ઉપદેશ આપતાં પહેલાં આપણે આચરણમાં ઉતારીએ.

❖ ❖ ❖

૯ વિશ્વાસઘાત મહાપાપ

થોરાવાસ નામનું ગામ છે.

શંકર નામનો શિકારી ત્યાં રહે છે.

ધનુષ્ય ને બાણ લઈ રોજ જંગલમાં જાય અને નિર્દોષ પશુઓનો શિકાર કરે.

એક દિવસ એક હરણીને જોઈ ધનુષ્ય ઉપર બાણ ચડાવ્યું અને નિશાન લીધું....બાણ છોડવાની તૈયારી જ છે.....ત્યાં હરણીને ખ્યાલ આવી ગયો કે મર્યા. આના લક્ષ્યમાં હું આવી ગઈ છું..બચવાનો આરો નથી.

હરણીએ દીન હીન સ્વરે કહ્યું :' હે ભાઈલા, તું મને મારીશ નહીં. હું તાજી વિયાએલી છું. મારા નાના નાના બચ્ચાં મારા વિના માથું પછાડી મરી જશે. સ્ત્રીહત્યા અને બાલહત્યા એમ બેવડું પાપ તને લાગશે.

શિકારી શંકરના પત્થરદિલ ઉપર આવી કાકલુદીની કશી અસર ન થઈ. એ કહેઃ 'પાપ લાગે તો ભલે લાગે. મારે તો આવી હત્યાએ રોજની થઈ. આ તો મારો ધંધો છે. આજીવિકા છે. આ છોડી દઉં તો મારા બૈરાં છોકરાં ભૂખે મરે.'

હવે હરણીએ બીજી વિનંતી કરી. 'તમારે મને મારવી હોય તો ભલે મારજે. પણ એકવાર મને મારા બચ્ચાં પાસે જવા દો. એમને છેલ્લે છેલ્લે ધવડાવી લઉં. છેલ્લું છેલ્લું વહાલ કરીને પાછી આવું....'

'પણ, એકવાર છટકેલી તું પાછી આવે જ શાની ? તારા બોલનો તોલ શો ? એના પર ભરોંસો ન રખાય.' શિકારીએ રોકડું પરખાવ્યું.

'જો હું પાછી ન આવું તો મને બ્રહ્મહત્યા, સ્ત્રીહત્યા અને ગોહત્યાનું પાપ લાગે.'

હરણીએ શિકારીને ભરોંસો પડે એ માટે પ્રતિજ્ઞા કરી.

'એવા હત્યાઓના પાપ કંઈ મોટા પાપ ન કહેવાય. આ દુનિયામાં મોટામાં મોટું પાપ તો આપણો ભરોંસો કરનારને દગો દેવો તે છે. વિશ્વાસનો ઘાત કરવો, આપણી સલાહ લેવા આવેલા માણસને ઊંધે રવાડે ચડાવવા આ દુનિયાનું મોટામાં મોટું પાપ છે. જો આ પાપ તું માથે લેતી હોય તો જવા દઉં.' શંકર શિકારીએ નવી દરખાસ્ત રજૂ કરી.

'ભલે, ભલે, શંકરભાઈ, જો હું પાછી ન આવું તો વિશ્વાસઘાતનું પાપ મને લાગે.'

હરણીએ પ્રતિજ્ઞા લીધી અને કહ્યું : 'હું થોડી વારમાં જ પાછી આવું છું.'

હરણી ગઈ. શરત મુજબ થોડીવારમાં પાછી આવી ગઈ.

શંકરના મનમાં ઉચાટ હતો આવશે કે નહીં, તે શમી ગયો.

શંકરને હરણીએ પ્રશ્ન કર્યો : 'હે શંકરભાઈ ! એક પ્રશ્ન પુછું. મને સાચી સલાહ આપજો. મારે અહીંથી જીવતા હેમ-ખેમ જવું હોય તો મારે શું કરવું જોઈએ ?'

શંકર મૂંઝવણમાં પડ્યો. એ શિકારી હોવા છતાં થોડો ફિલોસોફર પણ હતો. હત્યાનું પાપ એને મન ગૌણ હતું પણ વિશ્વાસઘાતનું પાપ અતિ મહાન હતું.

એણે વિચાર્યુ : હરણી જેવું ક્ષુદ્રપ્રાણી પણ, વિશ્વાસઘાતનું પાપ લેવાને બદલે જાતે મરવા સામે ચાલીને આવી ગઈ. હવે એ મને સલાહ પૂછે કે મારે જીવતાં ઘરે કેમ જાવું, અને માણસ થઈ હું એને સાચો રસ્તો ન બતાડું તો હું તો પશુથી પણ હીન કહેવાઉં.

એણે કહ્યું : હરણી, મારી ડાબી બાજુ થઈને તું ચાલી જા. તારું કલ્યાણ થાઓ. હરણી રવાના થઈ. (કથારત્નાકર કથા - ૬૮)

૧૦ બૃહસ્પતિરવિશ્વાસઃ

સુવર્ણ શૃંખલા નામનું નગર છે.

ધનાવહ નામના અતિશ્રીમંત શેઠ ત્યાં વસે.

શેઠને બે પુત્રો નામે ધનદત્ત અને ધનદેવ. બંને પુત્રો વિનયી પિતૃભક્ત અને સંસ્કારી.

એક વખતની વાત છે.

મહા મહીનાની કડકડતી ઠંડીની અસર વૃદ્ધાવસ્થાએ પહોંચેલા ધનાવહ શેઠના હાડમાં પેસી ગઈ. ડોસા પવનથી પાંદડું ધ્રૂજે તેમ ધ્રૂજવા માંડ્યા.

ભક્તિવાળા દીકરાઓએ તરત ઉપચાર ચાલુ કરી દીધાં. પવન ન આવે એવા ઊંડા ઓરડામાં સુવડાવ્યા. ગરમ વસ્ત્રો પહેરાવ્યાં. સાલ-ધાબળા-રજાઈ વગેરે ઓઢાડી દીધા.

પણ, આ ઉપચારોને ઠંડી ગાંઠતી નથી. ધનાવહ શેઠનું શરીર સતત ધ્રુજ્યા કરે છે. ધનદત્ત-ધનદેવની ચિંતાનો પાર નથી.

એક દિવસ વહેલી સવારે બહાર જંગલ જવા ગયેલા બંને ભાઈઓએ એક આશ્ચર્ય જોયું.

તળાવના કાંઠે માટીની પાળ ઉપર ઠંડા પવનના સુસવાટા વચ્ચે કોઈ બાવા જેવો માણસ સાવ ખુલ્લા દેહે નિરાંતે આરામ કરે છે. ઠંડીની કશી જ અસર એના શરીરને નથી. શરીર પત્થર જેવું અડોલ નિષ્કંપ છે. બાજુમાં એક બકરી.....છે.

ધનદેવ-ધનદત્તની નવાઈનો પાર નહીં ! આ કઈ જાતનો માણસ છે !

ધનદત્તે પૂછયું : 'બાવાજી, તમને ઠંડી નથી લાગતી ?'

નહીં, હમકો બિલકુલ ઠંડ નહીં લગતી. ધનદેવ : 'લેકિન ઈસકા કારણ ક્યા ? હમતો ઠંડસે ધ્રુજ રહે હૈ. હમારે પિતાજી ભી બડે પરેસાન હૈ ઈસ કમબખ્ત ઠંડી સે.'

જમાનાના ખાધેલ બાવાજી બધું સમજી ગયા. શેઠિયા માલદાર છે. એમના ડોસાને ઠંડી ચડી ગઈ લાગે છે. એટલે બાવાજીએ નવી વાત કરી.

'દેખો શેઠ, વૈસે તો હવામેં ઠંડ હૈ તો કોઈ કૈસે બચ શકતા હૈ. લેકિન મેરી પાસ જાદૂઈ બકરી હૈ. યહ બકરી મેરી સબ ઠંડી કો ખા જાતી હૈ.' બકરી સામે આંગળી કરતાં બાવાજીએ પાસો ફેંક્યો.

બંને ભાઈઓને થયું. આ જાદૂઈ બકરી આપણે ખરીદી લઈએ તો પિતાજી તકલીફ મુક્ત બની જાય.

ધનદેવ : 'બાવાજી, આ બકરી અમને ન આપો ? અમાર પિતાજીને બહુ જ ઠંડી લાગી ગઈ છે. દિવસ રાત ધ્રુજ્યા કરે છે. આપ કહો તે કિંમત આપીએ.'

'દેખો વૈસે તો બકરી મેં કીસીકો નહીં દેતા લેકિન આપકા ઈતના આગ્રહ હૈ. કૈસે ઈન્કાર કર શકતા....સિર્ફ દોસો સોનામહોરોમેં મેં આપકો ઈસ મૂલ્યવાન બકરી દે દૂંગા.'

બાપાની તબિયત સુધરતી હોય તો બસો સોનામહોર ખર્ચવામાં વિચાર શું કરવાનો હોય ! બકરીનું મૂલ્ય આપી બકરીને લઈ બંને ભાઈઓ ચાલવા માંડ્યા એટલે બાવાજીએ બીજી વાત કરી.

'દેખો શેઠ, મેરી બકરી આપ કે પિતાજી કી સબ ઠંડી ખા જાયેગી ઈસમેં કોઈ સંદેહ નહી હૈ લેકિન ઈસકી એક શરત હૈ.

જૈસે મૈં યહાં ખુલ્લી હવામેં સોયા હું ; ન કુછ બિછાનેકા, ન કુછ પહેરનેકા, ન કુછ ઓઢનેકા, તભી બકરી ઠંડીકો ખીચ લેગી.'

બંને ભોળા ભાઈઓ બાવાજીની વાતને બ્રહ્મવાક્ય માની બેઠા. ઠંડીથી ધ્રુજતાં ધનાવહ શેઠના પલંગને મહેલના સાતમા માળની અગાસીમાં લઈ ગયા. ઓઢવાનું ખેંચી નાખ્યું. પાથરવાનું પણ હટાવી દીધું. બિચારા ડોસા બૂમો પાડતાં રહ્યા ને છોકરાઓએ શેઠના પહેરેલાં કપડાં પણ કાઢી લીધા.

પલંગ જોડે બાંધેલી બકરીએ કંઈ જાદૂ કે ચમત્કાર ન કર્યો અને ધનાવહ શેઠના રામ રમી ગયા. ધનદેવ-ધનદત્તને સમજાયું કે આપણે બાવાની વાત ઉપર વિશ્વાસ કરીને થાપ ખાધી છે. પણ, અબ પછતાયે હોત ક્યા ? રાંડ્યા પછીનું ડહાપણ શા કામનું ?

(કથારત્નાકરના આધારે)

❀ ❀ ❀

૧૧ બોધિબીજ કેમ મળે ?

બે હતા ચોર. પરસ્પર જિગરી મિત્ર હતા.

ચોરીનું કામ સાથે જ ભાગીદારીમાં કરતા.

એકવાર બંને મુદ્દા માલ સાથે ચોરી કરતાં રંગે હાથે પકડાઈ ગયા.

ગુસ્સે થયેલા રાજાએ ફાંસીએ ચડાવવા હુકમ છોડ્યો.

વધસ્થાને જ્યારે બન્નેને લઈ જવાતા હતા ત્યારે સામેથી આવતાં મુનિરાજો ઉપર બંનેની નજર પડી. ઈર્યાસમિતિ પૂર્વક એક એક ડગલું

માંડતા તપતેજથી ચમકતા ચહેરાવાળા મુનિરાજના દર્શન થતાં જ એક ચોર મનોમન વિચારવા લાગ્યો :

અહા ! ધન્ય છે આવા મુનિઓને લાખ્ખોની સંપત્તિ હામ-દામ-ઠામ છોડી બાવીસ પરિષહોને સહેતાં આત્માનું કલ્યાણ કરી રહ્યા છે. અમારા જીવનને ધિક્કાર છે. જીંદગી આખીમાં એકે ય સુકૃત નથી કર્યું ! પારકાનું ધન હરણ કરી પાપોના પોટલા એકઠાં કર્યા છે. હવે ફાંસીએ ચડી અકાળે કમોતે મરીને કોણ જાણે કેવી દુર્ગતિમાં ફેંકાઇ જઇશું. અહાહા! મનુષ્ય જન્મ પામીને પણ હારી ગયો. આવા મહાત્માઓને લાખ લાખ વંદન.

બીજા ચોરે પણ મુનિના દર્શન કર્યા. પણ એને ન તો મુનિ ઉપર એટલો સદ્ભાવ જાગ્યો કે ન પોતાના દુષ્કૃત ઉપર તિરસ્કાર છુટ્યો. શુભભાવ પણ પ્રાપ્ત થવા ક્યાં સહેલા છે ?

ચોરીના ફળ રૂપે ફાંસીના ફંદે લટકી બંને મૃત્યુ પામ્યા. અલ્પકષાયી હોવાથી, જીંદગીમાં કંઇક દાન-પુણ્ય કરેલા એટલે મરીને કૌશાંબી નગરીમાં વણિક્પુત્રો થયા.

ગત જન્મના સંસ્કારોને કારણે બંનેમાં ગાઢમૈત્રી જામી ગઇ, બંનેની રુચિ-પ્રકૃતિ બધું સમાન હોવાથી લોકામાં 'એકચિત્તયા' તરીકે વિખ્યાત થયા.

એક વખત ત્રણલોકના નાથ ચરમ તીર્થપતિ પરમાત્મા મહાવીર પ્રભુ કૌશાંબીમાં પધાર્યા.

રાજા-અને નગરજનો સાથે 'એકચિત્તયા' મિત્રો પણ સમવસરણમાં આવ્યા. ભગવાનની દેશનાના એક એક શબ્દને અમૃતના ઘૂંટડાની જેમ એક મિત્ર પી રહ્યો છે. જ્યારે બીજો ભારે કર્મી હોવાથી એને મજા નથી આવતી.

ઘરે ગયા પછી પણ પહેલો ભગવાનની દેશનાના ગુણગાન કરતાં થાકતો નથી ત્યારે બીજો કહે : 'આટલા વર્ષમાં આ પહેલી વખત આશ્ચર્ય સર્જાયુ છે કે તને દેશના ગમી અને મને ન ગમી. આવું કેમ બન્યું હશે ?'

પહેલો કહે : કાલે ભગવાનને જ પૂછીશું.

બીજા દિવસે ભગવાને એના પ્રશ્નનું સમાધાન કરતાં કહ્યું : ગયા ભવમાં તેં સાધુની પ્રશંસા કરેલી અને બોધિબીજ મેળવેલું. આને પ્રશંસા ન કરી અને બોધિબીજથી વંચિત રહ્યો.

પહેલાને જાતિસ્મરણજ્ઞાન થયું. આરાધના કરી મોક્ષમાં જશે.

બીજાનું ઠેકાણું ન પડ્યું. ભવભ્રમણ ચાલું રહ્યું. સાધુજીવનની પ્રશંસા કેટલી લાભદાયી છે. થાય તેટલી પ્રશંસા સત્કાર્યો-સજ્જનોની કરીએ. નિંદા તો હરગીજ નહીં.

❀ ❀ ❀

૧૨ માનવ જીવન સફળ કરો

ગંભીર નામના બંદરમાં સિંહવિક્રમ રાજાનું શાસન ચાલતું હતું.

વસુનામના ધર્મિષ્ઠ અને સંસ્કારી,શ્રેષ્ઠિ ત્યાં વસે છે. એમના ધર્મપત્ની વસુકાંતા સુપુત્ર વસુસાર અને પુત્રવધૂ વસુંધરા બધા આનંદ-કલ્લોલથી સમય પસાર કરી રહ્યા છે.

એકવાર વસુશેઠ બિમાર પડ્યા. વૈદ્યોએ દવા કરી પણ રોગ અસાધ્ય જણાયો.

શેઠે પણ ધર્મઆરાધનામાં મન પરોવ્યું.

એક દિવસ શેઠે એકાંતમાં પુત્ર વસુસારને બોલાવીને હિતશિક્ષા આપતાં કહ્યું કે- 'બેટા ! ધર્મ આરાધનામાં પ્રમાદ ન કરતો. બીજું, આ લક્ષ્મી ચંચળ સ્વભાવની છે. દાનધર્મ દ્વારા એને સફળ કરજે. અને ક્યારેય આર્થિક સંકડામણ આવે તો ભોંયરામાં એક તાળાબંધી પેટી છે. એ ખોલજે. તેમાં લખેલો પત્ર વાંચી તે પ્રમાણે વર્તજે.

કાળનું ચક્ર અવિરત ફરી રહ્યું છે. એ કાળચક્રે વસુશેઠના નામ આગળ સદ્‌ગતનું બિરૂદ ઉમેરી દીધું. વસુસારને ધનવાનમાંથી નિર્ધન કંગાળ બનાવી દીધો. 'વસુ વિના નર પશુ' ના નિયમમાં માનતી અને નાણાં વગરના નાથાલાલને 'નાથીયો' કહેનારી દુનિયામાં વસુસારને જીવવું દોહ્યલું બની ગયું.

પિતાજીનું વચન યાદ આવ્યું. ભોંયરામાં જઇ પેટી ખોલી પત્ર વાંચ્યો.

સમુદ્રની અંદર ગૌતમદ્વીપ છે. ત્યાંની ગાયોના છાણને બાળવાથી રત્નો બને છે. રખ્યાથી ભરેલું વહાણ લઇને જવું. રાખ છુટી છુટી પાથરવી. રાત્રે ગાયો બેસે ત્યાં બેસજે. એના પોદળાના છાણ બનાવી વહાણ ભરી ઘરે આવવું.

પત્ર વાંચતા વસુસાર ખુશખુશાલ બની ગયો. છાણા બાળવાથી રત્નો મળતા હોય તો કોટિધ્વજ લહેરાવવામાં વાર કેટલી લાગે ?

પણ, ગૌતમદ્વીપમાં વહાણ લઇને જવું, આવવું વગેરે ખર્ચના આંકડા માંડતા લાખ રૂા.ની આવશકતા ઊભી થઇ. જ્યારે ઘરમાં હાંલ્લા કુસ્તી કરતા હતા. તિજોરી તળિયા ઝાટક સાફ હતી.

વસુસાર બોલવા લાગ્યો. ઉપાય છે, સામગ્રી નથી. બુદ્ધિ છે, વૈભવ નથી. વેપાર કરવો કેવી રીતે ? લોકોને થયું : આનું ખસી ગયું

છે. પણ, રાજાએ આ વાત સાંભળી. એક જમાનાના અગ્રગણ્ય વસુશેઠના છોકરાને જરૂર છે એમ જાણી લાખ રૂપિયા આપ્યા.

વસુસારની આંખોમાં અનેરી ચમક આવી ગઇ.

ફટાફટ સામગ્રીઓ એકઠી કરી. નાવિકોને કહે : 'ગૌતમદ્વીપ લઇ જાવ'. નાવિકો કહે : 'શેઠ ત્યાં કોઇ માણસ નથી. કોની જોડે વેપાર કરશો ?'

વસુસાર કહે: એ પંચાત તમે છોડો.

વહાણમાં જ્યારે રાખથી ભરેલા કોથળાઓ ખડકાવા માંડ્યા ત્યારે બધાને લાગ્યું કે અક્કલનો બારદાન છે. ઉકરડે નાંખવાની ચીજનો વળી વેપાર થતો હશે !

કોઇને પણ ગણકાર્યા વિના વસુસારે હુકમ કર્યો અને વહાણ ઉપડ્યા.

ગૌતમદ્વીપમાં પહોંચી રખ્યા પાથરી. રાત્રે ગાયો ત્યાં બેઠી. સવારે છાણ થાપી છાણા બનાવ્યા. એમ કરતાં કરતાં છાણાનો મોટો સંગ્રહ થયો. વહાણ ભરીને માદરે વતન ગંભીર બંદરે આવ્યો.

લોકો મશ્કરી કરે છે. ભારે જબરો વેપલો કર્યો ! રાખ વેચીને છાણ લઇ આવ્યો. એક લાખ રૂપિયાનું પાણી કર્યુ !

રાજા પણ કહે : 'જા, ભાઇ વસુસાર, તારા છાણાને કરમાંથી માંફી.'

બધા છાણાને ઘરે લાવ્યા. એકાંતમાં બાળી રત્નો બનાવ્યા અંધારામાં અજવાળા કરે એવા રત્નોનો થાળ ભરી મહારાજા સિંહવિક્રમને ભેટ કર્યો. બધી વાત જાણી રાજા ખુશ થયો. મહામંત્રી પદે સ્થાપ્યો. સુખી થયો. આ રૂપક કથાનો ઉપનય આ પ્રમાણે છે.

પિતા વસુ જેવો સંઘ સમજો.

પેટીમાં રહેલા પત્ર જેવા જિનાગમ છે.

રાજાએ આપેલા લાખ રૂા. જેવું મનુષ્ય જીવન છે. રાખથી ભરેલા વહાણ જેવું આ અશુચીમય શરીર છે, અવિવેક સાગર છે, ધર્મ વહાણ છે, ગૌતમદ્વીપ જેવા સદ્ગુરુ છે. છાણા જેવા કર્મ, આગ જેવું શુભધ્યાન અને રત્ન જેવા જ્ઞાન-દર્શન -ચારિત્ર. એના પ્રભાવથી સ્વર્ગ અને મોક્ષના સુખો મળે છે. લાખ રૂપિયા જેવું મનુષ્ય જીવન મળ્યું છે. ચાલો, રત્નત્રયી મેળવી લઈએ. (ધર્મરત્ન કરંડકમાંથી)

❖ ❖ ❖

૧૩ કેશરી ચોર થયો કેવળી

કામપુર નગરમાં વિજયરાજા રાજ્ય કરે છે.

ધર્મઆરાધનામાં તત્પર સિંહદત્ત શ્રેષ્ઠિ ત્યાં રહે છે. આવા ધર્મિષ્ઠ શેઠનો દિકરો કેશરી. બાપ એવા બેટા અને વડ એવા ટેટા કહેવત બધે લાગુ નથી પડતી.

કેટલાક દિકરા તો એવા પાકે છે કે બાપાના દિ'ફર્યા હોય એવું લાગે.

'આના કરતાં પેટે પથરો પાક્યો હોત તો સારું' એવું સગી જનેતાને બોલવું પડે એવા કપૂતો પણ ઘણાં પાકતા હોય છે.

કેશરી પણ કપૂત હતો. સોનાની થાળીમાં લોઢાની મેખ. કેશરીને મોટી કુટેવ ચોરીની. ઘરે દોમદોમ સાહ્યબી પણ ચોરી ન કરે એ દિવસે કેશરીને ખાવું ન ભાવે. દિવસ એળે ગયો લાગે.

સિંહદત્ત શેઠે દિકરાને ઘણી શિખામણ આપી. ચોરી કરવી એ ઘણું ખરાબ કામ છે. આપણે શું ખોટ છે? વગેરે. પણ, બધું પત્થર ઉપર પાણી.....

છેવટે કંટાળેલા શેઠે વિજયરાજાને વાત કરી. શામ-દામથી ન સુધરેલો દિકરો કદાચ દંડથી સુધરે એ આશાએ.

રાજાએ કેશરીને બોલાવી ચેતવણી આપી દીધી. 'જો હવે ચોરી કરી છે તો....દેશનિકાલ કરી દઈશ.'

કૂતરાની પૂંછડી સીધી રહે તો કેશરીની ચોરી અટકે.

રાજાને ખબર પડી કે આ સુધરતો નથી. છેવટે દેશનિકાલ કરી દીધો.

એકલો ને અટૂલો કેશરી ઘોર જંગલમાં આગળ વધી રહ્યો છે. ભૂખ અને તરસ સતાવી રહ્યા છે. તળાવનું પાણી પીધું. જંગલના ફળ ખાધા. પણ ચોરી ક્યાં કરવી ? ચોરી વગરનો દિવસ જાય તે કેમ ચાલે?... સુન-મુન બેઠો છે કેશરી, ત્યાં આકાશમાર્ગેથી વિદ્યાધરં આવ્યો. પાદુકા ઉતારીને તળાવમાં સ્નાન કરવા ગયો. કેશરીએ તક ઝડપી વિદ્યાધરની પાદુકા પહેરીને ભાગ્યો, આકાશમાં ઉડ્યો, બિચારો વિદ્યાધર પણ શું કરે ?

કેશરીના હાથમાં એક નવું શસ્ત્ર આવી ગયું, આકાશગામિની પાદુકા !માંકડાએ દારૂ પીધો હોય અને વીંછી કરડે પછી શું બાકી રહે?

ઉન્મત્ત બનેલો કેશરી રાત્રે આકાશમાર્ગે કામપુરમાં પહોંચ્યો. ઘરે જઈને નિદ્રાધીન પિતાને લાત મારી ઉઠાડ્યા.

નાલાયક, હરામખોર....કેશરીનો ક્રોધ ગાળો બનીને વરસતો હતો. તેં રાજાને ફરિયાદ કરી હતી ને ? લે, એનું ફળ લેતો જા....

સિંહદત્ત શેઠ કંઇ વિચાર કરે એ પહેલાં તો એમના ગળા ઉપર એમના ખુદના કપૂતની તલવાર ફરી વળી ! લોહીના ખાબોચિયામાં તરફડતાં બાપને જોઇને ક્રૂર અટ્ટહાસ્ય કરતો કેશરી ઘરમાં અંદર ઘુસ્યો. તિજોરી તોડી ધન-માલ ચોરી આકાશમાર્ગે રવાના. એ જંગલ,એ તળાવ એ એનું દિવસનું રહેઠાણ. રાત પડે ને કામપુરમાં ઉડીને પહોંચે. રોજ કોઇક ને કોઇક ના ત્યાં ચોરી કરે. સોનું-હીરા-ઝવેરાત. ચોરીનું ધન પુષ્કળ હતું પણ જંગલમાં એને કરવાનું શું ?...

નજીકમાં એક મંદિર હતું ચંડિકા દેવીનું. રોજ રાત્રે ચોરી કરવા જતાં પહેલાં ચંડિકા દેવીના દર્શન કરતો.

હીરા મોતી કે સોનાના દાગીના ચડાવતો અને બોલતો : 'હે માતાજી ! તમારી કૃપાથી ચોરીમાં સફળતા મળો.'

ચંડિકા મંદિરના પૂજારીના ભાગ્ય ઉઘડી ગયા. રોજ પૂજા કરવા જાય ને કંઇને કંઇ મળે. કોઇ દિવસ હાર, ક્યારેક વીંટી, ક્યારેક કંદોરો....

પૂજારીના દેદાર બદલાઇ ગયા, માતાજી ઉપરની એની ભક્તિ પણ વધી ગઇ. સુંદર મજાના રેશમી કપડાં પહેરી સુગંધી ધૂપ-દીપ વગેરેથી એ રોજ પૂજા કરતો.

આ બાજુ કામપુરના નગરજનો રોજ-બરોજની ચોરીથી ત્રાસી ઉઠ્યા. મહાજનોએ ફરિયાદ કરી. રાજાએ કોટવાળને ખખડાવી નાંખ્યો.

કોટવાળ કહે : 'મહારાજ, ચોરનો અમે ઘણીવાર પીછો કર્યો પણ એ આકાશગામી વિદ્યા ધરાવે છે. અમે કઇ રીતે પકડીએ ?' રાજાઃ 'આનો પત્તો લગાડવો જ રહ્યો. પ્રજાની ચિંતા ન કરું તો હું રાજા શા કામનો ?

રાજા ઘોડાપર બેસી જંગલમાં નીકળી પડ્યો. ચંડિકાના મંદિરે પહોંચ્યો ત્યાર પૂજારી પૂજા કરીને બહાર નીકળતો હતો.

રાજા કહે : 'અલ્યા ભાઈ, આવા જંગલમાં તું પૂજા કરે છે... અને આવા કપડાં....આવી સામગ્રી..આ બધું મેળ ખાતું નથી.'

પૂજારી : 'હમણાં કેટલાક સમયથી રોજ સવારે પૂજા કરવા આવું છું ત્યારે હાર કે વીંટી કે કુંડલ...કંઈક ને કંઈક દાગીનો સોના ચાંદી અહીં કોઈકે ચડાવેલા હોય છે. એ મળવાથી મારા દિદાર પલટાઈ ગયા છે. ભાગ્ય આડેનું પાંદડું ખસી ગયું છે.'

'કેટલા સમયથી આવું બધું મળ્યા કરે છે.'

'અઢી મહીના થવા આવ્યા.'

રાજાના મગજમાં થોડો થોડો અંદાજ બેસવા માંડ્યો. મારા રાજયમાં ચોરીનો ઉપદ્રવ શરૂ થયાને પણ અઢી મહિના થવા આવ્યા....

જરૂર એ ચોર જ રાત્રે આ મંદિરમાં આવતો હોવો જોઈએ.

રાત્રે રાજાએ મંદિરની આજુબાજુ સૈનિકો ગોઠવી દીધા. પોતે પણ મંદિરના એક ખૂણામાં છુપાયો.

રાબેતા મુજબ કેશરી ચોર મંદિરમાં આવ્યો. દાગીના માતાજી પાસે ધર્યા અને 'હે માતાજી, આપની કૃપાથી મને ચોરી કરવામાં સફળતા મળો.' એમ કહીને જયાં બહાર નીકળે છે ત્યાં જ રાજાએ ત્રાડ નાંખી નાલાયક, આજ તારી ખેર નથી. મારી પ્રજાના ધન-માલ લુંટનારા ! આજે તને આકરી શિક્ષા કરીશ.

કેશરીચોર એક ક્ષણ તો સ્તબ્ધ બની ગયો. પણ બીજી પળે જ એણે ભાગી છુટવાનો નિર્ણય કર્યો. એને અટકાવવા આવતાં રાજા ઉપર પાદુકાઓ જોરથી ફેંકી.

રાજા ગબડી પડ્યો.

અંધારાનો લાભ લઈ કેશરી ભાગી છુટયો.

વળતી પળે રાજા ઉભો થઇ ગયો.

'પકડો પકડો...ચોર ચોર....'

રાજાનો હુકમ થતાં સૈનિકોએ પણ હોકારા ને પડકારા સાથે દોડોદોડ કરી મુકી.

કેશરીને લાગ્યું કે તે બરોબરનો ફસાયો છે. જેના બળે હજારોને થાપ આપી શકતો તે ગગનગામિની શક્તિવાળી પાવડીઓ હવે રાજાના હાથમાં આવી ગઇ હતી અને એને પકડવા માટે ચારે બાજુ અનેક માણસો દોડા-દોડ કરી રહ્યા છે. ભાગી ને ક્યાં જવું અને કેટલે જવું ?...જીવન-મરણનો ખેલ હતો. અંધારાનો લાભ લઇ ભાગ્યો....પણ પાછળ ઘોડાના ડાબલા ગાજે તબડાક..તબડાક...જાણે યમરાજના પાડાના પગલાં....

મૂંઝાયેલો કેશરી એક ગુફામાં ઘુસ્યો. ગુફામાં એણે જોયા એક મુનિરાજને....શાંત પ્રશાંત....સમતા રસમાં ઝીલતાં...કેશરી મુનિરાજની મુખમુદ્રા જોયા જ કરે....જોયા જ કરે...ચાંદનીના આછા પ્રકાશમાં મુનિરાજની સૌમ્યમુદ્રા અતિ મોહક લાગતી.

'ગુરુદેવ, મને બચાવો.'

મંદ મંદ મધુર સ્વરે મુનિરાજ કહે :

'મહાનુભાવ, બધી ઉપાધિ આપણે જ સર્જી છે.

રાગ-દ્વેષને વશ બની આત્માએ કર્મોના પોટલા બાંધ્યા છે...એ ઉદયમાં આવે ત્યારે હોય-વોય કરવી નિરર્થક છે.'

મુનિરાજના એક એક શબ્દ ચાતકના મોઢામાં પડતાં મેઘબિંદુ જેવા બની રહ્યા.

કેશરીને સમતાનો મહિમા સમજાઇ ગયો. અહા ! કેવી શાંતિ ને સ્વસ્થતા છે સમતામાં...

બસ મારે પણ હવે આ ગુરુદેવના ચરણે બેસી સમતાની સાધના કરવી છે.

મેઘ જેવી ગંભીરવાણીમાં ગુરુદેવે કહ્યું : 'પરપદાર્થો જોઇ આત્મા ક્યાં તો રાગ કરે છે કાં તો દ્વેષ...ત્રાજવાનું પલ્લું એક યા બીજી બાજુ નમ્યા સિવાય રહેતું નથી. જો દાંડી સીધી રહે સમતોલ તો જ વજન સાચું અને તો જ ધ્યાન સાચું....'

ગણતરીની પળોમાં ખૂંખાર ચોર સમતા સાગરની લહેરોમાં ખોવાઇ ગયો.

ધર્મ-ધ્યાનમાંથી શુકલધ્યાનમાં...ઘાતીકર્મો ક્ષય થયા....કેવવજ્ઞાનનો સૂર્ય પ્રગટ્યો.

દેવતાઓએ વેશ આપ્યો.

કેશરી-કેવલી દેશના આપી રહ્યા છે.

આ બાજુ ચોર ભાગી ન જાય એ માટે રાજાએ આખા જંગલને ઘેરી લીધું. ધીમે ધીમે ભરડો લેતા લેતા કેશરીકેવલી સુધી પહોંચ્યા.

અજવાળું પણ પથરાયું હતું. રાજાના આશ્ચર્યનો પાર નથી !

રાત્રે જોયેલો ચોર એ જ આ દેશના દેતા કેવલી ?...

રાજાએ પ્રશ્ન કર્યો : કેશરી કેવલીએ પોતાના પતન અને ઉત્થાનની કથા કહી. જેલની કોટડીના બદલે કેવલજ્ઞાનની પગથારે લાવનારા સામાયિકનો મહિમા દર્શાવ્યો.

બધા યથાશક્તિ સામાયિક કરવાના નિયમ લઇ છુટા પડ્યા.

(ઉપદેશ સપ્તતિકા નવ્યાના આધારે)

૧૪ વસ્તુપાળનું ભાગ્ય

ધોળકામાં વીરધવળનું રાજ્ય ચાલે.

એમના મંત્રીશ્વર વસ્તુપાળ ઉદાર દિલના.

યાચકો-માંગણોને કદી પાછા ન કાઢે.

અને સામાન્ય નિયમ છે કે -

क्रिर्तिर्दानानुसारिणी

દાન આપે એના ગાન ગવાય.

યાચકો કહેતાં : જ્યાં વસ્તુપાળના માથાની છાયા પડે ત્યાંથી નિધિ નીકળે.

કાચા કાનના રાજાથી આ ગુણગાન સહન ન થયાં.

વીરધવળે કહ્યું : 'વસ્તુપાળ ! તમે રહ્યા વાણિયા. ઘી-તેલ વેચવાવાળી તમારી જાતિ. આ જાતિની આવી ખ્યાતિ ઉચિત નથી. આવા ગુણગાન ગાવાવાળાને ચૂપ કરી દો.'

વસ્તુપાળ તો વાહ વાહ કે પ્રશંસાના ભૂખ્યા હતાં જ નહીં. એમણે ભાટ-ચારણો માંગણોને કહ્યું : 'મારામાં એવી મહત્તા કયાં છે ? માટે વખાણ ન કરશો.'

પણ, આ તો ગુણાનુરાગી લોકો હતા. એ તો વસ્તુપાળના ગુણ ગાતા જ રહ્યા.

રાજા કહે : સવારે આની ખાત્રી કરીશ. જો વસ્તુપાળના માથાની છાયામાંથી નિધિ નહીં નીકળે તો આ બધા દોઢડાહ્યા ભાટ-ચારણોનું માથું ઉડાડી દઈશ અને વસ્તુપાળનું સર્વ ધન દંડમાં લઈ લઈશ.

ઈર્ષ્યાળુ રાજાએ વસ્તુપાળના માથાની છાયાના સ્થાને જમીનમાં પત્થર દટાવી દીધો અને બીજા દિવસે ખોદકામ કરાવ્યું પત્થર નીકળ્યો.

રાજા મજાકમાં કહે : 'વાહ ! ભાઈ વાહ ! શું ભાગ્ય છે વસ્તુપાળનું ! કેવડો મોટો પાણો નિકળ્યો !'

ત્યારે કોઈકે કહ્યું : 'રાજન્ ! આ પથરાને તોડાવો. કદાચ એમાં રત્નો કે નિધાન હોય.'

રાજા કહે : 'ભલે, ત્યારે તોડો પથરાને.'

પત્થરને તોડ્યો. અંદરથી ફુંફાડા મારતો કાળોતરો નાગ દેખાયો.

ભાગો, ભાગો, બૂમરાણ મચી ગઈ.

રાજા ગેલમાં આવી ગયો : 'વાહ શું કમાલનું ભાગ્ય છે ! મંત્રી આ તારા ભાગ્યનું નિધાન છે. લઈ લે.' બધા જેને સાપ જુએ છે તેને વસ્તુપાળ સવાક્રોડના મૂલ્યનો બત્રીસ મણી જડેલા હાર તરીકે જુએ છે.

નવકારમંત્રના સ્મરણ પૂર્વક હાથ લગાડ્યો ને બધાને ઝગારા મારતો હાર દેખાવા લાગ્યો.

વાહ ગજબનો ચમત્કાર ! મંત્રીએ હાર ગળામાં નાંખ્યો.

ભાટ-ચારણો જોર-જોરથી બિરુદાવલી ગાવા લાગ્યા.

રાજા વીરધવળે પણ કબૂલ કર્યું : મંત્રી ભાગ્યશાળી છે જ. ભાટ-ચારણોને સત્કાર્યા. મંત્રીને સન્માન્યો.

ભાગ્યશાળીને ડગલે પગલે નિધાન હોય છે.

(કથારત્નાકર કથા ૧૯૫)

૧૫ ઘરડાં ગાડાં વાળે

સુન્દર નામનું નગર.

એમાં મહાસેનરાજા રાજ્ય કરે. નરસેન રાજપુત્ર ખાઈપીને લહેર કરે. અચાનક ટુંકી માંદગીમાં રાજા મહાસેન કાળનો કોળીયો બની ગયો.

સમગ્ર પ્રજાને ધરતીકંપનો આંચકો લાગ્યો. પણ કાળની આગળ કોનું ચાલે ?

યુવાનીના ઉંબરે પહોંચેલા અને રાજ-કાજના કે દુનિયાદારીના કશા જ અનુભવવિનાના નરસેનનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો.

ધન-યૌવન અને સત્તા અવિવેકી માણસના જીવનમાં ઉલ્કાપાત મચાવી જતાં હોય છે.

નવા રાજામાં આ ત્રિવેણીસંગમ થયો અને અવિવેક તો હતો જ.

ઉદ્ધત અને ઉછાંછળા તરંગી નરસેન રાજના વહીવટમાં સમજ્યા વિના આડેધડ ફેરફારો કરવા માંડ્યા.

ઠરેલ બુદ્ધિના અનુભવી મંત્રીઓએ રાજાને સલાહ આપવા માંડી. આ નિર્ણય ખોટો છે. બરાબર નથી...ફેર વિચાર માંગે છે.

વાંદરાને ઘર બાંધવાની સલાહ આપનારી સુધરી જેવી હાલત વૃદ્ધ મંત્રીઓની રાજાએ કરી નાંખી.

મંત્રીઓનું જાહેરમાં અપમાન કરી નાંખ્યું. રાજા બબડ્યો : આ બુઢિયાઓની સાઠે બુદ્ધિ નાઠી છે. મોંમાંથી લાળ પળે છે. કાને બહેરાને આંખે આંધળા જેવા આ ડોસલાઓ મારી સભાનું કલંક છે. બકરીના ગળાના આંચળ જેવા અને સુગંધ વિનાના ફુલ જેવા આ નકામાં મંત્રીઓની મારે જરૂર નથી.

વૃદ્ધમંત્રીઓએ વિચાર્યું કે જ્યાં ભાવ અને આદર ન હોય ત્યાં જવાનો અર્થ નથી. આ રાજ્યમાં આપણાં અન્ન-જળ પુરા થયાં. ચાલો હવે તીર્થયાત્રા કરી શેષ જીવનને ધર્મમય બનાવીએ. વૃદ્ધમંત્રીઓ યાત્રાએ રવાના થયા.

આજુ-બાજુના પાંચ પાડોશી રાજાઓને ગુપ્તચરો દ્વારા બધી વાત જાણવા મળી. જિતશત્રુ વગેરે સિંધ-આદિ દેશોના પાંચેય રાજાઓએ મળીને નક્કી કર્યુ કે આવડત વિનાના રાજા અને વૃદ્ધમંત્રી વિનાનું રાજ્ય એટલે આકડે મધ. ચાલો આપણે રાજ્ય જીતી લઇ સરખે ભાગે વહેંચી લઇએ.

નરસેનના મંત્રીઓ કેવા મતિકૌશલ્યવાળા છે એ જાણવા દુશ્મનોએ ત્રણ પૂતળી મોકલી.અને 'આનું મૂલ્ય કરી આપો' એવી માંગણી કરી.

નરસેને એના બિનઅનુભવી નવયુવાન મંત્રીઓ સામે જોયું. બધાંનાં મોઢાં કાળા ધબ્બ હતા.ભોંય ખોતરવાને માથું ખંજવાળવા સિવાય એમને કશું સૂઝતું ન હોતું.

સભા બરખાસ્ત કરી રાજા મહેલમાં પહોંચ્યો. રાજમાતા ધારિણી કહે : બેટા, જુના મંત્રીઓને કાઢી મુકીને ગંભીર ભૂલ કરી છે. 'ઘરડાં ગાડાં વાળે' એ કહેવત સંપૂર્ણ સત્ય છે. હજુ પણ તપાસ કર. કોઇ એકાદ જુનો અનુભવી મંત્રી રાજ્યમાં બચ્યો હોય તો...'

સદ્ભાગ્યે એક મંત્રી મળી આવ્યો. એણે કહ્યું : 'બધી ચિંતા છોડી દો. કાલે હું ત્રણે પૂતળીઓનું મૂલ્ય કરી આપીશ.'

રૂપે રંગે તદ્દન સમાન પૂતળીઓના આંખ, કાન,મોઢાના છિદ્રોમાં વૃદ્ધ મંત્રીએ દોરીના છેડા નાંખ્યા. પહેલીના એક કાનમાંથી બીજા કાનમાં દોરો નીકળ્યો, બીજીનો આગળ વધ્યો જ નહીં, ત્રીજીના પેટમાં દોરો ઉતરી ગયો. મંત્રીએ ત્રણે પૂતળીના હાથમાં નાની ચબરખી મુકી. દુશ્મનના દૂતને

કહ્યું : 'આ ચબરખીમાં મૂલ્ય લખ્યું છે. ચબરખી વાંચ્યા પછી - જિતશત્રુ વ.ના મંત્રીઓએ કહ્યું : 'રાજન ! વિપક્ષનો મંત્રી ઘણો બાહોશ છે. લડવાના બદલે સંધિ કરી લો !'

સંધિ થઈ ગઈ, પેલા રાજાઓ કહે : 'આ પૂતળી અને એના મૂલ્યનું રહસ્ય સમજાવો ?

મંત્રી કહે : એકના કાનમાંથી બીજા કાનમાં દોરો પસાર થયો. સદુપદેશ સાંભળીને માત્ર હરખાય. કશું જીવનમાં ન ઉતારે એવા શ્રોતાની આ પ્રતિનિધિ છે એટલે આ પૂતળી ઉપરના વસ્ત્રાલંકાર જેટલું જ એનું મૂલ્ય છે. બીજી તો સદુપદેશ સાંભળવાનો પણ ઈન્કાર કરનારા જીવોની પ્રતિનિધિ છે. આનું કશું મૂલ્ય નથી, સાવ નકામી. ત્રીજી પૂતળી ઉપદેશ સાંભળી જીવનમા ઉતારનારા શ્રોતાની પ્રતિનિધિ છે અને એ બહુમૂલ્ય છે.

મહાપુણ્યના ઉદયે સાંભળવા મળતી પ્રભુની વાણીને અદકેરા બહુમાનથી સાંભળવી અને શક્તિ ગોપવ્યા વિના જીવનમાં ઉતારવી એ સફળ જીવનનો શ્રેષ્ઠ ઉપાય છે.

(કથારત્નાકર કથા ૨૧૫)

❀ ❀ ❀

૧૬ પ્રતિમા પૂજનીય છે

સ્વામી વિવેકાનંદ અલવર આવ્યા. અલવર સ્ટેટના રાજા અને પ્રજાજનોએ ભાવભીનું સ્વાગત કર્યું.

અલવરના મહારાજા કેટલાક નાસ્તિક અને મૂર્તિ વિરોધી મિત્રોની ગાઢ સોબતમાં હતા અને સોબત તેવી અસર મુજબ એમની વિચારધારામાં પણ કેટલીક વિકૃતિઓ ઘુસી ગઈ હતી.

સ્વાગતપ્રવચન વખતે એમણે એક મમરો મુક્યો :

'લોકો પત્થરની પ્રતિમાઓને પૂજે છે. ધૂપ-દીપને ફળનૈવેદ્ય ધરે છે. શું ફાયદો થાય એનાથી ? પત્થરની ગાય જેમ દૂધ ન આપે તો પત્થરની પ્રતિમા પણ કશું ન આપે. પણ, ગાડરિયો પ્રવાહ ચાલ્યો છે. ગતાનુગતિકતામાંથી સમાજ બહાર નથી આવતો.'

વિવેકાનંદ બધું ધ્યાનથી સાંભળી રહ્યા હતા. એમણે બાજુમાં બેઠેલા દિવાનને ઈશારો કર્યો. 'મહારાજાનું કોઈ ચિત્ર હોય તો લાવોને ?'

વિવેકાનંદ પ્રવચન કરવા ઉભા થયા ત્યાં સુધીમાં મહારાજાનું વિશાળ તૈલચિત્ર ત્યાં આવી ગયું હતું. વિવેકાનંદે કહ્યું : 'હું પ્રવચન શરૂ કરું એ પહેલાં એક કામ કરો. આ ચિત્ર ઉપર બધા એકવાર થૂંકો.' આવી મણકલ્પી દરખાસ્ત સાંભળી આખી સભા સ્તબ્ધ બની ગઈ.

રાજ દરબારમાં મહારાજાની સામે જ એમના ચિત્ર ઉપર થૂંકવું એ જંગલના સાવજનું પૂછડું ખેંચવા જેટલું જ ખતરનાક અને જોખમી હતું. એક પણ નાગરીક થુંકવા આગળ ન આવ્યો.

વિવેકાનંદ રાજાની તરફ ફરીને બોલ્યા : રાજન્ ! આ તૈલચિત્ર જડ છે. એ કંઈ તમે નથી. છતાં તમારા પ્રત્યે આદરપ્રેમ ધરાવનાર નાગરીક તમારા ચિત્રનું પણ અપમાન કરવા તૈયાર નથી. એવી જ રીતે મૂર્તિઓ, પ્રતિમાઓ, પણ જે તે દેવ કે મહાપુરુષની હોય છે તેમના ઉપરના આદરના કારણે એમની પ્રતિકૃતિ જેવી પ્રતિમાઓ પણ પૂજાય છે અને વંદાય છે.

વળી પત્થરની ગાય દૂધ ન આપતી હોય તો પણ અસલી ગાયની ઓળખાણ તો કરાવે જ છે.

ભારતનો નકશો એ વાસ્તવિક ભારત ન હોય તો પણ એને કાગળનો ટુકડો કહી ફેંકી ન દેવાય. ભારતમાં કોઇ પણ સ્થળે જવા માટે એ ભોમિયાનું કામ કરે.'

અધ્યાત્મના માર્ગે જવા પરમાત્માને પામવા પ્રતિમા પણ આવું જ મહત્ત્વનું સાધન છે. એની ઉપેક્ષા કરવી યોગ્ય નથી.

❀ ❀ ❀

૧૭ મુલ્લા નસરુદ્દીન

રાજા વાજાને વાંદરા ત્રણેયને કહેવતકારે એક પંક્તિમાં બેસાડ્યા છે !

કહેવત એટલે લાંબા અનુભવ બાદ સર્જાતું ટૂંકુ વાક્ય!

બાદશાહને એકવાર જુઠ્ઠા બોલા માણસો ઉપર ભારે નફરત થઇ ગઇ. તરત હુકમ છોડ્યો : 'વજીર જી, જે લોકો જૂઠ બોલે એમને ફાંસીએ ચડાવી દેવાની જાહેરાત કરો. નગરની બહાર મોટી મસ શૂળી તૈયાર કરો. મારા રાજ્યમાંથી અસત્યને દેશવટો આપો.'

વજીરે જી, કહી બાદશાહની વાતનો સ્વીકાર કર્યો.

તાત્કાલિક શૂળી તો બની ગઇ. પણ, માથાના દુખાવા જેવો પ્રશ્ન એ આવ્યો કે જૂઠ અને સત્યની વ્યાખ્યા શું?

અમુક માણસ જુઠું બોલ્યા છે એ પૂરવાર શી રીતે કરવું ?

રાજાએ પોતાના સલાહકારોને ઉકેલ પૂછયો. જેટલા માથા એટલા ઉકેલ આવ્યા પણ એક્કેય વ્યવહારુ નહીં.

બાદશાહને મુલ્લા નસરુદ્દીન યાદ આવ્યા. આ માણસ ગમે તેવા અટપટા પ્રશ્નોને ચપટીમાં ઉકેલ આપવા માટે જાણીતો છે. જ્ઞાન સાથે ગમ્મત રમૂજ સાથે રંગત એની વિશેષતા છે.

મુલ્લાજીને બોલાવીને ઉકેલ પૂછ્યો.

મુલ્લાજી પળવારમાં પામી ગયા કે રાજાનો આ વિચાર તરંગી છે. આવા હુકમો કરાય નહીં. પણ, જ્યારે ઉકેલ પૂછાય ત્યારે પ્રશ્નના ઔચિત્યનો મુદ્દો ઉઠાવવો ઠીક નહીં.

મુલ્લાજી કહે : 'નામદાર, આપણે કાલે તૈયાર થયેલ શૂળીનું નિરીક્ષણ કરવા જઈએ ત્યારે હું ઉકેલ બતાવીશ.'

બીજા દિવસે બાદશાહની સાથે જતાં મુલ્લાજીને કોઈએ પૂછયું : 'નસરુદ્દીન, કઇ બાજુ ?'

ફાંસીના માચડે ચડવા ? મુલ્લાએ રોકડો જવાબ આપ્યો.

બાદશાહ ચમક્યો. મુલ્લા, ખોટું કેમ બોલો છો? આપણે શૂળીનું નિરીક્ષણ કરવા જઇ રહ્યા છીએ, નહીં કે શૂળીએ ચડવા.

હવે મુલ્લાજીએ સોગઠી મારી : નામદાર, જો હું જૂઠું બોલતો હોઉ તો મને ફાંસીએ ચડાવો અને સાચું બોલતો હોઉ તો મુક્ત કરો.

બાદશાહ મુંઝાયો. જો મુલ્લાને ફાંસીએ ચડાવે તો એક સાચાબોલા માણસને ફાંસી આપવાનો અન્યાય થાય,ન ચડાવે તો બાદશાહની છાતી ઉપર જૂઠ બોલનાર છટકી જાય. આખરે બાદશાહને લાગ્યું કે પોતાનો હુકમ ભૂલ ભરેલો છે. રાજાએ કાયદો રદ કર્યો. મુલ્લા હસતાં હસતાં વિદાય થયા.

જૂઠ્ઠાને જૂઠો કહેવા કરતાં એને એની ભૂલ સમજાય અને સુધરે એ પદ્ધતિ ઉત્તમ છે.

❀ ❀ ❀

૧૮ અંતર્યાત્રા

સ્વામી રામતીર્થ એક વાર જાપાન ગયા.

ત્યાં એમના ભક્તોએ સત્સંગ-કથા-કીર્તનનું આયોજન કર્યું.

ભારતીયો જાપાનીઓ વગેરે મોટી સંખ્યામાં કથા સાંભળવા આવતા.

જાપાન એટલે જ્વાળામુખીના માથા ઉપર આવેલા દ્વીપોનો બનેલો દેશ.

અવાર-નવાર ધરતીકંપના આંચકાઓ આવતા હોય.

અને એટલે મકાનો પણ લાકડાના બનાવતા.

એકવાર ચાલુ કથાએ ધરતીકંપના આંચકા શરૂ થયા. શ્રોતાઓએ નાસ-ભાગ કરી મુકી.

થોડી વારે ધરતીકંપની અસર બંધ થઈને શ્રોતાઓ ફરી પ્રવચન-ખંડમાં આવવા માંડયા.

બધાએ જોયું કે સ્વામી રામતીર્થ આંખો બંધ કરીને વ્યાસપીઠ ઉપર શાંતિથી બેઠા છે.

આયોજકોને થયું આપણે સ્વામીજીને એકલા છોડીને બહાર નાઠા. ખોટું કર્યું. અવિનયની ક્ષમા માંગતા આયોજકો કહે : 'આપને મુકીને અમે ભાગ્યા. ભૂલ થઇ ગઇ. ક્ષમા કરો.'

રામતીર્થ કહે : 'એમાં માફી માંગવાની કંઇ જરૂર નથી. તમારી જેમ હું પણ ભાગ્યો હતો.'

'હેં ! અમે તો જોયા નહીં !'

'તમે બહાર ભાગ્યા. હું અંદર ભાગ્યો.' એકાંત અને નીરવ શાંતિનો ઉપયોગ પરમાત્માનાં ધ્યાન કરવામાં કરી લીધો. હું ભાગ્યો પરમાત્માના શરણે.

બધાએ જોયું કે અંદરની તરફ ભાગેલા સંત પરમાત્માના ખોળે- નિશ્ચલ નિર્ભય હતા. બહાર ભાગેલા થર-થર ધ્રુજતા'તા. રામતીર્થ કહે : બહાર ઘણું દોડયા.

હવે અંતર્યાત્રા કરીએ.

૧૯ વચન પાલન

ઓઘડજી એનું નામ.

સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલું નાનકડું સેજકપુર એનું ગામ.

ઓઘડજી મહેનતુ અને સ્વભાવનો મીઠો. દરેકનું કામ કરી છુટે એવો પરગજૂ.

પણ આર્થિક સ્થિતિ કંગાળ. ત્રણ સાંધે ને તેર તૂટે !

ગરીબીથી કંટાળેલો ઓઘડ એક દિવસ બાજુમાં જ રહેતાં ગૌરીશંકર જોષીના ત્યાં જઇ પહોંચ્યો.

જોષી મહારાજ, 'જરા મારો હાથ જુઓને. લક્ષ્મીનો જોગ બોગ કંઇ છે કે નહી ?'

ગૌરીશંકર કહે :અલ્યા, જોષ જોવડાવા આવ્યો છે ને પાછો ખાલી હાથે આવ્યો છે. પેલું શાસ્ત્રમાં કીધું છે તે ખબર નથી ?

रिक्तपाणिर्न पश्येत राजानं दैवतं गुरुम्
निमित्तज्ञं विशेषण फलेन फलमादिशेत् ॥

"જોષી મા' રાજ ! ભેંસ આગળ ભાગવત વાંચવું રહેવા દ્યો. તમારા જોષ જોવાની દક્ષિણા-બક્ષિણા ફી-બી કંઇ અત્યારે આપવાના સંજોગ નથી. તમે એકવાર જોષ જોઇને પૈસા કમાવાનો રસ્તો બતાવો. પૈસા આવે એટલે પહેલાં તમારી દક્ષિણા પછી બીજું બધુંય..."

"વાહ ભાઇ વાહ, વાયદો બહુ સારો કર્યો. લાવ હવે તારો જમણો હાથ મારી સામે ધર."

"લ્યો, હવે તમતમારે બરોબર જુઓ અને જે કહેવું હોય તે કહો."

જોષી ઓઘડની હથેળીમાં અંકાયેલી આડી-અવળી રેખાઓ ઝીણવટથી જોવા લાગ્યા. એક રેખા જોઇને ગૌરીશંકર અટકી ગયા. એમના મોઢામાંથી વાચા ફુટી : ઓઘડ, લક્ષ્મીનો ભંડાર ભર્યો છે તારા ભાગ્યમાં.. પણ લક્ષ્મી આડેનું પાંદડું ખસેડવામાં કયારેક ક્ષેત્રપણ અગત્ય ધરાવે છે. તારું ભાગ્ય દરિયાકિનારે ખીલી ઉઠશે. માટે બિસ્તરા-પોટલા બાંધી મુંબઇ ભેળો થઇ જા."

"તમારા મોમાં સાકર" જોષીના બોલને વધાવી લેતાં ઓઘડ બોલ્યો.

પગે લાગીને વિદાય થયો. જતાં જતાં કહેતો ગયો : "પહેલી કમાણીમાંથી અડધો ભાગ તમારી દક્ષિણાનો."

ગૌરીશંકર ઓઘડને જતો જોઇ રહ્યા. એની ચાલમાં આત્મવિશ્વાસ છલકાતો હતો. "જરૂર ટુંકા ગાળામાં લખપતિ થવાનો." જોષી મનોમન બોલ્યા.

બીજા દિવસે જ ઓઘડે સત્કામ કર્યું. શુકન પણ સરસ થયા. અજાણ્યાને મુંબઇની ધરતી પર ઓટલોને રોટલો બેય દુર્લભ. પણ, પુણ્ય જેની સાથે હોય એને બધું સુલભ થઇ જાય.

જતા વેંત નોકરી મળી ગઇ. શેઠ પણ ભલાને પ્રેમાળ. ઓઘડ ખંતથી શેઠનું કામ કરવા માંડ્યો. શેઠે પણ જોયું કે ઓઘડના પગલાં પનોતાં છે. વેપારમાં અસાધારણ પ્રગતિ થઇ રહી છે. શેઠે મનોમન નક્કી કરી નાંખ્યું: 'આવા ભાગ્યશાળીને નોકરીએ ન રખાય. આવાને તો ભાગીદાર બનાવવા જોઇએ. એના ભેગા આપણે ય તરી જઇએ.'

દીવાળી આવી. શેઠે ઓઘડને બોલાવ્યો. "જો ઓઘડ, આ દુકાનમાં તારો અડધો ભાગ છે. આ વર્ષે તારા ભાગમાં પોણા ત્રણલાખ આવ્યા છે."

ઓઘડને થયું : "ખુદા દેતા હૈ તબ છપ્પર ફાડ કે દેતા હૈ" આ કહેવતમાં તથ્ય તો છે જ.

એને ગૌરીશંકર યાદ આવ્યા. પોતે આપેલું વચન યાદ આવ્યું.

શેઠની રજા લઇ અને પોતાના ભાગના પૈસા લઇ સેજકપુર આવ્યો.

બીજા દિવસે ગૌરીશંકરના હાથમાં એક લાખ સાડત્રીસ હજાર પાંચસો રૂપિયાની નોટો મુકી ત્યારે ગૌરીશંકર ભડક્યો :

"ઓઘડ, આ શું છે ?"

"મારી કમાણીનો અડધો ભાગ. તમારી દક્ષિણા."

અલ્યા, એ તો હસતાં હસતાં મજાક કરતો'તો ભલા ભાઇ, આ રકમ મારે ના જોઇએ."

"તમારે લેવી જ પડશે."

બે વચ્ચે મીઠો ઝગડો જામ્યો.

ગામના ડાહ્યા માણસોએ તોડ કાઢયો.

એ રકમમાંથી ગામના દેણદારોના દેવા નાબૂદ થયા. વધી તે રકમ જીવદયામાં વપરાઇ.

પોતાના વચન પળાયાનો સંતોષ સાથે ઓઘડ મુંબઇ પાછો ફર્યો.

એ પછીના વર્ષોમાં ઓઘડ લાખ્ખો કમાયો.

આજે ઓઘડ નથી પણ ઘાટકોપરમાં ઓઘડજી નેમજીની ચાલ આજે પણ એમની યાદ આપી રહી છે.

૨૦ બોધિધર્મ

વિક્રમની પાંચમી સદીમાં ભારતમાં બોધિધર્મ નામના બૌદ્ધભિક્ષુ થઇ ગયા.

કાંજીવરમ્ બંદરેથી ધર્મપ્રચાર માટે ચીનમાં પણ ગયેલા.

ધર્મપ્રચારની એમની પદ્ધતિ આગવી હતી.

દૂર દૂર ભારતથી આવેલા ભિક્ષુનું પ્રવચન સાંભળવા ચીનના લોકો મઠમાં આવી જતાં. સભાખંડ ભરાવા માંડ્યો હોય, પ્રવચન સમયપણ થવા આવ્યો હોય છતાં બોધિધર્મ તો ભીંત તરફ મોઢું કરી સ્વાધ્યાય કરતાં હોય.

લોકો વિનંતી કરતાં : ભિક્ષુજી, હવે આ બાજુ મોઢું ફેરવો. લોકો રાહ જોઇને બેઠા છે.

મોઢું લોકો તરફ ફેરવતાં ભિક્ષુ બોધિધર્મ મર્માળું હાસ્ય રેલાવતાં બોલતાં : લ્યો હું તો આ ફર્યો. મને ફરતાં કેટલીવાર ?

પણ મારે તમને પૂછવું છે - તમે ફર્યા કે નહીં ? સંસાર સન્મુખ કે પ્રભુ સન્મુખ.

બહિર્મુખતા છોડી અંતર્મુખતા પામીએ. બહિરાત્મા અંતરાત્મા બને તો પરમાત્મા બનવાનું સરળ છે.

દિશા ફેરવો. દશા ફરી જશે.

૨૧ નફરત નહીં પણ પ્રેમ કરો
હર પ્રાણી પર રહેમ કરો

રાબિયાનું નામ દેશ-વિદેશમાં જાણીતું છે.

એક ગુલામડી સ્ત્રી તરીકે જીવન ગુજારનાર આ નારીમાં એવી ગજબની આત્મશ્રદ્ધા પ્રભુભક્તિ અને પ્રાણીપ્રેમ હતો કે જેણે એને એક મહાન સંતની કોટીમાં મુકી દીધી.

'મિત્તિમે સવ્વભૂએસુ'ની વાત એની રગ રગમાં ઘુંટાયેલી હતી...એના પ્રેમથી રંગાયેલા પશુઓને પંખીઓ એને વહાલાં સ્વજનની જેમ ઘેરી લેતા....બીજા માણસના સંચારથી પણ ઉડી જાય તેવા ગભરુ પંખીઓ રાબિયાના ખોળામાં આવીને પડતાં...જાણે માની ગોદ !

એકવાર રાબિયા જંગલમાં એના પ્યારા પશુ-પંખીઓને મળવા નીકળી, પશુ-પંખીઓ એને ઘેરી વળ્યા. આનંદની ચીચીયારીથી આકાશ ગાજી ઉઠ્યું...

રાબિયા વહાલથી પશુ-પંખીઓને પંપાળતી હતી ત્યાં દૂરથી એક માણસ આવતો નજરે પડ્યો...અને પશુઓ ભાગ્યા ઊભી પૂંછડીએ...પંખીઓ પાંખો ફફડાવતા ઉડ્યા આકાશમાં...

થોડીવારમાં તે માણસ રાબિયા પાસે આવીને ઊભો રહ્યો.

રાબિયાએ હાથ જોડી નમન કર્યુ...આવકાર આપ્યો...ખુશ ખબર પૂછયા.

પેલો માણસ..એ પણ પરમાત્માનો ભક્ત હતો...જીંદગી આખી ખુદાની બંદગી માટે કુરબાન કરી ચૂક્યો હતો..એના ચહેરા ઉપર અનેક મૂંઝવણો અને પ્રશ્નાર્થો સ્પષ્ટ તરવરી રહ્યા'તા...એનું નામ હતું હસન બસરી.

રાબિયા : આપ શું વિમાસણમાં પડયા છો...?હસનઃ મને એ સમજાતું નથી કે આ પશુ-પંખીઓ મને જોતાં કેમ ભાગી છૂટ્યા...મારી પાસે તીર-કામઠું કે બંદૂક-તમંચો કોઈ શસ્ત્રાસ્ત્રો છે નહીં..હું પણ એક સંત છું. હું કોઈ જીવોની હિંસા કરતો નથી..છતાં પશુઓ મારાથી ડરે છે ને તમને અપારપ્રેમ કરે છે..આનું રહસ્ય મને સમજાતું નથી...

રાબિયા : 'એનું રહસ્ય હું પછી સમજાવું. પહેલાં આપ મને એ બતાવો કે આપ શું ખાવ છો ?...મતલબ કે આપ અન્નાહારી છો કે માંસાહારી...'

'માંસાહારી..'

'તો પછી પશુ-પંખીઓ તમારાથી ભાગે એમાં કશું આશ્ચર્ય નથી. તમે તમારી જાતને અહિંસક માનતા હો તો એ તમારો ભ્રમ છે...માંસાહારી લોકો જ કતલખાનાના સાચા અર્થમાં જનક છે...હિંસાના ઘોર પાપની ભાગીદારીમાંથી માંસાહારી કદી છટકી શકે નહીં.'

સાચું પૂછો તો માંસખાનારા તમારાથી પશુ-પંખીઓ ન ભાગે તો શું કરે !...

❀❀❀

૨૨ બેડી તોડો

એથેંસનો રાજા કડક સ્વભાવનો હતો. ગુનામાં આવેલાને આકરામાં આકરી સજા કરતો.

સજા પણ કેવી ?

ગુનામાં આવેલા માણસને લોખંડની બેડીઓ પહેરાવી વાઘ-વરૂ અને સાપ-અજગરથી ભયંકર બનેલા ગોઝારા જંગલમાં છોડી દેવાના.

સજ્જડ બેડીને કારણે હાથ-પગ પણ હલાવી ન શકનાર ગુનેગારો ભૂખ્યા ને તરસ્યા કોઈ વાઘ કે સિંહ ફાડી ન ખાય, કે કોઈ અજગર ગળી ન જાય, સાપ-વીંછી ડસી ન જાય ત્યાં સુધી મોતની પ્રતીક્ષા કરી ભારે રીબામણ અનુભવતાં..

આવી સજા જેને થાય એના મોતિયા મરી જતાં. એની આંખો શ્રાવણ ભાદરવો બનતી. પીપળાના પાનની જેમ કંપતા ગુનેગારોના હાથ-પગમાં જ્યારે બેડી પહેરાવાતી ત્યારે એમના ચહેરા ભલભલાને કરુણા ઉપજાવે એવા દયામણા બની જતાં.

એકવાર સો જણાને દેહાંતદંડની આકરી સજા આપવામાં આવી. જેના નામ જાહેર થયા એ બધા ફફડી ઉઠ્યા.

જ્યારે ગુનેગારોને બેડીઓ પહેરાવવી શરૂ થઈ ત્યારે ૯૯ની આંખમાં આસું હતા. એક જ માણસની આંખમાં ગભરાટ ન હોતો. એ એથેંસનો પ્રસિદ્ધ લુહાર હતો.

બધાને જ્યારે ઘોર જંગલમાં છોડી દેવામાં આવ્યા ત્યારે બીજા નવ્વાણું જણાએ એના ચહેરા ઉપર રહેલી સ્વસ્થતાનું કારણ પુછ્યું.

'તમને શું મોતનો ડર નથી લાગતો ?'

લુહારે નિખાલસતાથી કહ્યુ : 'ભાઈ, મોતનો ડર કોને ન હોય? પણ હું આ બેડી તોડીને હમણાં જ છુટી જવાનો !'

'હેં ! તમે બેડી તોડી નાંખશો ? કેવી રીતે ? અમારે પણ મુક્ત થવું છે.'

લુહારે મક્કમ સ્વરે કહ્યું :' જુઓ, આ બેડીઓ મેં બનાવી છે. એની ખૂબી અને ખામી હું જાણું છું અને એની નબળી કડીને આવી રીતે પત્થર જોડે ટકરાવી તોડી નાંખીશ.'

જોત જોતામાં લુહારે હાથ અને પગની બેડીઓ તોડી નાંખી, હાથ-પગ ઉછાળી લુહારે મુક્તિનો આનંદ વ્યક્ત કર્યો.

પેલા નવ જિજ્ઞાસુઓએ પણ લુહારના માર્ગદર્શન મુજબ બેડી તોડી નાંખી. એમના ચહેરા ખુશખુશાલ હતા. 'હવે બીજાઓને પણ આ રીતે છોડજો' કહી લુહાર તો ઘર ભેગો થઇ ગયો.'

પેલા નવ જણાએ વિચાર્યું કે આપણા મિત્રો સ્વજનોને પણ બેડીમાંથી મુક્ત કરીએ.

મોતની પ્રતીક્ષા કરતાં પેલા ૯૦ જણા પાસે પહોંચી નવ જણાએ કહ્યું :

'ચાલો તમને બેડીમાંથી મુક્ત થવાનો માર્ગ બતાવું. જો અમે મુક્ત થઇ ગયા.' પણ, પેલા ૯૦માં ઘણાં આળસુના પીર હતા.

દેવદૂત જેવા પેલા મુક્તિદાતાઓને કશો સહકાર ન આપ્યો.

જે લોકોએ કહ્યા પ્રમાણે કર્યું તે છુટ્યા...બાકીનાને એમના નસીબ ઉપર છોડ્યા સિવાય છુટકો ન હતો.

લુહારની જેમ સ્વયંબુદ્ધ તીર્થંકરો કર્મના બંધનો તોડે છે. ભાવિકોને - તોડવાની પદ્ધતિ બતાવે છે. એ પદ્ધતિ પ્રમાણે આજે પણ ઘણાં સંસારની બેડીમાંથી મુક્ત થયા છે. પણ ઘણાં ને સંસારની બેડી તોડવા કશું કરવું જ નથી. આવા જીવોની ભાવદયા કરવા સિવાય બીજું શું થઇ શકે ?

ચાલો, આપણે તો સંસારની બેડી તોડી સિધ્ધશિલાના ઘેર જઇએ.

૨૩ ટમટમતો દીવડો

બંગાળના મુર્શિદાબાદમાં મોતીલાલ અને હીરાચંદ બે ભાઇઓ રહેતા. બન્ને સાધારણ સ્થિતિના, ત્રણ સાંધે ને તેર તૂટે.

મોતીલાલના લગ્ન થયા અને તારામતીના પગલાં ઘરમાં થયા. ગૃહલક્ષ્મીના પગલાં થયા અને ઘરની રોનક બદલાવા માંડી.

ઉકરડા જેવું ઘર સુઘડ અને સ્વચ્છ બન્યું.

તારામતીએ જોયું કે બન્ને ભાઈઓ પાસે કોઇ વ્યવસ્થિત ધંધો કે નોકરી નથી. કો'ક દિવસ બે પૈસા કમાઇ લાવે તો ઘણીવાર ખાલી હાથે પાછા ફરે.

તારામતીએ સૂચન કર્યુ : "ખાલી હાથે ઘરે આવવાનું નહીં. કશું ન મળે તો ચપટી ધૂળ લઇને આવવાનું."

તારામતીએ થોડા સમયમાં ઘરમાં એવો પ્રભાવ પાડયો હતો કે એનો પડ્યો બોલ ઝીલાતો.

એક દિવસ હીરાચંદને કમાણી કંઇ ન થઇ. ખાલી હાથે પાછા ન ફરવાનું ભાભીનું સૂચન હતું. આજુ-બાજુ નજર કરતાં મરેલો સાપ જોયો. ચાલો આજે આને જ લઇ જઇએ. ભાભીને બિવડાવવાની મજા આવશે.

તારામતીના હાથમાં મરેલો સાપ હીરાચંદે મૂક્યો.

ભાભી કહે : 'સંઘર્યો સાપ પણ કામ આવે' એવી કહેવત ઘરડાંઓએ પાડી છે એનો કંઇક અર્થ જરૂર હશે. જાવ ઉપર છાપરા ઉપર મુકી આવો." આ દિવસોમાં મુર્શિદાબાદમાં મુર્શિદુલ્લાખાન બાદશાહનું શાસન ચાલતું હતું.

બન્યું એવું કે મુર્શિદુલ્લાખાનની બેગમ હેરુન્નિસાનો કિમત્તી હાર ખોવાયો. જડે એને મોટા ઇનામની જાહેરાત થઇ. બેગમનો હાર ભૂલથી સમળીએ ઉપાડ્યો. પછી એને લાગ્યું કે આમાં કંઇ ખાવા જેવું નથી. અને એ જ વખતે મોતીલાલના ઘરના છાપરા પર પડેલો સાપ જોયો. હાર મુકીને સાપ ઉપાડીને સમળી એના રસ્તે પડી.

બીજા દિવસે તારામતીના નજરે હાર ચડ્યો. બેગમનાં ખોવાયેલા હારની ચર્ચા ચાલતી જ હતી.

તારામતીએ હાર મોતીલાલના હાથમાં મુકતા કહ્યું : 'બાદશાહને આ હાર આપી આવો.'

"પણ કંઇ ઉપાધી તો નહીં થાય ને ? ચોરીનો આરોપ તો નહીં આવે ને ?" મોતીલાલે ભય બતાવ્યો.

"તમે બાદશાહને કહેજો. સમળી સાપ લઇ ગઇ અને હાર મુકી ગઇ. સાચને આંચ ના આવે." તારામતીએ આત્મ વિશ્વાસ પૂર્વક જણાવ્યું.

અને બન્યું એમ જ. બાદશાહને મોતીલાલની વાત સાચી લાગી. સોનાના સો સિક્કા આપ્યા. અને કંઇક માંગવા કહ્યું.

મોતીલાલ કહે : "વચન હમણાં અનામત રાખો. અવસરે માંગીશ."

" ભલે. "

કેટલોક સમય વીત્યો. હીરાચંદના પણ લગ્ન થઇ ગયા. તારામતી અને લલિતા બન્ને દેરાણી-જેઠાણી હળી-મળીને રહે છે.

લલિતા સગર્ભા બની છે. પૂરા દિવસો છે. દિવાળી નજીક આવી રહી છે. ત્યાં બાદશાહનો હુકમ છૂટ્યો : 'દિવાળીની રાત્રે કોઇએ દીવા કરવાના નથી. મારા મહેલ સિવાય સર્વત્ર અંધારપટ જોઇએ. જેના ઘરે દીવો દેખાશે એની ખેર નથી.'

સહુ આ અવિચારી હુકમથી સમસમી ઉઠ્યા. પણ, સત્તા આગળ શાણપણ શા કામનું ?

તારામતીએ મોતીલાલને મોકલ્યા મર્શિદુલ્લાખાન પાસે દીવો કરવાની રજા લેવા.

મોતીલાલે કહ્યું : નામદાર, મારા ભાઈની પત્ની સગર્ભા છે. પૂરા દિવસો છે. તબિયત નરમ-ગરમ છે. રાત્રે અંધારું હોય તો મુશ્કેલી પડે. આપની પાસે અમારું એક 'વચન' અનામત છે. આ દીવાળીએ દીવા કરવાની રજા આપો."

બાદશાહને હારવાળી ઘટના યાદ આવી ગઇ. "ભલે તમને રજા છે." અનુજ્ઞા આપતા મુર્શિદુલ્લાખાને કહ્યું.

દિવાળીની રાત્રે મુર્શિદાબાદમાં બે જ દીપક ટમટમતાં હતાં. બાદશાહના ત્યાં અને મોતીલાલના ત્યાં.

એક લૌકિક માન્યતા એવી છે કે દીપાવલીની રાત્રિએ લક્ષ્મીજી ફરવા નીકળે છે. જ્યાં દીવાનો પ્રકાશ હોય ત્યાં લક્ષ્મીજીની પધરામણી થાય.

પુણ્યનો ઉદય થયો અને ભાગ્ય આડેનું પાંદડું ખસી ગયું. મોતીલાલ-હીરાચંદ લાખ્ખો નહીં કરોડોમાં આળોટવા માંડ્યા.

મળેલી લક્ષ્મી સુકૃતમાં વાપરી આત્મકલ્યાણ કર્યું.

❀ ❀ ❀

૨૪ કુશળતા

જાપાનના શહેનશાહ ગંભીર વદને બેઠા છે. હમણાં જ એક ગુપ્તચર સમાચાર લાવ્યો છે જે સાંભળીને સમ્રાટ બેચેન બની ગયા છે.

દુશ્મનનું લશ્કર ચડાઇ કરવા આવી રહ્યું છે. દુશ્મનના સૈનિકો શસ્ત્રાસ્ત્રોની સંખ્યા જાણ્યા પછી સમ્રાટ ઢીલા પડી ગયા. પોતાના સૈન્ય કરતા અનેક ગણા મોટા અને ચઢિયાતા શસ્ત્રોથી સજ્જ થઇને આવેલા સૈન્ય જોડે સંઘર્ષ કરવો એ મોટું જોખમ હતું.

થોડીવારમાં મંત્રીમંડળની બેઠક શરૂ થઇ. સમ્રાટ કહે: 'મને લાગે છે કે આપણે નમતું જોખીએ. આવેલા દુશ્મનને થોડું ઘણું આપી સમાધાન કરી વિદાય કરીએ. લડવામાં તો સર્વનાશ થવાની શક્યતા છે. સેનાપતિજી તમારો શો અભિપ્રાય છે ?'

રાજાના પ્રશ્નનો જવાબ આપવા સેનાપતિ નોબુ નેગા ઊભો થયો. એણે કહ્યું : 'મહારાજ, દુશ્મનનું સૈન્ય ભલે સંખ્યાબળમાં મોટું હોય કે શસ્ત્રાસ્ત્રોમાં ચઢિયાતું હોય એથી ગભરાવાની જરૂર નથી. યુદ્ધ જિતવામાં સંખ્યા અને શસ્ત્રો ગૌણ બાબત છે. હિમ્મત અને સાહસ મુખ્ય વસ્તુ છે. અમને લડવાની રજા આપો. અમારા જવાનો શત્રુંઓને ભરી પીવા થનગની રહ્યા છે. યુદ્ધમાં સંહાર અને વિનાશ તો અનિવાર્ય છે. પણ નમતું જોખવાની કે માગે તે આપી દેવાની વાત તો આપણા ગૌરવને હણનારી છે. હંમેશા આપણે ઊંચું માથું રાખવાની ક્ષમતા ગુમાવી દઇશું. યુદ્ધ લડ્યા પહેલાં જ હાર સ્વીકારી લેવાની કાયરતા મને તો બિલકુલ પસંદ નથી. અમને યુદ્ધમાં ઉતરવાની લીલી ઝંડી ફરકાવી દો. બાકીનું બધું મારા માથે છોડી દો. દુશ્મનોને ધૂળ ચાટતાં કરી દેવાની અમને ઘણી ઉમ્મીદ છે.'

મંત્રીઓએ પણ કહ્યું કે -'જો સૈન્ય લડવા સજ્જ હોય તો આપણે રજા આપવી જ રહી. એક વખત અપનાવેલી ઢીલી નીતિ હંમેશા તકલીફ આપશે. અનેક આડોશી-પાડોશીઓ માથે ચડી બેસશે.'

રજા મળી ગઇ.

થોડી વારમાં આખા જાપાનમા યુદ્ધની હવા ફેલાઇ ગઇ. દુશ્મન સૈન્ય, એની સંખ્યા, એના શસ્ત્રાસ્ત્રની ચર્ચાઓ થવા માંડી, કાયરો રોદણા રોવા માંડ્યા. અને મરદો તૈયાર થવા માંડ્યા.

લશ્કરના સૈનિકોમાં પણ ચડ-ભડ થવા લાગી. થોડા કાયરોએ આખા લશ્કરના મનોબળને તોડી નાંખ્યું.

પ્રયાણનું બ્યુગલ વાગ્યું. સૈનિકોમાં વિજયને વરવા જવાનો થનગનાટ નહોતો. મોટા ભાગનાના ચહેરા શોકસભામાં ભેગા થયેલા ડાઘુઓ જેવા ઉદાસ અને પડી ગયેલા હતા. પગ લથડિયા ખાતા'તા, જાણે ફાંસીના માંચડે ચડવા એમને લઈ જવાતા હોય એવા એમના મોતીયા મરેલા હતા.

સેનાપતિ નોબુ નેગા એક કુશળ મનોવૈજ્ઞાનિક હતો. સૈનિકોના હૈયામાં લડવાનો થનગનાટ ન હોય તો જીતવાની આશા જ ન રખાય.

નગરની બહાર એક મંદિરના ઓટલા ઉપર ઊભા થઈ નોબુ નેગાએ કહ્યું : 'જુઓ, હું મંદિરમાં ભગવાનને પ્રાર્થના કરવા જઉં છું. ભગવાન જો વિજય મળવાની ચોક્કસ ખાતરી સાથેના આર્શીવાદ આપશે તો જ આપણે લડવા માટે આગળ વધીશું...નહી તો બીજો રસ્તો વિચારીશું...તમે બધા પણ અહીં ઊભા ઊભા પ્રભુને પ્રાર્થના કરો...'નોબુ નેગા થોડી પળો પછી મંદિરમાંથી બહાર આવ્યો. એના ચહેરા ઉપર પ્રસન્નતાનો પાર નથી.જાણે વિજય મેળવીને જ આવ્યો હોય એવો એનો ખિલ-ખિલાટ ચહેરો જોઈને જ સૈનિકોને પાનો ચડવા માંડ્યો.

એણે કહ્યું : 'દોસ્તો, પ્રભુએ આપણને ખૂબ ખૂબ આશીર્વાદ આપ્યા છે. આપણને વિજયની વરમાળાની ચોક્કસ ખાત્રી મળી છે. અને તમને બધાને પણ પૂર્ણ પ્રતીતી થાય એટલા માટે હું આ રૂપિયાનો સિક્કો ઉછાળું છું. જો રાજાની છાપ ઉપર હોય તો આપણી જિત નક્કી....'

બધાની સમક્ષ એણે સિક્કો ઉછાળ્યો. સિક્કો નીચે પડતા જ બધા સૈનિકો ઉછળવા કૂદવા લાગ્યા...વાહ !...વાહ ! આપણી જિત...આપણી

જિત ! રાજા...રાજા...એક એક સૈનિકના ચહેરા ઉપર વિજયનો કેફ તરી આવતો હતો.હવે તો સેનાપતિ 'આગે કૂચ' નો હુકમ આપે એની જ રાહ જોવાની હતી...

થોડી જ પળોમાં અનોખું પરિવર્તન આવી ગયું. મરવા પડેલા હોય એવા સૈનિકો મરણિયા બની ગયા. જોરદાર હલ્લો કરી દીધો.શત્રુના ભારે મોટા સૈન્યનો કચ્ચર ઘાણ કાઢી નાંખ્યો...દુશ્મનો ઉભી પૂંછડીએ ભાગ્યા...ગણતરીના કલાકોમાં વિજયનો વાવટો ફરકાવી દીધો.

શહેનશાહ તો આભો જ બની ગયો !

આવો ચમત્કાર કેવી રીતે કર્યો ? સૈનિકોમાં આવું જોમ આવ્યું ક્યાંથી ?

નોબુ નેગાએ સિક્કા ઉછાળવા દ્વારા કેવી રીતે હતાશા ખંખેરી અને માનસપરિવર્તન કર્યું એ વાત જણાવી.

'પણ, ધારો કે રાજાની છાપ ઉપર આવી એનાથી ઊંધું થયું હોત તો ?' શહેનશાહે પ્રશ્ન કર્યો.

'નામદાર, એ શક્ય જ ન હતું. ટંકશાળમાંથી મેં ખાસ સિક્કો બનાવડાવેલો જેની બન્ને બાજુ રાજાની છાપ જ હોય.' નોબુ નેગાએ રહસ્ય ખુલ્લુ કર્યું.

સમ્રાટ પોતાના સેનાપતિને ભેટી પડ્યો : 'વાહ, મારા દોસ્ત ! તેં તો કમાલ કરી, તારી બુદ્ધિ , તારી સમય સૂચકતા, તારી વિશેષજ્ઞતા તારા વખાણ કરું એટલા ઓછા છે.'

વિશેષજ્ઞતા એ માર્ગાનુસારીનો મહત્વનો ગુણ છે. આ ગુણવાળા માણસો ગમે તેવી કપરી સ્થિતિને સરળ બનાવી દે છે. ગમે તેવી પ્રતિકૂળતામાંથી માર્ગ કાઢી લે છે...અને પરિસ્થિતિનો પૂરેપૂરો લાભ ઉઠાવી અણધાર્યો ચમત્કાર સર્જે છે.

કર્મોના હુમલા સામે પણ આવી વિશેષજ્ઞતા બતાવનારા થોડી પળોમાં સડસડાટ ક્ષપકશ્રેણિ ઉપર ચડી ગયા છે...આપણે એમને આદર્શ બનાવીએ.

૨૫ આ. વૃદ્ધવાદિ સૂરિ

આ. પાદલિપ્તસૂરિજીની પરંપરામાં થયેલા આ. સ્કંદિલસૂરિજી મહારાજ વિહાર કરતાં કરતાં ગૌડ દેશમાં પધાર્યા. એ પ્રદેશના કૌશલા ગામનો મુકુંદ નામનો બ્રાહ્મણ સૂરિજીના સંપર્કમાં આવ્યો. સંતપુરુષોની સોબતના અગણિતલાભ છે. કહેવાય છે કે - ગંગા - પાપને હરે છે, ચંદ્રમાં તાપને સમાવે છે, સૂર્ય અંધકારને હરે છે, જ્યારે સંતપુરુષોની છાયા એક સાથે પાપ-તાપ-સંતાપ-અંધકારને દૂર કરે છે.

મુકુંદના હૃદયમાં વિષયોનો વૈરાગ્ય ઝળહળવા લાગ્યો. એણે સૂરિજીને વિનંતી કરી 'મને અસાર સંસારમાંથી તારો.' મુકુંદની યોગ્યતા જણાતાં એને દીક્ષા આપવામાં આવી. મોટી ઉંમરે દીક્ષા લેનારા મુકુંદમુનિને સૂત્રો કંઠસ્થ કરવામાં ભારે જહેમત ઉઠાવવી પડતી. એમનો અવાજ પહાડી હતો અને જોર જોરથી ગોખવાની આદત હતી. અને પોતાનો પાઠ પૂરો ના થાય ત્યાં સુધી પ્રયાસ છોડે તેવા ન હતા. પરિણામે પૂરા ઉપાશ્રયમાં એમનો બુલંદ ઘોષ રેલાતો. બીજા મુનિઓને આ રોજનું થતાં અપ્રિય લાગવા માંડ્યું. મુકુંદમુનિને કહ્યું પણ ખરું કે જરા નીચે સાદે ગોખો તો સારું. વળી તમારા ઘોંઘાટથી જાગી ગયેલા હિંસક જીવો હિંસા આદિ કરે એના નિમિત્ત તમે બનો છો. એના કરતાં ધ્યાન-જાપ વગેરે અભ્યંતર તપ પ્રત્યે વધારે ઝોક આપો. પણ, મુનિ એમની ટેવ પ્રમાણે જ ગોખતા. વિહાર કરીને સૂરિજી ભરૂચ પધાર્યા. કયારેક અન્ય મુનિઓ થાક્યા હોય, આરામ

કરતાં હોય, ત્યારે મુકુંદમુનિનો ગોખવાનો અવાજ એમને અકળાવવા લાગ્યો. એક યુવાન મુનિએ તો અકળાઈને કહી દીધું કે 'મુનિરાજ ! પાકા ઘડે કાંઠા ના ચડે. હવે આ વયે જે થોડું ઘણું ભણ્યા એનાથી સંતોષ માનો. તમે તો પાકું પાન છો, ઘણું ભણીને ય તમે શું કરવાના છો ? શું તમે સાંબેલા ઉપર ફુલ ઉગાડશો. ભલા થાવ ને આ ઘોંઘાટ કરવો બંધ કરો.' મુનિના શબ્દે શબ્દમાં અકળામણ અને રોષ ટપકતો હતો.

મુકુંદ મુનિને માઠું લાગ્યું. એ વિચારવા લાગ્યા. 'મારે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ મંદ છે માટે જ મારે આટલું બધું ગોખવું પડે છે અને આવા નાના સાધુઓના ઠપકા મારે આ ઘરડે ઘડપણ સાંભળવા પડે છે. પણ, ના, હું પણ એ લોકોને બતાવી આપીશ કે પંડિત બનવાનો ઈજારો કંઈ તમારો નથી. અરે ! પાકા ઘડે કાંઠા ચડાવી આપું ! સાંબેલા ઉપર ફુલ ઉગાડી આપું ! અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો ! મા સરસ્વતીની કૃપા મેળવીને પાંડિત્ય પ્રાપ્ત કરીશ જ. 'દેહં પાતમામિ વા કાર્ય સાધયામિ' આ મારો દૃઢ નિર્ધાર છે.' મુકુંદ મુનિના એક એક શબ્દની પાછળ અખૂટ આત્મવિશ્વાસ અને દૃઢ મનોબળનો રણકાર ગુંજતો હતો. એ ઊઠ્યા એમનું એક એક ડગલું પૂર્ણ વિશ્વાસથી છલોછલ ભર્યું હતું.

એ પહોંચ્યા નાલિકેર નામના પ્રસિદ્ધ જિનાલયમાં. આ જિનાલયમાં સરસ્વતી દેવીની એક કમનીય મૂર્તિ હતી અને એ બહુ પ્રભાવશાળી મનાતી. આ પ્રતિમાની સામે મુકુંદમુનિ બેસી ગયા. નિષ્કંપ આંખો મા ભારતીના ચરણો પર સ્થપાઈ છે. કાયા અડોલ છે. ઘડીને પ્રહરો નહીં દિવસો વીત્યા...એક બે નહીં પૂરા એકવીસ ! પણ, મુનિ એવા જ અડગ છે ખડગ જેવા. મુનિની આ સાધનાથી સરસ્વતી દેવી પ્રસન્ન

થયા : 'વત્સ ! હું પ્રસન્ન છું. તારા મનોરથો પૂર્ણ થશે.' મુનિની સાધનાએ એના લક્ષ્યને આંબી લીધું હતું. એ પ્રસન્ન વદને ઊભા થયા. ૨૧ ઉપવાસનું આજે પારણું કરવાનું હતું. એક શ્રાવકના ઘરે ગયા અને ત્યાં સાંબેલું જોયું. એના પર થોડું પાણી છાંટીને મુકુંદ મુનિ બોલ્યા : 'હે સરસ્વતી માતા! આપની કૃપાથી મારા જેવા પણ જો વિદ્વાન બની શક્તા હોય તો આ સાંબેલા ઉપર ફૂલ ઉગો.' અને ચમત્કાર થયો! સાંબેલા ઉપર ફૂલ ઊગ્યા! પછી તો પૂછવું જ શું ?આખા ભરૂચમાં મુનિના વખાણ ચોરે ને ચૌટે થવા લાગ્યા.

વાહ ! ભાઇ વાહ ! શું સરસ્વતી દેવીની કૃપા મેળવી છે ! પાકા ઘડે કાંઠા ચડાવી દીધા ! ધન્ય ધન્ય!

આચાર્યશ્રી સ્કંદિલસૂરિજીએ પણ ભારતીના કૃપાપાત્ર મુકુંદમુનિને આચાર્યપદે સ્થાપિત કર્યા. પોતાના સમુદાયની જવાબદારી નૂતન આચાર્યને સોંપી, અણશણ કરી સ્કંદિલાચાર્ય સ્વર્ગે સિધાવ્યા. નૂતન આચાર્યશ્રી જગતમાં વૃદ્ધવાદી સૂરિ તરીકે પ્રસિદ્ધિને પામ્યા. ઠેર ઠેર શાસન પ્રભાવના કરતાં આચાર્યશ્રીએ પોતાના વિશાળ પરિવાર સાથે માળવામાં પધરામણી કરી. ત્યારે માળવાની પાટનગરી ઉજ્જયિનીમાં વિક્રમાદિત્ય રાજાનું રાજ્ય તપતું હતું.(ઇતિહાસવિદ્ પં. કલ્યાણ વિ.મ.ના મતે આ રાજા ગુપ્તવંશીય દ્વિતીય ચંદ્રગુપ્ત હતો. વિક્રમાદિત્ય એવું ઉપનામ હતું. વિક્રમના ચોથા પાંચમાં સૈકામાં એ થયો.)

આખા માળવામાં વૃદ્ધવાદીસૂરિ પધાર્યાના સમાચારો ફેલાઇ ગયા. સરસ્વતીના કૃપાપાત્ર આ સૂરિજીના દર્શન કરવા દૂર દૂરથી લોકો આવવા લાગ્યા. સિદ્ધસેન નામના એક વિદ્વાન પંડિતને કાને સમાચાર પડ્યા કે કોઇ જૈનોના વૃદ્ધવાદી આવ્યા છે. ચર્ચા અને વાદ-વિવાદના રસિયા

સિદ્ધસેનને થયું ચાલો જોઇએ એવા તે કેવા વૃદ્ધવાદી છે. વાદ કરતાં કરતાં ઘરડાં થઇ ગયા હશે ! ગમે તે હો એમની જોડે વાદ કરવો છે.

ઘણાં વરસથી કોઇ જોડે વાદ કરવાનો મોકો નથી મળ્યો. પૂછતો પૂછતો પહોંચ્યો ઉપાશ્રયે. આ. વૃદ્ધવાદીસૂરિ જ એને મળી ગયા. એણે પૂછ્યું. 'વૃદ્ધવાદી કોણ છે.?'

આચાર્યશ્રી કહે : 'હું જ છું એમ માની લે ને ?'

'મારે આપની સાથે ગોષ્ઠી કરવી છે.'

'હું કાત્યાયન ગોત્રનો બ્રાહ્મણ છું મારા પિતાનું નામ દેવર્ષિ છે, અને માતાનું નામ દેવશ્રી છે.' પોતાના પરિચય અને ઇચ્છા પ્રગટ કરી સિદ્ધસેન બ્રાહ્મણ અટક્યો.

'તો પછી આપણે કોઇ રાજસભામાં જઇને ગોષ્ઠી કરીએ.' આચાર્યશ્રીએ એની ગોષ્ઠીનું આહ્‌વાન ઝીલા લેતા જણાવી દીધું.

'ના, રે ના, અહીં અને આ જ સ્થળે આપણે આપણી ચર્ચા કરી લઇએ.' સિદ્ધસેનના વાક્યમાં તાત્કાલિક વાદ કરવાનો આગ્રહ ચાડી ખાતો હતો.

'તો ભલે ત્યારે અહીં જ બેસી જઇએ ચર્ચા કરવા. અને આ ગોવાળો આપણી ચર્ચાના નિર્ણાયક.ભલે,ત્યારેકરો ચર્ચા શરૂ. વૃદ્ધવાદીસૂરિજીના શબ્દે શબ્દમાં અપાર સ્વસ્થતા હતી. ગોવાળો બેસી ગયા. એમને આવા પંડિતો બોલાવીને બેસાડે એની જ મોટી નવાઇ લાગતી હતી. કંઇક કૌતુક જોવા મળશે એવી કુતૂહલતા સાથે બધા ગોવાળો પોત-પોતાની ડાંગ બાજુમાં મૂકીને બેસી ગયા.

સિદ્ધસેન પંડિત તો ક્યારનોય વાદ કરવા તલ-પાપડ થઇ ગયેલો. એણે તો તરત જ સંસ્કૃતભાષામાં સમાસપ્રચૂર ભાષામાં 'સર્વજ્ઞ નથી' એવી પોતાની પ્રતિજ્ઞા જાહેર કરી. અને પછી પ્રમાણથી, અનુમાનથી, આગમથી

કોઈપણ રીતે સર્વજ્ઞત્વ સિદ્ધ થઇ શકતું નથી એ બાબતની લાંબી લાંબી દલીલો કરી કરીને લાંબુ-લચક ભાષણ ઠપકારી દીધું.

પેલા અંગૂઠા છાપ ગોવાળોને તો આ શું લવારો કરે છે એ કંઇ સમજાતું જ નહીં. એના ભાષણથી બોર થઇ ગયા. એનું ભાષણ પુરું થતા 'હાશ, આ લવારો પૂરો થયો.' એવી ખુશાલીથી પ્રસન્ન થઇ ગયા.

સરસ્વતીના કૃપા પાત્ર સૂરિજીતો સમયજ્ઞ હતા. એમણે ગોવાળોને પૂછયું.: 'તમે, આમાં કંઇ સમજયા ?'

'ના રે ના, આવડો આ કઇ ભાષામાં બોલે છે ઇ જ ખબર પડતી નથી. ફારસીભાષામાં બોલતો લાગે છે.'

આ પંડિત એમ કહે છે કે - 'વીતરાગ ભગવાન છે જ નહીં'

'સાવ ગપ્પું. હળહળતું જૂઠ' અમારા ગામમાં હાલ્ય તને બતાવું કેવું મજાનું શિખરબંધી જિનાલય છે અને એમાં તીર્થંકર ભગવાન બિરાજમાન છે. નાના છોકરા પણ આટલું તો જાણે છે. આવી ખોટી વાત અમે હરગિજ માનનાર નથી.' ગોવાળોએ રોકડું પરખાવ્યું.

વૃદ્ધવાદિસૂરિજી હવે પં. સિદ્ધસેન તરફ ફર્યા અને કહ્યું : 'જો, હવે તારા સર્વજ્ઞત્વના ખંડનનો જવાબ પણ તને આપી દઉં. પ્રજ્ઞાની તરતમતા તો જાણીતી છે. એનો જે ચરમ ઉત્કર્ષ હોય તે સર્વજ્ઞ.'

સીધી સાદી પણ નક્કર દલીલો સાંભળ્યા પછી પં. સિદ્ધસેને કાનની બુટ પકડીને કહ્યું : 'બરાબર છે. સર્વજ્ઞ છે એ વાત હું સ્વીકારું છું.

પછી સૂરિજીના ચરણોમાં ઝૂકીને પંડિતે વિનંતીના સ્વરમાં કહ્યું : ગુરુદેવ ! મેં સંકલ્પ કરેલો, જેનાથી હારું એનો શિષ્ય બનું. માટે મને આપના શિષ્ય તરીકે સ્વીકારો.

આચાર્યશ્રીએ એના વૈરાગ્યભાવ વગેરે ચકાસી દીક્ષા આપી. પં. સિદ્ધસેન 'મુનિ કુમુદચન્દ્ર'નું નામાંતર પામ્યા. તીવ્ર મેધાના સ્વામી કુમુદચંદ્રમુનિ થોડા સમયમાં શાસ્ત્રોના પારગામી બન્યા. યોગ્યતા પીછાણી ગુરુદેવે એમને સૂરિપદે સ્થાપન કર્યા. ગચ્છનો ભાર સોંપી વૃદ્ધવાદિસૂરિજીએ અન્યત્ર વિચરણ કર્યું.

નૂતન આચાર્ય બનેલા સિદ્ધસેનસૂરિ અત્યંત પ્રતિભા સંપન્ન હતા. એકવાર રાજા વિક્રમની સવારી આવી રહી હતી. આચાર્યશ્રીએ હાથ ઊંચો કરી મોટેથી 'ધર્મલાભ' આશીર્વાદ આપ્યો. રાજાએ માથું નમાવ્યા વિના માનસિક નમસ્કાર કરેલો, પણ, સૂરિજી એ પામી ગયેલા...આચાર્યના જ્ઞાનથી પ્રભાવિત રાજા વિક્રમે એક કરોડ સોનામહોર સૂરિજીને દાનમાં આપવાનો નિર્ણય કર્યો. આચાર્યશ્રી કહે અમારે અપરિગ્રહવ્રત હોય છે. અમને ન ખપે. રાજાએ સાધર્મિકો અને જિર્ણ ચૈત્યના ઉદ્ધારમાં એ દ્રવ્ય વાપરવા વ્યવસ્થા કરી.

(પ્રભાવક ચરિત્ર)

૨૬ આ.સિદ્ધસેન દિવાકર સૂરિ

માળવાથી વિચરતાં આ. સિદ્ધસેન સૂરીશ્વર મેવાડમાં પધાર્યા. ચિત્તોડમાં પર્વત ઉપર એક સ્થંભને જોતાં સૂરિજીના પગ થંભી ગયા. સ્થંભને ધારી ધારીને જોયો. બારીકાઈથી નિરીક્ષણ કર્યું. આ સ્થંભ શેનાથી બનાવ્યો હશે ? લાકડું નથી, પથ્થર પણ નથી, માટી કે ધાતુ હોવાની પણ શક્યતા નથી. તો કઈ ચીજથી બન્યો હશે. ઊંડા વિચારમાં ડૂબી ગયા આચાર્યશ્રી....આખરે એવો નિર્ણય થયો કે આ કોઈક રાસાયણિક સંયોજનથી બનાવેલો છે. હવા, પાણી અંદર ન પ્રવેશી શકે એવા કોઈ

ચૂર્ણોથી આનું નિર્માણ થયું છે. જરૂર આની અંદર કશીક દુર્લભ ગુપ્ત ચીજ હોવી જોઇએ. પણ, આને ખોલવો શી રીતે !

જે રસાયણો પ્રયોજ્યા હોય એનાથી વિરુદ્ધ રસાયણો વાપરવાથી એમાં છેદ થઇ શકે. બીજી કોઇ પદ્ધતિ શક્ય નથી.

તરત જ સૂરીશ્વરે આંખ-નાકને સતેજ બનાવ્યાં. ગંધ સૂંઘીને એના રંગ જોઇને ઘટક રસાયણદ્રવ્યોનો પત્તો લગાવ્યો. એના વિરોધી દ્રવ્યોનું પણ સૂરિજીને જ્ઞાન હતું જ. એનો ઉપયોગ કરતાં જ થાંભલામાં છીદ્ર પડ્યું. અંદર હાથ નાંખ્યો તો ગ્રંથો ! ઓહો ! મહત્ત્વના ગ્રંથોને સુરક્ષિત રાખવાનો આ દૈવી પ્રયાસ જણાય છે !

એક ગ્રંથ બહાર કાઢીને ખોલ્યો. મંત્રો ને તંત્રોથી ભરેલો ગ્રંથ... જે પાનું ખુલ્યું એમાં સુવર્ણસિદ્ધિનો પ્રયોગ હતો. બીજા શ્લોકમાં સરસવમાંથી સુભટ બનાવવાનો પ્રયોગ હતો...ત્રીજો શ્લોક વાંચવા જાય છે તો હાથ ખાલી છે! હાથમાનું પુસ્તક ગાયબ છે! સ્તંભનું છિદ્ર પણ પૂરાઇ ગયું છે!

સૂરિજી પામી ગયા કે - અધિષ્ઠાયક દેવતાનું આ કાર્ય છે. મંત્ર-તંત્રો અયોગ્ય માણસના હાથમાં ન જાય એની કાળજી લેવી એ અધિષ્ઠાયકનું કર્તવ્ય છે...ખેર...વાંધો નહીં, બે શ્લોક તો વાંચ્યા છે...બે મંત્રો તો મળી ગયા છે....એ પણ કાફી છે....

પૂર્વ દેશમાં કુમાર નગરમાં સૂરિજી બિરાજમાન હતા ત્યાંનો રાજા દેવપાલ સૂરિજી પ્રત્યે અપૂર્વ ભક્તિ ધરાવતો. એક દિવસ સૂરિજીના ચરણોમાં માથું મૂકીને દેવપાલ કહે : ગુરુદેવ ! હું સંકટમાં આવી પડ્યો છું ઉગારવો આપના હાથમાં છે. આપના શરણે આવ્યો છું ' આચાર્યશ્રી કહે : શું સંકટ છે તે કહે. ધર્મના પ્રભાવે બધું સારું થઇ જશે.

ગુરુદેવ ! કામરૂપ દેશનો માથાભારે રાજા વિજયવર્મા મોટા સૈન્ય સાથે ચડી આવ્યો છે. મારા નગરને ઘેરી લીધું છે. મારી પાસે સૈન્યબળ પણ અલ્પ છે અને ધનબળ પણ ઓછું જ છે. હું શું કરું ! કંઈ સૂઝતું નથી. આપના શરણે છું.'

સૂરિજીએ રાજાના મસ્તક પર હાથ ફેરવ્યો : 'દેવપાલ ! ગભરા નહીં. બધો રસ્તો નીકળી જશે. કશો વાંધો નહીં આવે....'

દેવપાલ : 'આપનો વરદ હાથ માથે ફર્યો છે...હવે શું ચિંતા હોય! હવે મારી ચિંતા આપને ભળી...

સૂરિજી પાસે સુવર્ણસિદ્ધના અને સરસવમાંથી સિપાઇ સર્જનાર મંત્રો હતા જ....ઘડી-બેઘડીમાં બધું સંકટ ટળી ગયું...આફતના ઠેકાણે જયાફત !

'ગુરુદેવ ! આપે ઘોર અંધકારમાં પ્રકાશ ફેલાવ્યો !આપ સાક્ષાત્ 'દિવાકર' છો....

હવે દિવાકર સૂરિજીનું બિરૂદ બની ગયું. 'આ. સિદ્ધસેન દિવાકરસૂરિ નામ ઠેર ઠેર પ્રચલિત બનતું રહ્યું.

'અતિ સર્વત્ર વર્જયેત્' આ ઉક્તિ બહુ જાણીતી છે. રાજા દેવપાલે ગુરુભકિતમાં પણ 'અતિ'કરી નાંખી. આચાર્યશ્રી પગે ચાલીને જાય એ એને ન ગમ્યું. એણે સૂરિજીને પરાણે પટ્ટહસ્તી પર બેસાડ્યા...પાલખીમાં બેસાડ્યા. હવે સૂરિજી ઉપાશ્રયમાંથી બહાર નીકળે ત્યારે પાલખી હાજર હોય જ. ઉપાડનારા માણસો પણ હોય જ...સાધુજીવનમાં આવા ઠઠારા ન શોભે...મર્યાદાનું ઉલ્લંઘન રાજાને રાજી કરવા ન કરાય એવું કેટલાક શાણા માણસોને લાગતું પણ, આ વાત કોણ કહે ! બિલાડીના ગળે ઘંટ કોણ બાંધે ?

આ. વૃદ્ધવાદિસૂરિના ધ્યાનમાં આ વાત આવી. એમને દુઃખ થયું. આવો વિદ્વાન માણસ પણ રાજાની શેહમાં તણાય.... જિનશાસનની કેવી હિલના થઈ રહી છે ! અને એ મારો શિષ્ય છે. એના ગુણ-દોષની જવાબદારી મારી છે. શિષ્યના દોષોનું આઠગણું પ્રાયશ્ચિત ગુરુને આવે છે...મારી જવાબદારી છે...આ અટકાવવાની....'

વૃદ્ધવાદિજીનું અંતર વલોવાતું હતું....વ્યથિત હૃદયે એમણે પગ ઉપાડ્યા અને વૃદ્ધાવસ્થામાં પણ ઉગ્ર વિહારો કરી બંગાળમાં આવ્યા....કુમારગામ પહોંચતા પહેલાં એમણે વેશપરિવર્તન કરી લીધું. ઉપાશ્રયથી રાજદરબાર જવાના રસ્તા ઉપર એક જગ્યા પસંદ કરી લીધી....

આચાર્યશ્રી સિદ્ધસેન દિવાકર સૂરિની સવારીના આગમનનો સમય થવા આવ્યો. સહુ રાજમાર્ગ ઉપરથી બાજુમાં હટી એક બાજુ ઊભા રહી ગયા.

આગળ રાજસૈનિકો અને પાછળ પાલખીમાં બિરાજેલા સિદ્ધસેનસૂરિની સવારી નીકળી, લોકો ઝૂકી ઝૂકીને પ્રણામ કરે છે...આચાર્ય બધાના વંદનને ઝીલતાં આશીર્વાદ આપે છે...ધીમે ધીમે પાલખી પસાર થઈ રહી છે...

ત્યાં એક વૃદ્ધે હાથ ઊંચો કરી ઊભા રહેવાનો સંકેત કર્યો. 'વૃદ્ધને કંઈક કહેવું છે.ઊભા રહો.' આચાર્યશ્રીનો હુકમ થતાં પાલખી ઊભી રહી.

'બોલો ડોસા, શું કામ છે ?'

'એક પ્રશ્ન પૂછવો છે.'

'ભલે, પૂછી લો.'

'એક પ્રાકૃતગાથાનો અર્થ કરવો છે.'

'હા, હા, સંસ્કૃત-પ્રાકૃત કોઈપણ ભાષાનો કોઈપણ શાસ્ત્રનો કોઈપણ પ્રશ્ન પૂછો.' સિદ્ધસેને બેફિકરાઈથી કહ્યું.

વૃદ્ધના મોઢામાંથી ગાથા સરી પડી :

'अणहुल्लीय फुल्ल म तोडहु, मन आरामा म मोडहु ।

मणकुसुमेहिं अच्चि निरंजणु, हिंडइ कांइ वणेण वणु ॥'

ગાથા સાંભળતા સિદ્ધસેનજીનું મગજ સક્રિય થયું. પણ, ગાથાનો મર્મ સમજાય નહીં. એમણે કહ્યું : 'બીજું કંઈક પૂછો ને'

'ના, તમે જરા વિચાર કરીને આ ગાથાનો જ અર્થ સમજાવો ને.' આચાર્યશ્રીને ગાથાનો અર્થ આવડતો ન હતો. પણ, આમ ભરબજારમાં હજારો લોકો વચ્ચે કોઈ ડોસો પૂછે એ ગાથાનો અર્થ નથી આવડતો એમ કહેતાં શરમ આવતી હતી...એટલે કંઈક અષ્ટમ પષ્ટમ અર્થ કરી નાંખ્યો. પણ, ડોસો જબરો હતો. એ કહે : 'આ અર્થ બરાબર નથી.'

આચાર્ય કંટાળ્યા કહે : તો તમે જ કરો આનો અર્થ'

વૃદ્ધે કહ્યું : 'જુઓ, મનુષ્ય દેહ અને અલ્પ આયુષ્ય રૂપ પુષ્પ મળ્યા છે. માન-સન્માનની લાકડીથી આ આયુષ્યના બગીચાને તોડી-ફાડી નાંખવો બરાબર નથી. મન-કુસુમથી નિરંજન દેવની પૂજા કરવાની છે. આજ્ઞા પાળવાની છે. આજ્ઞા ભંગ કરી સંસારમાં રખડવાનો આ ધંધો કેમ કરે છે !'

અત્યાર સુધી જો કે આ વૃદ્ધ ડોસો પોતાના ગુરુ વૃદ્ધવાદિ હોય એવો જરા પણ શક ન હતો કેમ કે અહીં આટલે દૂર બંગાળમાં વયોવૃદ્ધ ગુરુદેવ ક્યાંથી હોય ?...પણ જ્યારે ગાથાનો અર્થ સાંભળ્યો ત્યારે આ. સિદ્ધસેનસૂરિને થયું આ અવાજ, આ લેહકો, આ જ્ઞાન, આ તો મારા તારક ગુરુદેવના જ લાગે છે. ધારીને જોયું અને એ પાલખીમાંથી કુદી ગુરુના ચરણે લેટી પડ્યા.

'ગુરુદેવ ! મને ક્ષમા કરો.' આ. સિદ્ધસેનના નેત્રોમાં અશ્રુઓના પૂર ઉમટ્યા હતા.

હવે ગાથાનો અર્થ સ્પષ્ટ થયો હતો. ગાથાના શબ્દોમાં ગુરુદેવની વેદના કેટલી ઘટ્ટ બની છે એ સ્પષ્ટ સમજાવા માંડ્યું !'હિંડઇ કાંઇ વણેણ વણુ'

એક જંગલમાંથી બીજા જંગલમાં કેમ જાય છે ? મેં તને સંસારમાંથી બહાર કાઢ્યો અને તું પાછો રાજસન્માનમાં લપટાયો ! આ પ્રશંસા અને માનકષાય તને ક્યાં લઈ જશે ?

આ. વૃદ્ધવાદિસૂરિએ જોયું કે તેજીને ટકોર બસ છે. એક જ ગાથાએ સિદ્ધસેનને પોતાની ભૂલ સમજાઇ છે.એ ઠેકાણે આવી ગયો છે. હવે એને ચાબખા નહીં વાત્સલ્યની જ જરૂર છે. સિદ્ધસેનના માથે વાત્સલ્યમય હાથ પસરાવતાં ગુરુ કહે : 'વત્સ ! એમાં તારો વાંક નથી. આ કાળનો પ્રભાવ એવો છે કે ભલભલા રાજસન્માન અને વાહ વાહમાં તણાઈ જાય...ખેર, જાગ્યા ત્યારથી સવાર...હવે આ બધું છોડી દે.'

પાલખીને રાજદરબારે મોકલી દીધી. ગુરુ-શિષ્ય ઉપાશ્રયે આવ્યા.

આ. સિદ્ધસેનને લાગ્યું : 'શાસનદેવીએ મંત્રોનું પુસ્તક લઇ લીધું તે યોગ્ય જ કર્યુ છે. બે શ્લોક પણ હું પચાવી ન શક્યો.'

ગુરુદેવ કેવા ઉપકારી ! મને ડૂબતો બચાવવા આ ઉંમરે કેટલો વિહાર કર્યો !...ગુરુદેવ ન આવ્યા હોત તો મારું પતન ક્યાં જઈ અટકત...!..

ગુરુ ચરણોમાં વંદના કરી આ. સિદ્ધસેને તમામ ભૂલોની આલોચના કરી. ગુરુદેવે પ્રાયશ્ચિત્ત-તપ આપ્યો. ગચ્છનો ભાર સોંપી અણસણ કરી ગુરુદેવ સ્વર્ગે ગયા...(પ્રભાવક ચરિત્ર)

૨૭ કર્મ નચાવે નાચ

મનોરમપુર નામનું નગર છે. રાજા રિપુમર્દનનું રાજ ચાલે છે.

રાજાને સંતાનમાં એક માત્ર રાજકુંવરી ભાવિની....

એકની એક લાડકી દીકરી રાજાને પ્રાણથી ય પ્યારી. કુંવરી પાણી માંગે ને દૂધ હાજર થાય. એનો પડ્યો બોલ ઝીલવા નોકર-ચાકરો હંમેશા ખડે પગે રહેતાં.

ભણવાની ઉંમરે ભાવિની પહોંચી ત્યારે પુણ્યદત્ત નામના વિદ્વાન પંડિતજીની પાઠશાળામાં એને દાખલ કરવામાં આવી.પાઠશાળામાં બીજા પણ અનેક વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ ભણતાં.

પં. પુણ્યદત્ત અનેક કલાઓમાં નિપુણ હતા. સામુદ્રિકશાસ્ત્રમાં તો એ પારંગત ગણાતા.

એક દિવસ રાજકુંવરી ભાવિનીએ પંડિતજીને પ્રશ્ન કર્યો. 'મારો વર કોણ થશે ?'

પ્રશ્ન જ્યારે કરવામાં આવે ત્યારે પ્રશ્નકર્તા ક્યાં ઊભો છે, એની આજુ-બાજુ કોણ છે, એ વખતે કઇ નાડી ચાલે છે, પશુ-પક્ષીના અવાજો કઇ દિશામાંથી આવે છે, આવી બધી બાબતોનું મહત્ત્વ હોય છે.

ભાવિનીએ પ્રશ્ન કર્યો ત્યારે બાજુમાં ધનદત્ત શેઠનો સૌથી નાનો પુત્ર કર્મરેખ ત્યાં બાજુમાં ઊભો હતો.

પુણ્યદત્ત પંડિતજીએ પોતાના શાસ્ત્રીય જ્ઞાનાભ્યાસના આધારે જાણી લીધું કે પ્રશ્નકર્તા રાજકન્યાનો પતિ એની બાજુમાં ઊભેલો કર્મરેખ જ થશે. આમાં કોઇ શંકાની વાત નથી.

ભાવીના આ લેખ ઉપર કોઇ મેખ વાગી શકવાની નથી.

કર્મરેખ તરફ આંગળી ચીંધીને પંડિત પુણ્યદત્તે પ્રશ્નસૂચક નજરે ઊભેલી રાજકુંવરીને કહ્યું : 'આ ઊભો તે કર્મરેખ, તારો ભાવિપતિ છે.'

પંડિતજીના એક એક શબ્દો મણ-મણના ભાર મુકીને ઉચ્ચારાયા હોય એવા દૃઢ હતા.

રાજકુંવરી ભાવિનીને એક એક શબ્દમાં કાળોતરા નાગના ફુંફાડા સંભળાતા હતા. કાનમાં તપાવેલું સીસું નાખ્યું હોય એવી કાળી વેદના ઉપસી આવી.

એનું મન આક્રોશ કરી બેઠું : મારી જેવી રાજકુંવરી આવા હાલી-મવાલી વાણીયા જોડે પરણે !

પાઠશાળાનો સમય પુરો થયો. ભાવિની ઘરે ગઈ. પણ એના મગજમાં પંડિતજીના શબ્દો ઘણની જેમ પછડાતાં હતાં. આ કર્મરેખ તારો પતિ બનશે.

એનું મન બળવો કરવા લાગ્યું : આ કદી નહીં બને. રિપુ-મર્દનરાજાની આ લાડકી દીકરી તો કોઈ મોટા રાજા મહારાજાના ગળામાં જ વરમાળા પહેરાવશે, નહી તો આત્મહત્યા કરીને જીવનનો અંત આણશે.

એક બાજુ પોતાનો આ અફર નિર્ણય છે. તો બીજી બાજુ પંડિતજીનું જ્ઞાન પણ અગાધ છે. એમના ભવિષ્યકથન સચોટ સાચા પડતાં હોય છે.

મનના મેદાનમાં કલ્પનાઓનું તુમૂલ જામ્યું છે. એક બાજુ કર્મરેખ જેવાને પરણવું નથી. બીજી બાજુ પંડિતજીનું ભવિષ્યકથન છે. રાજકુમારીને ચેન પડતું નથી. એણીને થયું : 'કર્મરેખની હસ્તિ આ ધરતી પરથી મટી જાય તો જ આ ચિંતાનો ઉકેલ આવે. ન રહે બાંસ ન બજે બાંસરી.'

રાજ-રાણીઓ અને રાજકન્યાઓને જ્યારે એમનું ધાર્યું પાર પાડવું હોય ત્યારે સીધો ને સાદો ઉપાય રિસાઈ જવાનો. આ માટે અંતઃપુરમાં

ખાસ કોપભવન પણ રહેતાં. રાજકન્યા રિસાઇને કોપ-ભવનમાં પહોંચી ગઇ.

ભોજનની વેળા થઇ. મહારાજા રિપુમર્દન એમની લાડકી ભાવિનીને મુકીને કદી જમતા નહીં.

ભાવિનીને શોધતાં શોધતાં મહારાજા કોપ-ભવનમાં પહોંચ્યા. ભાવિનીની આંખમાંથી શ્રાવણ ને ભાદરવો વહે છે.

છાતીમાંથી મણ મણનાં નિસાસા નિકળે છે.

મહારાજા બેબાકળા થઇ ગયા. 'અરે! મારી લાડકીની કોણે આ દશા કરી ?' મહારાજની પ્રશ્નભરી આંખો લાલાશ પકડવા લાગી.

'બેટા, શાંત થા. કોણે તને દુઃખી કરી. બોલ જલદી બોલ. . .'

ભાવિનીએ પાઠશાળામાં ઘટેલી ઘટના કહી.

મહારાજા કહે : 'બેટા ! તું પસંદ કરે એવા રાજકુમાર જોડે તને પરણાવીશ. તું નિશ્ચિંત થઇ જા.'

'પણ, પિતાજી એ પાજી કર્મરેખ જીવતો હશે ત્યાં સુધી આ ભવિષ્ય- કથનનો ભય મારા હૈયાને ફફડાવતો રહેશે. આ કાંટાને ગમે તેમ કરીને દૂર કરો.'

રાજા રિપુમર્દન ઊંડા ચિંતનમાં ગરકાવ થઇ ગયો. પોતે રાજા ઉઠીને કોઇ નિર્દોષ શ્રેષ્ઠિપુત્રની હત્યા કરાવે તો રાજધર્મનો લોપ થાય.

એકબાજુ રાજધર્મનો લોપ છે. બીજી બાજુ લાડકી દીકરીની હઠ છે. મૂંઝાયેલા રાજાએ પ્રધાનની સલાહ લીધી.

પ્રધાને કહ્યું :'મહારાજ ! એક કામ કરીએ. ધનદત્ત શેઠને બોલાવીએ. એમને કર્મરેખ સિવાય બીજા સાત છોકરા છે. શેઠને ધન વગેરે આપીને એમનો છોકરો માંગી લઇએ. પછી આપણે એનું કંઇ પણ કરીએ તો અધર્મ ન કહેવાય.'

કર્મરેખ તરફ આંગળી ચીંધીને પંડિત પુણ્યદત્તે પ્રશ્નસૂચક નજરે ઊભેલી રાજકુંવરીને કહ્યું : 'આ ઊભો તે કર્મરેખ, તારો ભાવિપતિ છે.'

પંડિતજીના એક એક શબ્દો મણ-મણના ભાર મુકીને ઉચ્ચારાયા હોય એવા દૃઢ હતા.

રાજકુંવરી ભાવિનીને એક એક શબ્દમાં કાળોતરા નાગના ફુંફાડા સંભળાતા હતા. કાનમાં તપાવેલું સીસું નાખ્યું હોય એવી કાળી વેદના ઉપસી આવી.

એનું મન આક્રોશ કરી બેઠું : મારી જેવી રાજકુંવરી આવા હાલી-મવાલી વાણીયા જોડે પરણે !

પાઠશાળાનો સમય પુરો થયો. ભાવિની ઘરે ગઇ. પણ એના મગજમાં પંડિતજીના શબ્દો ઘણની જેમ પછડાતાં હતાં. આ કર્મરેખ તારો પતિ બનશે.

એનું મન બળવો કરવા લાગ્યું : આ કદી નહીં બને. રિપુ-મર્દનરાજાની આ લાડકી દીકરી તો કોઇ મોટા રાજા મહારાજાના ગળામાં જ વરમાળા પહેરાવશે, નહી તો આત્મહત્યા કરીને જીવનનો અંત આણશે.

એક બાજુ પોતાનો આ અફર નિર્ણય છે. તો બીજી બાજુ પંડિતજીનું જ્ઞાન પણ અગાધ છે. એમના ભવિષ્યકથન સચોટ સાચા પડતાં હોય છે.

મનના મેદાનમાં કલ્પનાંઓનું તુમૂલ જામ્યું છે. એક બાજુ કર્મરેખ જેવાને પરણવું નથી. બીજી બાજુ પંડિતજીનું ભવિષ્યકથન છે. રાજકુમારીને ચેન પડતું નથી. એણીને થયું : 'કર્મરેખની હસ્તિ આ ધરતી પરથી મટી જાય તો જ આ ચિંતાનો ઉકેલ આવે. ન રહે બાંસ ન બજે બાંસરી.'

રાજ-રાણીઓ અને રાજકન્યાઓને જ્યારે એમનું ધાર્યું પાર પાડવું હોય ત્યારે સીધો ને સાદો ઉપાય રિસાઇ જવાનો. આ માટે અંતઃપુરમાં

ખાસ કોપભવન પણ રહેતાં. રાજકન્યા રિસાઇને કોપ-ભવનમાં પહોંચી ગઇ.

ભોજનની વેળા થઇ. મહારાજા રિપુમર્દન એમની લાડકી ભાવિનીને મુકીને કદી જમતા નહીં.

ભાવિનીને શોધતાં શોધતાં મહારાજા કોપ-ભવનમાં પહોંચ્યા. ભાવિનીની આંખમાંથી શ્રાવણ ને ભાદરવો વહે છે.

છાતીમાંથી મણ મણનાં નિસાસા નિકળે છે.

મહારાજા બેબાકળા થઇ ગયા. 'અરે! મારી લાડકીની કોણે આ દશા કરી ?' મહારાજની પ્રશ્નભરી આંખો લાલાશ પકડવા લાગી.

'બેટા, શાંત થા. કોણે તને દુઃખીં કરી. બોલ જલદી બોલ. _.'

ભાવિનીએ પાઠશાળામાં ઘટેલી ઘટના કહી.

મહારાજા કહે : 'બેટા ! તું પસંદ કરે એવા રાજકુમાર જોડે તને પરણાવીશ. તું નિશ્ચિત થઇ જા.'

'પણ, પિતાજી એ પાજી કર્મરેખ જીવતો હશે ત્યાં સુધી આ ભવિષ્ય- કથનનો ભય મારા હૈયાને ફફડાવતો રહેશે. આ કાંટાને ગમે તેમ કરીને દૂર કરો.'

રાજા રિપુમર્દન ઊંડા ચિંતનમાં ગરકાવ થઇ ગયો. પોતે રાજા ઉઠીને કોઇ નિર્દોષ શ્રેષ્ઠિપુત્રની હત્યા કરાવે તો રાજધર્મનો લોપ થાય.

એકબાજુ રાજધર્મનો લોપ છે. બીજી બાજુ લાડકી દીકરીની હઠ છે. મૂંઝાયેલા રાજાએ પ્રધાનની સલાહ લીધી.

પ્રધાને કહ્યું :'મહારાજ ! એક કામ કરીએ. ધનદત્ત શેઠને બોલાવીએ. એમને કર્મરેખ સિવાય બીજા સાત છોકરા છે. શેઠને ધન વગેરે આપીને એમનો છોકરો માંગી લઇએ. પછી આપણે એનું કંઇ પણ કરીએ તો અધર્મ ન કહેવાય.'

ધનદત્ત શેઠને બોલાવી રાજાએ કહ્યું : 'શેઠ, તમારો આ નાનો દિકરો કર્મરેખ મને બહુ ગમે છે. એ છોકરો મને આપી દો. તમે કહો તેટલું ધન આપું.'

ધનદત્ત કહે : 'રાજન્ ! હું અને મારો પરિવાર બધા આપના જ છીએ. આપને માગવાનું શું હોય ?' સત્તા આગળ શાણપણ નકામું છે. એમ સમજીને ધર્મદત્તે દુઃખાતાદિલે કર્મરેખ રાજાને સોંપ્યો.

(૨)

સ્વાર્થાંધ માણસ ગમે તેવા પાપને કરતાં અચકાતો નથી. શાણા માણસના શાણપણના સૂર્યને જ્યારે મોહનો રાહુ ગ્રસી લે છે, ત્યારે એ કાળો ભઠ્ઠ પડી જાય છે.

રાજકુમારી ભાવિનીને રાજ-રાણી બનવું છે. એના સ્વાર્થમાં કર્મરેખ એને ખટકે છે. એ હઠ લઈને બેઠી છે. કર્મરેખને ખતમ કરો જ કરો. એથી ઓછું મને કશું ન ખપે.

મહારાજા રિપુમર્દન ન્યાયપ્રિય રાજવી તરીકે જાણીતા હતા. દુષ્ટને દંડ અને સજ્જનને સિરપાવ આપવામાં એ પાછી પાની નહીં કરનારા, ભીમ-કાન્ત ગુણના સ્વામી રાજા એમની લાડકી કુંવરીની હઠ આગળ ઝૂકી ગયા છે.

પુત્રી- મોહે રાજધર્મને કોરાણે મુકાવ્યો.

મહારાજાનો હુકમ થયો : કર્મરિખને દૂર દૂર લઈ જઈ કોઈને ખબર ન પડે તેમ મારી નાખવો.

ચીઠ્ઠીના ચાકર ચંડાલજાતિના લોકો કર્મરિખને લઈને ઘોર અટવીમાં પહોંચ્યા.

કર્મરિખને લાગ્યું : 'હવે બચવાનો ઉપાય તો કોઈ બચ્યો નથી. જ્યાં રાજા રૂઠે ત્યાં ફરિયાદ કોને કરવી ?

ખેર, જવા દો બધી વાત, હવે તો ત્રણલોકના નાથ જિનેશ્વર દેવનું શરણું લેવું તે જ હિતકારક છે.' નવકારમંત્રનું સ્મરણ કરતો કરતો એ ચંડાલોની જોડે ચાલી રહ્યો છે.

કહેવાય છે કે રામ રાખે એને કોણ ચાખે ! પુણ્યશાળીને આફત જ્યાફતમાં પલટાતી હોય છે.

ચંડાલોના હૈયામાં મૂંઝવણ ઊભી થવા માંડી. આવા નમણા નાજુક કલૈયા કુંવર જેવા કિશોરને મારી નાંખવાનો ! આવા નિર્દોષ બાળકની હત્યા આપણને કેવી રૌરવ નરક દેખાડશે ?

જ્યાં કરુણાને સ્થાન ન હોય એવા ઘાતકીઓના હૈયાં બોલી ઉઠ્યા નહીં...નહીં...આવી ગોઝારી હત્યા તો નથી જ કરવી.

અને એમને એનો રસ્તો પણ મળી આવ્યો. કર્મરિખની જ વયના એક કિશોરનું શબ એમને મળી ગયું.

કર્મરિખને ચંડાલોએ કહ્યું : 'છોકરા ! તું અહીંથી દૂર દૂર ભાગી જા. ભૂલે ચૂકે ય આ મનોરમપુર તરફ ન આવતો અને રિપુમર્દનરાજાની નજરે ના ચડતો. નહીં તો તારા ભેગા અમારા ય બાર વાગી જશે. તને જીવતો છોડવા બદલ રાજા અમારું ઘાણીએ ઘાલી તેલ કાઢશે.'

કર્મરિખ કહે : 'તમે જાનના જોખમે મને જીવાડો છો. તમારો આભાર ક્યા શબ્દોમાં માનું ! તમારો ઉપકાર કદી નહીં ભૂલું. હવે કદી આ બાજુ નહીં આવું. આવજો, રામ રામ....'

(૩)

શ્રીપુર નામનું નગર છે. શ્રીદત્ત નામના શેઠ ત્યાં વસે. શેઠને એક પુત્રી નામ શ્રીમતી.

વરસોના વીતવા સાથે શ્રીમતી મોટી થવા માંડી. દીકરી પારકું ધન ગણાય છે. કન્યાની ઉંમરની સાથે જ મા-બાપની ચિંતા પણ વધતી હોય છે.

યૌવનના ઉંબરે ડગલા માંડતી શ્રીમતીને જોતાં શ્રીદત્ત શેઠને રોજ પ્રશ્ન થતો : 'મારી આ લાડકી અને ગુણિયલ છોકરીને યોગ્ય વર ક્યાં શોધવો ?'

શ્રેષ્ઠિને આ ચિંતાથી મુક્ત કરવા એમના કુલની અધિષ્ઠાત્રી ગોત્રદેવીએ સ્વપ્નમાં શ્રીદત્ત શેઠને કહ્યું : 'શેઠ, શ્રીમતીના વરની ચિંતા કરવાની જરૂર નથી. આવતી કાલે સવારે તમારી કાળી ગાયને લઇને ગામની બહાર ઉત્તર દિશામાં જજો. ગાય જેની પાસે ઊભી રહે તે તમારા ભાવિ જમાઇ, શ્રીમતીનો પતિ.

શેઠ સવારે ઉઠ્યા. ત્યારે અત્યંત પ્રસન્ન અને પ્રફુલ્લ હતા. લાંબા સમયથી મૂંઝવતો અત્યંત જટીલ પ્રશ્ન કેટલી ઝડપથી અણધારી રીતે ઉકલી ગયો ! માથા ઉપરથી મણ-મણનો બોજ ઉતર્યા જેવી નિશ્ચિંતદશા ઘણા સમયે માણી. જો કે ચિંતા ટળી પણ કુતૂહલ ક્યાંથી ટળે ? એ તો એકદમ તીવ્રતાથી ઉપરા-ઉપરી પ્રશ્નો પૂછવા લાગ્યાં. જમાઇ કેવો હશે ? એનું રૂપ, એની બુદ્ધિ, એના ગુણ શ્રીમતીથી ચડિયાતાં હશે ને ? એનો સ્વભાવ મારી લાડકીના સ્વભાવ જોડે સમરસ થાય એવો હશે ને ?

કુતૂહલના શમનને હવે ક્યાં વાર હતી !

હાથ-કંકણને આરસી એને જોતાં વાર શી !

શેઠ સવારના પહોરમાં શામળી ગાયને લઈને નીકળી પડ્યા.

(૪)

કર્મરેખ મનોરમપુરથી ભાગી છૂટ્યાને ઘણો સમય વીતી ચૂક્યો હતો. આ ગાળામાં કર્મરેખે હજારો ગાઉનો પંથ કાપી લીધો હતો. અનેક ગામ-નગર અને જંગલોની રખડપટ્ટી કરીને એ મજબૂત અને સાહસી બની ગયો હતો.

વર્ષોના વહેવા સાથે કિશોરાવસ્થા વહી ગઈ હતી. યૌવનના આગમનની એંધાણી એના અંગ-પ્રત્યંગોમાં જોવા મળતી હતી. મૂછનો દોરો ફુટી ગયો છે. ફરતો ફરતો એ શ્રીપુરની ઉત્તરભાગોળે પહોંચ્યો. મુસાફરીના થાકે એને ઝાડ નીચે ઊંઘવા મજબૂર કર્યો. ઘસઘસાટ નિદ્રા આવી ગઈ.

ક્યારેક માણસ ઊંઘતો હોય છે પણ એનું ભાગ્ય જાગતું હોયછે. ક્યારેક માણસ જાગતો જ નહીં દોડતો હોય છે. પથરા એટલા દેવ કરતો હોય છે અને છતાં ભાગ્ય એને તાળી આપીને છટકી જતું હોય છે.

શ્રીદત્ત શેઠની શામળી ગાય ઊંઘતા કર્મરેખની પાસે આવીને ઊભી રહી ગઈ. કર્મરેખની સુદઢ કાયા અને પ્રતિભાસંપન્ન ચહેરો જોઈ શ્રીદત્ત શેઠે સંતોષનો શ્વાસ લીધો.

અવાજ થતાં કર્મરેખ જાગ્યો. શ્રીદત્ત શેઠ, એમના નોકર-ચાકર અને કાળી ગાયને જોઈ, એ કંઈ વિચારે એ પહેલાં જ શ્રીદત્ત શેઠે મીઠા મધુરા અવાજે કહ્યું :

'મહાનુભાવ ! આપનું સ્વાગત હો, આપ અમારા અતિથિ બનો. પધારો અમારા આંગણિયા પાવન કરો.'

શ્રીદત્ત શેઠના આગ્રહ પાસે નમતું જોખ્યા વિના ચાલે તેવું ન હતું...આમેય ક્યાંક ખાવા-પીવા વગેરની વ્યવસ્થા શોધવાની જ છે. તો સામેથી આવેલા આમંત્રણને શા માટે ઠુકરાવવું ? કર્મરેખ ઊભો થયો. શેઠની જોડે ચાલતો ચાલતો શેઠના ઘરે પહોંચ્યો.

કર્મરેખ નામ તો એણે મનોરમપુર છોડ્યું ત્યારથી બદલી નાંખેલું. પોતાની પૂર્વાવસ્થાને એ ક્યાંય છતી ન'હોતો કરતો. એણે પોતાનું નામ 'રત્નચંદ્ર' જણાવ્યું.

શ્રીદત્ત શેઠે ગોત્રદેવીએ આપેલા સ્વપ્નની વાત કરી. શુભ મુહૂર્ત અને શુભ ચોઘડીએ રત્નચંદ્ર શ્રીમતી લગ્નગ્રંથીથી જોડાયા. શેઠે પણ કરમોચન વખતે પોતાની બધી લક્ષ્મી દાયજામાં આપી દીધી. શેઠને શ્રીમતી સિવાય બીજું વારસદાર પણ કોણ હતું ?

હવે શ્રીદત્ત શેઠનો વેપાર-વણજ બધું જમાઈ રત્નચંદ્ર સંભાળે છે. ઘર-જમાઈ તરીકે રહેવું ગમતું નથી તો બીજી બાજુ શેઠ-શેઠાણીને એકલવાયા છોડી દેવા પણ મન માનતું નથી.

રત્નચંદ્રએ વચલો રસ્તો શોધ્યો. થોડો સમય ધંધાર્થે પરદેશ જઈ આવું. શ્રીમતી ભલે માત-પિતાની સેવા કરવા અહીં જ રહેતી.

શ્રીદત્ત શેઠની રજા પણ મળી ગઈ અને એક દિવસ કરિયાણા ભરેલાં વહાણો સાથે રત્નચંદ્ર પરદેશ જવા રવાના થયો.

માણસ ધારે છે કંઈક અને કુદરત કરે છે કંઈક ! હજારો વર્ષથી આવું ચાલ્યું આવે છે. વસિષ્ઠઋષિ જેવાએ રામચંદ્રજીને અયોધ્યાની ગાદી ઉપર બેસવા માટે શ્રેષ્ઠ મુહૂર્ત શોધી કાઢ્યું. પણ, એક રાતમાં એવી ઉથલ-પાથલ થઈ ગઈ કે રાજ્યારોહણ કરવાના બદલે રામ વનવાસના પંથે ચાલી નીકળ્યા.

શ્રીપુરથી સારા મુહૂર્તે પ્રયાણ કર્યુ ત્યારે રત્નચંદ્રને સ્વપ્ને ય ખ્યાલ ન'હોતો કે યાત્રામાં અણધાર્યું વિઘ્ન આવશે. દરિયામાં ઉઠેલા ભયંકર તોફાનોએ વહાણને ઉથલાવી નાંખ્યું. કંઈક ડૂબ્યા. કોઈકને પાટીયું હાથમાં આવ્યું ને બચ્યા, કોઈક મગરમચ્છનો કોળિયો બન્યા. રત્નચંદ્ર પણ એક મોટા માછલાની ઝપટમાં આવી ગયો. મોટા દૈત માછલાએ આખો ને આખો પેટમાં ઉતારી દીધો.

અશુભકર્મોના ઉદય થતાં આફત ગમે ત્યાંથી ગમે તે રૂપે ટપકી પડે છે. પણ, વ્યક્તિના આયુષ્યની દોરી પ્રબળ હોય તો મૃત્યુના મુખમાંથી એનો ઉગારો ગમે તે રીતે થઈ જ જાય છે.

જે માછલું રત્નચંદ્રને ગળી ગયેલ એ જ માંછલું ભૃગુપુરના માછીમારની જાળમાં ફસાયું. આવા મોટા દૈત માછલાને કાંઠે લાવતાં માછીમારોને પણ ધોળે દા'ડે તારા દેખાઈ ગયા. કાંઠે લાવેલા માછલાને ચીર્યું ત્યારે અંદરથી રત્નચંદ્ર નીકળ્યો ! માછલાનાં પેટમાં પહોંચીને પણ જીવતો બહાર નીકળ્યો ! નાની સરખી ઈજા પણ નહીં ! વાહ ભાઈ વાહ !

કુદરતની કમાલ જોવા અસંખ્ય લોકો ટોળે વળ્યા. રત્નચંદ્ર થોડીવારમાં ભાનમાં આવ્યો અને ભૃગુપુરના રાજા પાસે લઈ જવામાં આવ્યો. રાજાએ પણ આ ભાગ્યશાળી પુરુષને દીકરાની જેમ રાખ્યો. રાજાને કોઈ સંતાન હતું નહીં. રત્નચંદ્રને રાજકાજનો અનુભવ પણ આપવા માંડ્યા.

કુંડનપુરની રાજકન્યા કનકશ્રી જોડે રત્નચંદ્રના રંગે ચંગે લગ્ન પણ થઈ ગયા.

(૫)

આ બાજુ મનોરમપુર તરફ નજર દોડાવીએ.

ચંડાળ લોકોએ કહ્યું કે – કર્મરેખને અમે આપની આજ્ઞા મુજબ મારી નાંખ્યો છે. રાજકુમારી ભાવિનીએ કહ્યું : હાશ, હવે પંડિત પુણ્યદત્તનું ભવિષ્યકથન સાચું પડવાનો કોઈ ડર ના રહ્યો. હું તો મને ગમતા કોઈ રાજકુમારના ગળામાં માળા આરોપીશ. વર્ષો વિતવાની સાથે રાજકુમારી યુવાવસ્થામાં આવી. મહારાજા રીપુમર્દને પોતાની લાડકી ભાવિની મનગમતો વર પસંદ કરી શકે એ માટે સ્વયંવરનું આયોજન કર્યું. જોષીઓએ મુહૂર્ત જોયા.

કંકુ છાંટીને કંકોતરી મોકલવામાં આવી. ગામોગામ અને દેશોદેશમાં નોતરાં દેવામાં આવ્યા 'સ્વયંવરમંડપમાં સમયસર પધારજો.'

પરણવાનો અભરખો જેને જેને હતો, એ બધાએ મનોરમપુર તરફ પ્રયાણ કર્યું. કુંવારા જ નહીં અનેકવાર ઘોડે ચડેલાઓ પણ પોતાનું નસીબ અજમાવવા દોડી આવ્યા. જુવાનો જ નહીં, આધેડો અને ડોસાઓ પણ બોખલા મોઢામાં સોપારીઓ ભરાવીને હોંશભેર સ્વયંવરમંડપમાં પહોંચ્યા. હરખ પદુડા શેઠ અને શાહુકારના છોકરાઓ પણ વરરાજાની જેમ બની ઠનીને આવી ગયા. ભૃગુપુરથી રત્નચંદ્ર પણ આવી પહોંચ્યો.

રાજકુમારી ભાવિની હાથમાં વરમાળા લઈ રૂમઝૂમ કરતી સ્વયંવર મંડપમાં આવી. લગ્નોત્સુક આગંતુકોના હૃદયના ધબકારા વધી ગયા. એક પછી એક રાજાઓનો પરીચય સાંભળતી ભાવિની આગળ વધવા માંડી. પાછળ રહી ગયેલા રાજાઓને જાણે બારેય વહાણ ડૂબી ગયા હોય એવી ઘેરી નિરાશા ઘેરી વળતી, જેમ જેમ ભાવિની આગળ વધે છે તેમ તેમ હસતી સુરત રોતી સુરતમાં બદલાતી જાય છે !

બિચારાઓના અરમાનો અધૂરાં રહી ગયા ! તમારા હાથમાં એક રોટલાનો ટૂકડો હોય અને તૂ...તૂ...કરીને આખી શેરીના કૂતરાઓને ભેગાં કરો અને તમે પછી એક ટુકડો ફેંકો ત્યારે કેવી હાલત થાય છે. એક કૂતરો ફાવી જાય છે. બીજા ભસતા રહી જાય છે. સ્વયંવર મંડપમાં પણ આવી જ હાલત હોય છે. કન્યા એક અને પરણવા આવનારનો પાર નહીં.

ભૃગુપુરના રાજવી રત્નચંદ્ર પાસે ભાવિની પહોંચી. એનું રૂપ, એના ગુણ, બધું એણીને આકર્ષી ગયું. રત્નચંદ્રના ગળામાં માળા આરોપાઈ. રત્નચંદ્રના મિત્રો વગેરેએ આનંદ અને હર્ષની ચીચીયારીથી વાતાવરણ ભરી દીધું.

ભાવિની-રત્નચંદ્રના લગ્ન પણ ઠાઠ-માઠથી થઈ ગયા. રિપુમર્દન રાજાએ પુષ્કળ દાયજો આપ્યો.

રત્નચંદ્ર જાણે છે કે પોતે એ જ કર્મરેખ છે અને પંડિત પુણ્યદત્તજીએ જે ભવિષ્યવાણી ઉચ્ચારેલી તે અક્ષરશઃ સાચી પડી છે. ભાવિની જાણતી નથી કે એણીએ કર્મરેખના ગળામાં જ વરમાળા આરોપી છે. રત્નચંદ્રને એ પણ ખબર છે કે પોતાની હત્યા કરાવવા માટે હઠ લેનાર આ જ કન્યા છે.

બધું જાણવા છતાં રત્નચંદ્ર સાગરપેટો માણસ હતો. એણે આ બાબત એક શબ્દ પણ ક્યારેય ઉચ્ચાર્યો નહીં. રૂઝાયેલા જખમને ઉખેળવામાં શો ફાયદો છે ?

કનકશ્રી અનેં ભાવિની સાથે રત્નચંદ્રના દિવસો આનંદ પ્રમોદમાં પસાર થઈ રહ્યા છે. એક દિવસની વાત છે. રાજા રત્નચંદ્રના સોનાના ભાણામાં બત્રીસ શાક ને તેત્રીશ પક્વાન્ન પિરસાયા છે. મહારાણી ભાવિની

બાજુમાં બેસીને પંખો ઢાળી રહ્યા છે અને પ્રેમપૂર્વક પતિને જમાડી રહ્યા છે. ત્યાં અચાનક પવનની એક જોરદાર ડમરી ધસી આવી. મહારાણી ભાવિનીએ ધૂળની ડમરીને ધસી આવતી જોઇને પળનોય વિલંબ કર્યા વિના પોતાની કિંમતી સાડીનો પાલવ મહારાજાના ભોજનથાળ ઉપર ઢાંકી દીધો.

મહારાજા રત્નચંદ્રને જુની ઘટના સાંભરી આવી. 'સમય સમય બલવાન હૈ, નહીં પુરુષ બલવાન' આ ઉક્તિ કેટલી બધી તથ્યપૂર્ણ છે !

'કર્મરેખ તારો પતિ બનશે.' એટલા શબ્દો પુણ્યદત્ત પંડિતજી બોલ્યા ને આ વિફરેલી નાગણની જેમ પગ પછાડતી મોં મચકોડતી ચાલી નીકળેલી અને યેન કેન પ્રકારેણ મને મારી નાંખવા આજ ભાવિની ભારે હઠ લઇને બેસી ગયેલી.

આજે એ જ ભાવિની મારા ભાણામાં ધૂળ ન પડે એ માટે પાલવ ઢાંકે છે. કેટલું અંતર બે ઘટનામાં !

બે ઘટનાઓના તુલના અને વિરોધાભાસે રત્નચંદ્રના ચહેરા ઉપર આછું સ્મિત રેલાવી દીધું.

ભાવિનીને પ્રશ્ન થયો : આમાં હસવા જેવું શું બન્યું છે ? પુરુષો સ્ત્રીની જેમ જ્યાં ત્યાં જ્યારે ત્યારે હસી પડતાં નથી હોતા. અને મારા પતિદેવ તો સાગરસા ગંભીર, એ હસે તો કંઇક કારણ હોય જ. એણીએ પૂછી નાંખ્યું : 'નાથ, આપ કેમ હસ્યા ?'

રત્નચંદ્રે કંઇ નહીં કરી વાતને ટાળી દેવા પ્રયત્ન કર્યો. પણ જ્યારે લાગ્યું કે આ સ્ત્રીની હઠ પાસે રહસ્ય છતું કર્યા સિવાય છુટકો નથી. ત્યારે રત્નચંદ્ર યાને કર્મરેખે પૂછ્યું : 'ભાવિની તું મને ઓળખે છે ?'

'તમે મારા પતિદેવ છો. ભૃગુપુરના મહારાજા. તમને ન ઓળખું એ બને જ કેમ?' મંદ મંદ હસતાં રત્નચંદ્રે કહ્યું : 'ભાવિની, લગ્ન પહેલાની આપણી પુરાણી પિછાણ છે. પણ તને ખબર નથી.'

'હેં ! હેં! તમે કઇ જુની પિછાણની વાત કરો છો ! મને તો સાચે જ કશી ખબર નથી.' ભાવિનીના શબ્દે શબ્દમાં આતુરતા, કુતૂહલતા, જિજ્ઞાસા છતાં થતા'તાં.'

'યાદ કર ભાવિની, પુણ્યદત્ત નામના પંડિતજીની પાઠશાળામાં તું અભ્યાસ કરતી'તી. તેં ભાવિપતિ વિષે પૂછ્યું. એ વખતે ત્યાં હું ઊભો હતો. અને પંડિતજી એ મારા તરફ આંગળી ચિંધી હતી.'

'હેં ! હેં !, તમે જ કર્મરેખ !!!' ભાવિનીના ચહેરા ઉપર શરમના શેરડા પડ્યા. મોઢું કાળું પડી ગયું. હૈયું જોર-જોરથી ધબકવા લાગ્યું.

ભાવિનીને સ્વસ્થ કરતાં કર્મરેખ કહે : 'ભાવિની, એ બાબતે શરમાવાની જરૂર નથી. આપણે બધાં કર્મરાજાના રમકડાં છીએ. એના નચાવ્યા નાચીએ છીએ. કર્મના ઉદયમાં આપણે લાચાર છીએ. જેવા બાંધ્યા હોય એવા ભોગવવા પડે. ગઇ ગુજરી ભૂલી જા.

હવે આપણે એવું જીવન જીવીએ કે જેથી અનાદિકાલીન કર્મસત્તાની પક્કડમાંથી મુક્ત બની મુક્તિના મહેલમાં સદા સ્થાન મેળવીએ.'

હવે કર્મરેખ, કનકશ્રી, ભાવિની ધર્મમય જીવન ગુજારે છે. શ્રીપુરથી શ્રીમતીને પણ તેડાવી લીધી છે.

કર્મરેખને માતા-પિતા સાંભરી આવ્યા. ભારે હૈયે મનોરમપુર પહોંચ્યો. ધનદત્ત શેઠ તો વૃદ્ધાવસ્થાના આરે પહોંચી ચૂકેલા. સાત-સાત

દીકરાઓ હોવા છતાં નાનકડો કર્મરેખ એમને અવાર-નવાર યાદ આવી જતો અને આંખમાંથી આંસુ સરી પડતાં.

કર્મરેખ પિતાજીના ચરણોમાં આળોટી ગયો. હૈયાના હેતથી ધનદત્ત શેઠે એને ઊભો કર્યો. દિકરાના માથે હાથ ફેરવતાં ધનદત્ત શેઠની આંખમાં હરખના આંસુ ઉભરાણા. રાજા રિપુમર્દને પણ જમાઇને મનોરમપુરનું રાજ્ય આપીને ધર્મ આરાધનામાં મન પરોવ્યું.

કર્મરેખ ભૃગુપુર અને મનોરમપુરના રાજ્યો સંભાળે છે. 'લખ્યા લેખ મિથ્યા થતા નથી' એ વાત તો અનુભવી જ ચૂક્યો છે. હવે સુંદર આરાધના કરવાનું જ લક્ષ્ય છે. જિનાલયો, ઉપાશ્રયો, સાત-ક્ષેત્ર, જીવદયાના માર્ગે વિપુલ ધનનો વ્યય કર્યો. છોકરાઓ યોગ્ય થતાં ગાદીએ બેસાડી દીધા. ભાગવતી પ્રવજ્યા સ્વીકારી આત્મ-કલ્યાણને વર્યા....

(કથારત્નાકર-કથા ૨૫૭)

૨૮ જય નવકાર

થોડા વર્ષ પૂર્વેની ઘટના છે.

અબ્દુલ રજાક નામના જખૌરા (ઝાંસી)ના વતની મુસ્લિમ, નવકાર મહામંત્રના પોતાને થયેલા ચમત્કારનું વર્ણન એક પત્ર દ્વારા કર્યું છે.

આ પત્ર 'जैनदर्शन' નામના પત્રના વર્ષ ૩ અંક ૫-૬ અને 'मंगळमयं नमोकार एक अनुचिंतन' લે. डॉ. नेमिचंद्र शास्त्री (નવમા સંસ્કરણ પૃ.૧૫૨-૧૫૩)માં પ્રસિદ્ધ થયો છે. તેનો સાર આ પ્રમાણે છે.

"રોજ રાતે નવકારમંત્ર ગણીને સુવાનો મારો નિયમ છે. આ મહામંત્ર ઉપર મને અથાગ શ્રદ્ધા છે. એક શિયાળાની કડકડતી ઠંડી રાતમાં

હું નવકારમંત્રના જાપ કરી મારા ખાટલા ઉપર સુઇ ગયો. મને ખબર નહીં કે એ જ પથારીમાં એક મોટો સાપ પણ હતો. સ્વપ્નમાં મને એવો ભાસ થયો કે 'કોઈ કહી રહ્યું છે ઉઠ, તારી પથારીમાં સાપ છે' હું ઉઠ્યો. ફાનસના પ્રકાશમાં પથારી ઉપર નિરીક્ષણ કર્યું. પણ કંઇ દેખાયું નહીં. ફરી સુઇ ગયો. સવારે ઉઠ્યો. જાપ આદિ કરી ઊભો થઇ ગાદલું વાળું છું ત્યાં અંદર મોટો સાપ દેખાયો. હું પાછો હટી ગયો....સાપ પણ સડસડાટ નીચે ઉતરી ચાલ્યો ગયો.

હું રોજ સામાયિક કરું અને નવકારમંત્રનો જાપ કરું તે મારા ઘરનાને પણ પસંદ નહીં. થોડા સમયમાં આજુબાજુવાળાને જાણ થઇ અને સમાજના કેટલાક કટ્ટર લોકો પાસે પહોંચી. ભારે ઉહાપોહ થયો..સમાજની મિટીંગમાં આ વાતની ચર્ચા થવા માંડી "अब्दुल रजाक जैनीयों का धर्म पालता है ।"

એક દિવસ મને સમાજની મિટીંગમાં બોલાવવામાં આવ્યો. મને જાત જાતના પ્રશ્નો પૂછવામાં આવ્યા. મેં સ્પષ્ટ કહ્યું કે - 'હું સામાયિક કરું છું અને નવકારમંત્ર ગણું છું. આ મારી શ્રદ્ધાનો વિષય છે. એમાં તમારે દખલ કરવાની જરૂર નથી.' જો કે એ લોકો બધા રોષે ભરાયેલાં હતા અને મારા જવાબથી કેટલાક ઉકળી ઉઠ્યા હતા...'પોતાનો ધર્મ છોડી બીજો ધર્મ સ્વીકારે એવાને પતાવી નાંખવો જોઇએ' એમ લોકો બોલતા હતા.પણ, હું એનો જવાબ આપ્યા વિના ઘેર આવી ગયો.

મારા કમરામાં બેસી સામાયિક લીધું ત્યાં એક મોટો સર્પ આવ્યો. સાપ મારી આજુબાજુ આંટા મારવા લાગ્યો. મેં જોયું તો કમરાના બારણા પાસે એક માટીનો ઘડો પડ્યો છે. ચોક્કસ આ કોઇનું કાવતરું છે. જાણી જોઇને સાપ છોડ્યો છે. સાપે મને કંઇ કર્યું નહીં. ક્યાંક ચાલ્યો ગયો.

પછી મેં બહાર આવીને પૂછ્યું કે - 'આ સાપ અહીં કોણ છોડી ગયું ? પણ કોઈએ જવાબ આપ્યો નહીં.

બીજા દિવસે પાડોશીના ત્યાં હોહા..રોકકળનો અવાજ આવવા માંડ્યો. પાડોશી મુસ્લિમના એકના એક દીકરાને સાપ કરડ્યો હતો. ઉપચારો માટે દોડધામ મચી. હું પણ, પાડોશીના ધર્મના નાતે એમાં જોડાયો...પણ, છોકરો બચી ન શક્યો. છોકરાના બાપને ભારે આઘાત લાગ્યો. એણે પાપ છુટી વાત કરી... 'લોકોનો ચડાવ્યો હું ચડી ગયો. તમારા જેવા ધર્માત્માને ખતમ કરવા મેં સાપ મંગાવી તારા રૂમમાં છોડ્યો....પણ, હાથના કર્યા હૈયે વાગ્યાં...મારો દીકરો મેં ગુમાવ્યો...સૂરજ સામે ધૂળ ઉડાડનારની આંખમાં જ ધૂળ પડે છે. સૂરજને તો કશું થતું નથી. હાય ! મને આવી કુબુદ્ધિ ક્યાંથી સૂઝી ?...' આમ કલ્પાંત કરતાં કરતાં પંદર દા'ડા પછી એ પડોશી પણ દીકરાની પાછળ મૃત્યુ પામ્યો.

સામાયિક ધર્મ અને નવકાર મહામંત્રના જાપની કેટલી બધી તાકાત છે ! આ ઘટનાથી મારી શ્રદ્ધામાં વધારો થયો."

આવો મંત્ર અને આવો ધર્મ જેઓને મળી ગયો છે એ લોકો જરા પણ પ્રમાદ કર્યા વિના - એની આરાધના કરે તો જીવન ધન્ય બની જાય.

❀ ❀ ❀

૨૯ સૂએ સંસારી, મુનિઓ સદા જાગતાં રહે

કાશી દેશમાં બૃહસ્થ નામે રાજા હતો.

રાજા ઘણો ધાર્મિક હતો.

રાજાએ પોતાના એકના એક લાડકાવાયા રાજકુંવરને ભણાવવા માટે સારા સારા શિક્ષકો રોક્યા.

કુંવર પણ ઘણો વિચક્ષણ અને વિનયી હતો.

થોડા વર્ષોમાં અનેક કળાઓમાં પારંગત થયો.

હવે રાજાએ વિચાર્યું કે બીજી બધી કળાઓમાં પારંગત હોવાથી કામ પુરું થતું નથી. બધી કળાઓમાં ધર્મકળા શ્રેષ્ઠ છે. ધર્મ વિના બધી કળા અધૂરી છે. રાજાએ જાહેર કર્યું : રાજકુમારને ધર્મનું તત્ત્વજ્ઞાન સમજાવનારને બહું મોટું ઈનામ આપવામાં આવશે. પછી તો ધર્મગુરુઓના ધાડાં ને ધાડાં આવવા માંડ્યા. બધાનો દાવો હતો : 'રાજકુમારને અમે જ શ્રેષ્ઠ તત્ત્વજ્ઞાન આપી શકીશું.'

પણ, વિચક્ષણ રાજાએ જોયું કે આમાંથી કોઈને વિદ્યાપ્રદાનમાં રસ નથી. બધાને મળનારા ઈનામોમાં રસ છે...રાજા પૂછતો 'હું તમને વિપુલ સંપત્તિ આપું તો તેનું તમે શું કરશો...'બધા અલગ અલગ જવાબ આપતા પણ, રાજાને કોઈથી સંતોષ ન થયો.

બધાંને વિદાય કર્યા...

રાજાને થયું જે ખરેખર વિદ્યાદાન કરવાની ક્ષમતાવાળા અને ગુણવાન હશે એ કાંઈ સામેથી આવવાના નથી....આપણે એનાં ત્યાં જવું પડશે....

એવામાં રાજાને સમાચાર મળ્યા કે ગામથી દૂર એક ભિક્ષુ નાનકડી ઝુંપડીમાં રહે છે. સુકેતુ એમનું નામ છે. અલગારી માણસ છે. પોતાની મસ્તીમાં જીવે છે. દુનિયાની એને પડી નથી.

રાજકુમારને લઈ રાજા ત્યાં પહોંચ્યા.

પટાવાળાએ આગળ જઈ સમાચાર આપ્યા : 'મહારાજ પધારે છે.'

પણ, સુકેતુને એથી જરા ય ઉત્સુક્તા ન થઇ. એ એનું જે કામ કરતો હતો તે, ગાયને ઘાસ નીરવાનું, એજ પ્રમાણે કરતો હતો. એ પછી એણે રાજાને સસ્મિત આવકાર આપ્યો. દર્ભાસન ઉપર બેસાડ્યા. પાણી આપ્યું.

રાજા કહે : મહાત્મા એમ કહેવાય છે કે આ જગતમાં ઈશ્વરની ઇચ્છા વિના પાંદડું પણ હાલી શકતું નથી તો પછી કોઇને ખરાબ કાર્યોનું ફળ નરક શા માટે મળે ? કોઇને સારા કાર્યનું ફળ સ્વર્ગનું કેમ મળે છે ?...બધું કરનાર કે કરાવનાર તો ઈશ્વર જ છે....

સંતે જવાબ આપવાના બદલે માટીનું ઢેફું ઉઠાવી રાજાના લમણામાં માર્યું.

રાજા તો સ્તબ્ધ થઇ ગયો. આંખો લાલચોળ...સિપાઇને કહે: 'જોઇ શું રહ્યો છે ! પકડ આ બાવાને !'

ત્યાં ખડખડાટ હસતાં સુકેતુ કહે : 'રાજા, સાચું કહે ઢેફું મારવાનું કામ મારું છે કે ઇશ્વરનું ? ઇશ્વરનું હોય તો મને સજા શા માટે ?'

રાજા ચમક્યો, વાત બરાબર હતી. એણે હાથ જોડી માફી માંગી.

સુકેતુ કહે : જુઓ રાજન્ ! તમે કર્મનાં સિદ્ધાંતને બરાબર સમજ્યા નથી. જ્યારે બીજો કોઇ માણસ કંઇ પણ ભૂલ કરે ત્યારે એ માણસ ઇશ્વરપ્રેરિત કે કર્મ પ્રેરિત થઇ એ કરે છે માટે આપણે એને માફ કરી દેવા માટે इश्वरेच्छा बलीयसी નું સૂત્ર બરાબર છે. પણ, આપણા દોષોનો ટોપલો ઈશ્વરના માથે નાંખવાની રીત ખોટી છે.

રાજાના મનમાં ગેડ બેસી ગઇ. એણે કાન-બૂટ પકડી.

રાજા કહે : ગુરુદેવ, મારી એક વિનંતી છે. મારા આ કુંવરને આપ ધર્મનું જ્ઞાન આપો.

સુકેતુ કહે : 'જુઓ, જ્ઞાન મેળવવું હોય તો નમ્રતા જોઈએ. ગુરુ-આજ્ઞા-પારતંત્ર્ય જોઈએ. રાજકુમારે અહીં જંગલમાં રહેવું પડે. હું કહું તેમ જ જીવવું પડે...અને હું જે સજા કરું તે સહન કરવી પડે...જાન જવાનો પણ ખતરો છે એમ સમજીને જ આગળ વાત કરો.

રાજા થોડો ગભરાયો... દીકરા સામે જોયું.

રાજકુમાર કહે : 'પિતાજી, મને અહીં રહેવા દો.

મારે કોઈ પણ ભોગે આ સંત પાસેથી જ્ઞાન મેળવવું છે. આ કોઈ નિરાળાં સંત છે...."

રાજકુંવરનો આગ્રહ જોઈ રાજકુમારને સુકેતુના આશ્રમમાં રાજાએ મૂક્યો.રાજા પાછો ફર્યો.

રાજકુમાર સુકેતુના ચરણોમાં બેસી ગયો.

'હવે આપની આજ્ઞા એ જ મારું જીવન છે.'

સુકેતુ કહે : બેટા, આ ઢાલ તારા હાથમાં લે. દિવસ દરમિયાન ગમે ત્યારે પૂર્વ ચેતવણી વિના હું તને લાકડી ફટકારીશ. તારે આ ઢાલથી તારી જાતનું રક્ષણ કરવાનું છે. રાજકુમારે ઢાલ હાથમાં લીધી. અને આશ્રમનું પરચૂરણ કામ એને જે સોંપવામાં આવ્યું તે કરવા લાગ્યો...અને એ કામ કરતો હોય અને અચાનક ગુરુ આવી ચડે....સટાક કરતી લાકડી વીંઝે...રાજકુમાર ઢાલ આડી ધરે એ પહેલા તો લાકડીનો પ્રહાર પડી ચૂક્યો હોય. સાંજ સુધીમાં ચાર-પાંચ પ્રહાર વાગી ચૂક્યાં...શરીરમાં કળતર-દુઃખાવો થવા લાગ્યો. સાંજ પડી ત્યારે થયું...હાશ હવે લાકડીનો ભય રાત પૂરતો ગયો.

રાત્રે સંતે હળદર-મીઠું લગાવી આપ્યાં....

સવાર પડી. ફરી હાથમાં ઢાલ..અને આશ્રમનું કામ...હવે થોડી જાગૃતિ આવી...ધીમા પગલે પણ ગુરુ નજીક આવે એટલે સાબદો થઇ જાય...ઢાલને બરોબર આડી ધરી દે...લાકડીનો ઘા ઢાલ ઉપર ઝીલી લે...આખા દિવસમાં એકાદ વાર લાકડી વાગી...ત્રીજા ને ચોથા દિવસથી તો સજાગતા ઓર વધી, હવે બધા જ ઘા ઢાલ ઉપર ઝીલી લે છે...પંદર દિવસ વીત્યા. હવે પૂરો આત્મવિશ્વાસ આવી ગયો છે...ગમે ત્યારે અચાનક વિજળી વેગે થતાં ઘા પણ એટલી જ ઝડપથી ઢાલ ને ધરી ઝીલી લે છે...બે માસ વીત્યાં....

હવે ગુરુ કહે : 'જો રાજકુમાર, અત્યાર સુધી હું દિવસના જ લાકડીના પ્રહાર કરતો હતો. હવે દિવસે પણ અને રાત્રે પણ લાકડી મારીશ. રાત્રે પણ તારે ઢાલ બાજુમાં રાખીને સુવાનું.'

રાજકુમાર કહે : ગુરુદેવ ! રાત્રે તો હું ઊંઘમાં હોઉં. મને કેમ ખબર પડે કે તમે ક્યારે લાકડી મારશો. ઊંઘમાં બચાવ કેવી રીતે કરવો?

ગુરુ કહે : 'જો રાત્રે તમે બધા વિદ્યાર્થીઓ સુતા હો છો..રાત્રે હું યદુના નામની બૂમ પાડું છું ત્યારે યદુ જાગે છે. બીજાને ખબર પણ નથી હોતી...આનો અર્થ એ છે કે ઉંઘમાં પણ આપણામાં કંઇક જાગતું હોય છે...એ જે છે તેને અભ્યાસથી વિશેષ જાગૃત કરવાનું છે.'

'ભલે, ગુરુજી.'

હવે રાતે પણ લાકડી પડવા લાગી.

શરૂ શરૂમાં રાત્રે ભયના લીધે ઊંઘ ન.આવવા લાગી. પણ, એવું ક્યાં સુધી ચાલે, રાત્રે ઊંઘ ન થાય તો દિવસે ઝોકા આવે અને લાકડીઓ પડે....

હવે ઊંઘમાં પણ, એવી સજાગતા રહેવા માંડી કે ગુરુ નજીક આવતાં જ ઢાલ આડી ધરાઇ જતી.

થોડા દિવસમાં અભ્યાસ પડી ગયો...

किमभ्यासस्य दुष्करम् ? હવે રાતે, દિવસે ગમે ત્યાં, ગમે ત્યારે, ગમે તે કામ કરતાં પણ લાકડીનો પ્રહાર થતાં સાથે ઢાલ ત્યાં પહોંચી જતી... બે માસ વીત્યાં.

બીજા દિવસે ગુરુએ રાજકુમારને કહ્યું : 'અહીં આવ.' રાજકુમારને થયું : ચલો, હવે ધર્મનું શિક્ષણ શરૂ થશે. પણ, ગુરુએ બીજી જ વાત કરી. પોતાના હાથમાં ચમકતી તલવાર બતાવી ગુરુ કહે : 'અત્યાર સુધી લાકડીથી પ્રહાર કરતો હતો પણ, હવે આ તલવારથી પ્રહાર કરીશ. તારે એકદમ હોંશમાં રહેવાનું છે. જરાક ચુક્યો કે સોએ વરસ પૂરા. રાતે અને દિવસે એકદમ જાગ્રત રહેવાનું.'

હવે લાકડીનું સ્થાન તલવારે લીધું....પણ રાજકુમાર સજાગતા પૂર્વક આત્મરક્ષા કરતો રહ્યો. એક દિવસ કોઇ શિષ્યને કશુંક કરડ્યું..એણે ચીસ પાડી...ગુરુ તલવાર મુકીને દોડયા....

શિષ્ય પાસે બેસીને ઉપચાર કરવા લાગ્યા.

રાજકુમારે જોયું કે ગુરુની તલવાર રેઢી પડી છે અને સારવાર કરવા પડયા છે...અમને સજાગ રહેવાનું કહેતા ગુરુ કેટલા સજાગ છે એ જોઇ લઇએ..રાજકુમારે તલવાર ઉઠાવી અને ધીમા પગલે ગુરુ પાસે પહોંચ્યો...પણ, ત્યાં તો ગુરુ બોલી ઉઠ્યા :

'રાજકુમાર, તું મારા ઉપર ઘા કરવાનો વિચાર ન કર. તું જુવાન છે. હું વૃદ્ધ છું. તારી પાસે ઢાલ હોય છે...મારી પાસે ઢાલ પણ નથી...'

રાજકુમાર તાજૂબ થઇ ગયો. વાહ, ગુરુજીમાં કેટલી સજાગતા છે...

ગુરુ કહે : રાજકુમાર, હોંશમાં જીવો, સતત સજાગ રહો, દરેક ક્રિયામાં અપ્રમત્ત બનો, તન્મય બનો, ભૂતકાળ અને ભવિષ્યમાં જીવવાને બદલે વર્તમાનમાં જીવો. મોટાભાગના માણસો જે કંઇ કરતાં હોય છે ત્યારે એમનું મન ભૂતકાળના સ્મરણો ઉખેળી તુલના કરતું જાય છે કે ભવિષ્યમાં જઇ કલ્પનાના ઘોડા દોડાવતું હોય છે અને એના કારણે માણસ મોટા ભાગે એનું જીવન બેહોશીમાં પસાર કરતો હોય છે....સતત મનમાં સંકલ્પ-વિકલ્પ આર્ત-રૌદ્ર ધ્યાનોનો સળવળાટ ચાલતો હોય છે. એની કોઇપણ ક્રિયા શુદ્ધ થતી નથી....

એકવાર બેહોશીમાંથી બહાર આવો, જાગો, સંમૂર્છિમપણું છોડો અને પછી જુઓ નાનકડી પણ ક્રિયા કેટલી વિધિપૂર્વક, કેટલી લીનતા અને તન્મયતાથી થાય છે....એમાં કેટલો બધો રસ અને આનંદ આવે છે ! બસ, આ જ ચાવી છે....જીવનમાં ધર્મ ત્યારે જ દૃઢ બને જ્યારે પ્રમત્તતા જાય. અપ્રમાદ આવે. જાગરૂકતા આવે. હોંશ આવે.

પરમાત્મા મહાવીર પ્રભુએ સાધુ-અસાધુની વ્યાખ્યા કરતાં કહ્યું છે. सुत्ता अमुणिणो, मुणिणो सया जागरंति' સુતેલા છે, પ્રમાદી છે તે અમુનિ છે. મુનિ તો એને કહેવાય જે સદા જાગતો હોય. પરમાત્માએ બનાવેલા અનુષ્ઠાનોને પુરી સજાગતાથી કરીએ. અનુભવ અવર્ણીય હશે.

❀ ❀ ❀

૩૦ તું રાવણ તું રામ !

ઓસ્કર વાઇલ્ડ નામના વિખ્યાત લેખકે એક પુસ્તક લખ્યું છે, 'પિક્ચર ઓફ ડોરીઅન ગ્રે'. લેખકે લખ્યું છે કે આ કથા સત્યઘટનાના આધારે લખી છે. કથા આ પ્રમાણે છે.

અમેરીકાના એક ચર્ચના વ્યવસ્થાપકોએ ચર્ચમાં ઈશુનું એક ચિત્ર ચિતરાવવાનો નિર્ણય કર્યો. બોટીસેલી નામના વિખ્યાત ચિત્રકારને આ કામ સોંપવામાં આવ્યું. ગમે તેટલો ખર્ચ થાય. કામ અદ્‌ભુત થવું જોઈએ.

બોટીસેલીએ પડકાર ઝીલી લીધો. એણે ઈશુનું ચિત્ર દોરવા માટે મૉડલ તરીકે કામ આવે એવા વ્યક્તિની શોધ ચલાવી. ઘણી શોધખોળના અંતે એક અલગારી યુવાન મળી ગયો. અત્યંત ભોળો ભલો નિર્દોષ ચહેરો...ન લોભ ન લાલચ...જોસુ એનું નામ...

બોટીસેલી એને કલાકો સુધી બેસાડી રાખતો સામે. એને જોઈ જોઈ ચિત્ર બનાવતો. પેલો યુવક - જેનું નામ જોસુ હતું. કલાકો સુધી બેસી રહેતો જરાય કંટાળ્યા વિના. કોઈના માટે ઉપયોગી થવું એજ એને મન આનંદની વાત હતી. આ કામ માટે એણે કોઈ ધનની અપેક્ષા પણ નહોતી રાખી.

આખરે ચિત્ર સંપૂર્ણ થયું. જોનારા મોંમાં આંગળી નાંખી જાય એવું ચિત્ર બન્યું. જોસુને સારી એવી રકમ ચિત્રકારે પરાણે આપી વિદાય કર્યો.

આ ઘટનાને વર્ષો વીત્યા.

ચર્ચમાં ચિત્ર જોવા હજારો લોકો આવતાં....ચર્ચને પુષ્કળ આવક થતી હતી....

ચર્ચના સંચાલકોએ આજુ-બાજુની વિશાળ જમીન ખરીદી લીધી. ભવ્ય આર્ટ ગેલેરી બાંધવાનું નક્કી થયું. ભગવાન ઈશુના જીવનને લગતાં મુખ્ય મુખ્ય પ્રસંગો ચિતરાવવા નિર્ણય કર્યો. એ જ ચિત્રકાર બોટીસેલીને કામ સોંપવામાં આવ્યું. જો કે બોટીસેલી હવે વૃદ્ધ થયોં હતો. પણ, છતાં બધી જવાબદારીનો ભાર એના ઉપર જ મુક્યો, બોટીસેલીએ બીજાં જુવાન

ચિત્રકારો માઈકલ એંજેલો, લીઆ નાર્દો દ વીંચી વગેરેનો સહકાર લીધો. ઈશુ-જીવનકથામાંથી પ્રસંગો નક્કી કર્યા. સ્કેચ બનાવી ચિત્રકારોને ચીતરવાના કામે લગાડી દીધાં.

છેલ્લે ઈશુને ક્રોસ ઉપર જડવાનુ દૃશ્ય ચિતરવાનું હતું. આ માટે જુડાસ-ઈશુના હત્યારાનું મૉડલ બને તેવા માણસની તપાસ બોટીસેલીએ શરૂ કરી.

એક ખૂંખાર માણસ બોટીસેલીએ જોયો. એને જોતા જ ભલભલાના હાજા ગગડી જાય. તમારું નામ શું ? 'ડ્રેક્યુલા' એના શબ્દોમાં અહંકાર અને તિરસ્કાર ભારોભાર પડ્યો હતો.

'મારે એક ચિત્ર ચિતરવું છે. તમે મૉડલ તરીકે બેસશો ?'

"પૈસા કેટલા આપશો એ વાત કરો ?" ડ્રેક્યુલાને બીજી વાતમાં રસ ન હતો.

છેવટે બહુ મોટી રકમનો સોદો કરી એ મૉડલ તરીકે બેઠો. એને જોઈ જોઈને ચિત્રકારો જુડાસનું ચિત્ર દોરવા લાગ્યા.

પંદર દિવસોમાં ઘણું ખરું કામ પતવા આવ્યું....

એક દિવસ ડ્રેક્યુલાએ ચર્ચમાં આમ તેમ ફરતાં ચર્ચમાં જુના વિભાગમાં જ્યાં ઈશુનું ચિત્ર દોરેલું એ જોયું...આજુ-બાજુનું નિરીક્ષણ કરતાં એ વિચારે ચડી ગયો..એની આંખો ભીની થઇ ગઇ...બોટીસેલીને નવાઇ લાગી...આ ખૂંખાર માણસનાં આંખમાં આંસુ ! એણે વાંસે હાથ પસરાવી પૂછયું : શું વાત છે ?

પણ હવે તો આંસુનો રેલો ચાલ્યો....થોડીવાર પછી સ્વસ્થ થયો. એણે કહ્યું : આપને યાદ છે આ ઈશુ ભગવાનના ચિત્ર માટે તમે મને આ જગ્યાએ મૉડલ તરીકે બેસાડી આ ચિત્ર દોરેલું... બોટીસેલી ચમક્યા! 'અલ્યા તું જ જોસુ.'

ક્યાં જોસુ અને ક્યાં ડ્રેક્યુલા...ઉતર-દક્ષિણ ધ્રુવનું અંતર કેવી રીતે થયું ?

જુઓ તમે મને પહેલીવાર લાવ્યા ત્યારે હું અલગારી હતો. મને પૈસા કે ચીજનું પણં વિશેષ આકર્ષણ ન હોતું. તમે મને મૉડલ બનવાના પૈસા આપ્યા. મેં મકાન લીધું. લગ્ન કર્યા. પણ, કમાવાની આવડત ક્યાં હતી !...થોડા સમયમાં પૈસા પૂરા થયા. પત્ની ચાલી ગઈ, અને બીજે દૂર ગઈ હોત તો હું ભૂલી જાત પણ, મારી સામે જ રહેતા એક શ્રીમંત જોડે એણીએ ઘર માંડ્યું.

હવે મારે રોજ દેખવું ને રોજ દાઝવું. મારા મનની ખરલમાં ઈર્ષા અને રોષ ઘુંટાતો રહ્યો. અને છેવટે વેરનું કાતીલ ઝેર એમાંથી તૈયાર થયું. એક દિ' એ પાડોશીને બાન પકડ્યો. મોટી રકમ એની ઘરવાળી પાસેથી ઓકાવી. હવે દિવસે દિવસે હું અધઃપતનના માર્ગે ઊંડો ઉતરતો ગયો. ચોરી-લૂંટફાટ-બળાત્કાર-ખૂન-વ્યસનો....ભોળો ભલો જોસુ ખૂંખાર ડ્રેક્યુલા બની ગયો...આજે આ ચિત્ર જોઈને મને મારી જોસુ અવસ્થા યાદ આવે છે...અહાહા ! મેં કેટલા ખરાબ ધંધા કર્યા છે...ખરાબ સોબતો અને સંજોગોએ મને ક્યાં પહોંચાડ્યો...આજે આ ધર્મમય વાતાવરણમાં અને ચિત્રના પરમશાંત ભાવો જોતાં પશ્ચાત્તાપનો પાવક અગ્નિ સળગી ઉઠ્યો છે...જોસુને જો ખરાબ સંયોગો ડ્રેક્યુલા બનાવી શકે. તો સારા સંયોગો ડ્રેક્યુલાને જોસુ ન બનાવી શકે ?હું જોસુ બનીને જ રહીશ.

બોટીસેલીએ જોયું કે ડ્રેક્યુલાના ચહેરા ઉપરના આસુરીભાવો દૂર થયા છે. અંગારા જેવી ધખતી આંખોમાં પશ્ચાત્તાપના અશ્રુબિંદુઓ છે... સારું થયું કે જુડાસનું ચિત્ર ચિતરાઈ ગયું છે....નહીં તો હવે એના ચહેરા પરથી ચિતરવું મુશ્કેલ છે...બોટીસેલી કહેઃ 'જો ભાઈ, મારું કામ સરસ

થયું છે. એ માટે નક્કી કરેલી રકમ તું લઇ લે...' 'ના હવે મારે કશું નથી જોઇતું. પ્રભુને પ્રાર્થના કરજો કે ડ્રેક્યુલા જોસુ બની જાય.' કશું લીધા વિના ડ્રેક્યુલા રવાના થયો. એક દિવસ રાત્રે ચર્ચના આંગણે કોઇ અઢળક સંપત્તિ મુકી ગયું. લોકો ચર્ચા કરતાં...ડ્રેક્યુલાએ જ મુકી હશે. હવે અકિંચન બની ક્યાંક ખોવાઇ ગયો...

એ જરૂર જોસુ બનશે. અડગમનના મુસાફરને હિમાલય પણ નથી નડતો...જીવનમાં ટર્નિંગ પોઇન્ટ આવી જાય છે...પાપી પાવન બની જાય છે. જીવનના વહેણ બદલી નાંખીએ. અધઃમાંથી ઉર્ધ્વ કરીએ.

❖ ❖ ❖

૩૧ ધર્મે જય

કુસુમપુર નગરમાં ધનસાર નામના શેઠ રહે. શેઠ પાસે અઢળક લક્ષ્મી. ચાર દીકરા. શેઠ પાસે ધન ઘણું પણ અભિમાન નહીં. ધર્મની રુચિ પણ ઘણી.

અવાર-નવાર સદ્‌ગુરુના ચરણોમાં બેસી ધર્મશ્રવણ કરે. એકદા ગુરુ ભગવંતના મુખેથી જિનાલય નિર્માણનો મહિમા સાંભળ્યો. જેમ કૂવો ખોદતી વખતે શરૂમાં તો હાથ-પગ, ધૂળ-કાદવથી ગંદા થાય છે. પણ પછી જ્યાં પાણીની સરવાણીઓ ફુટે ત્યાં સુધી ખોદકામ પહોંચે એટલે નિર્મળ જળથી ખોદનારના હાથ-પગ તો સ્વચ્છ થઇ જ જાય છે. પણ એ કૂવાના કાંઠે આવી અનેક લોકો તૃષા છીપાવે છે. નાહી-ધોઇ શુદ્ધ થાય છે. એમ જિનાલયના નિર્માણમાં આરંભ-સમારંભજન્ય થોડા કર્મો બંધાય છે..પણ પછી એ જિનાલયમાં પરમાત્માને બિરાજિત કરી ઉછળતા ભાવે ભક્તિ કરવાથી જબરદસ્ત પુણ્ય બંધાય છે અને વર્ષો સુધી હજારો આત્માઓ ત્યાં પ્રભુ-ભક્તિ કરી આત્મકલ્યાણ સાધે છે.

શેઠના મનમાં આ વાત બેસી ગઇ. શેઠે વિપુલ દ્રવ્ય ખર્ચી બાવન-જિનાલયનું નિર્માણ કરાવ્યું. અનેરા ઉમંગથી પ્રતિષ્ઠા મહોત્સવ પણ ઉજવ્યો. શેઠના હૈયામાં આનંદનો પાર નથી. રોજ સુંદર પ્રભુ-ભક્તિ કરે છે.

પણ, બન્યું એવું કે આ પછી થોડા સમયમાં શેઠને ધંધામાં મંદી આવી. ઉઘરાણી ફસાઇ ગઇ. પાપના ઉદયે ભારે મોટા આર્થિક ફટકા પડ્યા....કરોડપતિ શેઠ રોડપતિ થઇ ગયા ! કરમને કંઇ શરમ થોડી હોય છે ?

કાગને બેસવું અને ડાળને પડવું આ બે જો સાથે થતા હોય તો લોકો એમાં કાર્ય કારણભાવ જોડી દેતા હોય છે. કાગડો બેઠો માટે ડાળ પડી.

શેઠના દીકરાઓએ પણ આવો કાર્ય-કારણ સંબંધ જોડી દીધો. આપણે જિનાલય બનાવ્યું. પ્રતિષ્ઠા મહોત્સવ કર્યો અને આપણે નિર્ધન થઇ ગયા.

આ ડોસાએ મંદિર બનાવી આપણને ભીખ માંગતા કરી દીધા. હવે આ મંદિરનું પગથિયું નહીં ચડવાનું. ધર્મ બિલકુલ નહીં કરવાનો !

હવે છોકરાઓ નવરા પડે એટલે ધર્મની, બાપાની, જિનાલયની નિંદા કર્યા કરે છે. આ બધા જાણે એમના એક નંબરના દુશ્મન હોય... એમના પાપે જ જાણે પોતે દરિદ્ર થયા છે એવું ભુસું ચારેયના મગજમાં પેસી ગયું.

શેઠે જોયું કે હવે આ છોકરાઓને મને જોઇને અપ્રીતિ થાય છે અને એમના મોઢે દેવ-ગુરુ ધર્મની નિંદા સિવાય બીજું કશું સાંભળવા મળતું નથી.

નિર્ધન તો પાપકર્મના ઉદયે થયા. પણ એ પહેલાં લક્ષ્મીનો આવો સદુપયોગ કરી બાવન જિનાલય-મંદિર નિર્માણ કરવાનો લ્હાવો મળી ગયો એની અનુમોદના પણ કરતાં નથી.

આ છોકરાઓ હવે બાપ તરીકેની મારી મર્યાદા સાચવે એવું પણ લાગતું નથી. સાથે રહીને સમાધિ જાળવવી મુશ્કેલ છે.

શેઠ-શેઠાણી દીકરાઓથી અલગ થઇ ગયા. ઘરડાં મા-બાપ કેમ કરી ગુજરાન ચલાવશે એવી આ નગુણા કપૂતોને ચિંતા નથી. એમને તો થયું 'બલા ટળી'.

એક જમાનાના કરોડપતિ શેઠ વૃદ્ધાવસ્થામાં ખભે કોથળો નાંખી એક ગામથી બીજા ગામ જાય છે....પણ હૃદયમાં શાંતિ છે. પૈસા આવે કે જાય, મહત્ત્વનું નથી. ધર્મ સ્થિર રહેવો જોઇએ. બીજાનો દોષ કાઢવો નકામો છે.

એવામાં એક દિવસ શેઠ એક ગામથી બીજા ગામ જઇ રહ્યા છે. ખભે કોથળો નાંખેલો છે. ઘડપણના લીધે શ્વાસ ચડે છે. થાક ખાય છે. પાછા આગળ વધે છે. રસ્તામાં ગુરુ ભગવંતોને આવતા દીઠા. કોથળો બાજુમાં મૂક્યો. 'મત્થએણ વંદામિ.'

દેરાસરની પ્રતિષ્ઠા કરનાર આચાર્ય ભગવંત અને એમનો પરિવાર હતો.

'અરે ! તમે ધનસાર શેઠ નહીં ?'

'હા, ગુરુદેવ, આપે બરાબર ઓળખ્યો.'

'પણ, શેઠ આ શું ?તમારા ખભે કોથળો અને આ તમારી અવસ્થા ?...'

કપાળ ઉપર આંગળી મુકી શેઠ કહે : 'બધું ભાગ્ય આધીન છે. અત્યારે પાપોદય ચાલે છે. સંસાર છે. ચાલ્યા કરે.'

પણ, આચાર્ય ભગવંતે જ્યારે બધી વિગત જાણી ત્યારે એમને થયું - આવો ધર્મી જીવ દુ:ખી થાય એ ઠીક નથી. લોકો ધર્મની પણ નિંદા કરે.

આચાર્ય મ. કહે અમે કુસુમપુર જ જઈએ છીએ. ઉપાશ્રયે આવજો.

શેઠ પહોંચ્યા. વંદન કર્યું....

જુઓ શેઠ, ત્રણ દિવસના અઠ્ઠમતપ પૂર્વક વિધિ સહિત નવકાર મંત્રનો જાપ કરો. ભલે....

ત્રીજા દિવસે ધરણેન્દ્ર પ્રસન્ન થયા.

'માંગ, માંગ'

શેઠ : 'આજે મેં પ્રભુને ફુલનો હાર ચડાવ્યો છે, તેનું ફળ આપો.'

ધરણેન્દ્ર : 'મારા ગજા બહારની વાત છે.'

'તો એ હારના એક ફુલનું ફળ આપો.'

'એ પણ શક્ય નથી.'

'તો ફુલની એક પાંખડીનું...'

'એ પણ અસંભવ છે...બીજું કંઈક માંગ.'

'કંઈ નથી જોઈતું....'

છેવટે રત્નના કુંભો મુકીને ઈન્દ્ર વિદાય થયા.

શેઠ છોકરાઓને પણ ધર્મનો મહિમા સમજાવી માર્ગ ઉપર લાવ્યા.

❖ ❖ ❖

૩૨ અત્યુગ્રપુણ્ય-પાપાનાં

આશરે સો વર્ષ પૂર્વની ઘટના છે.

. વિક્રમ સં. ૧૯૬૧માં શ્રી જૈનસંઘે એક ઠરાવ કર્યો કે ગિરિરાજ ઉપર કોઈએ બુટ પહેરીને જવું નહી. શાશ્વતગિરિની ગરિમા સાચવવાના ઉમદા આશયથી સંઘે આ પગલું લીધેલું....

પણ, આ દુનિયામાં એવા ઘણાં તત્ત્વો હોય છે. જે ઘમંડના નશામાં એવા ચકચૂર હોય છે કે બીજાના ઉમદા આશયોને જોઈ શકતા નથી. એમના વિવેક ચક્ષુ સદા બિંડાયેલા હોય છે.

પાલીતાણાના ઠાકોર માનસિંહ પણ આવા જ એક ઉદ્દંડ પ્રકૃતિનાં રાજવી હતા.

એના અહંકારે ફુંફાડો માર્યો : 'પાલીતાણાનો રાજા હું છું. શત્રુંજય પર્વતની આ બાજુની તળેટી વગેરે મારી હદમાં આવે છે અને મારી રજા વગર આવા ઠરાવ કરનાર કોણ છે ? મારી હદમાં જોડા પહેરવા કે ન પહેરવા એનો નિર્ણય મારે કરવાનો કે બીજા કોઈએ ? કોણ છે આ જૈન સંઘ ?

હું બુટ પહેરીને જ ઉપર જવાનો છું. જોઉં છું ક્યો ઠરાવવાળો મને રોકવા આવે છે ? કોની મગદૂર છે કે મારા પગમાંથી બુટ કાઢવાનું મને કહે ? શેત્રુંજયના પર્વત ઉપર જ નહીં, શેત્રુંજાના દેરામાં પણ હું તો બુટ પહેરીને જવાનો છું. જેની તાકાત હોય તે મને અટકાવવા આવે.'

માનસિંહ જિદ્દી પ્રકૃતિનો હતો. બીજા દિવસે એ બુટ પહેરીને ગિરિરાજ ઉપર ચડ્યો. રામપોળ, વાઘણપોળ...બધું વટાવીને ઠેઠ દાદાના રંગમંડપ સુધી એ પહોંચી ગયો. પગમાં પહેરેલા બુટ એણે પછાડ્યા :

'કોણ છે બુટનો ઠરાવ કરનાર...આવી જાય...મારી સામે.' આટલું ઓછું હોય તેમ મોઢામાં સળગતી ચિરૂટ મુકીને એના ધૂમાડા દાદાના ગભારા તરફ જાય એ માટે ફુંક મારી.

જોનારા બધા હબક ખાઇ ગયા. સર્વત્ર સન્નાટો ફેલાઇ ગયો ! સત્તા પાસે શાણપણ કોણ કરે ? કોઇએ પ્રતિકાર ન કર્યો.

રાજા માનસિંહ બરાડયો : 'જોડા ન પહેરવાના ઠરાવ કરનારા વાણિયાઓ, તમને ખબર છે અહીં મારું રાજ ચાલે છે....આજે તો ખાલી બુટ પહેરીને જ આવ્યો છું. પણ હવે હું આ પર્વત ઉપર બકરાનો વધ કરી એનું લોહી આ દેરાસર ઉપર રેડવાનો છું. તમારાથી થાય તે કરી લેજો.' આટલું કહી માનસિંહ ચાલ્યો ગયો.

સાંભળનારા સહુ ખિન્ન થઇ ગયા. દરેક ભાવિક ભક્તોના હૈયા ઉપર વજ્રાઘાત થયો !

એક તો જોડા પહેરીને દાદાના દરબારમાં આવ્યો અને પાછો ઘા ઉપર મીઠું ભભરાવતો ગયો...

ભાવિક લોકોની આંખમાંથી આસું સરી પડ્યા...કંઇકની આંખોના ખૂણા લાલ બની ગયા.....કેટલાકે મૂઠ્ઠીઓ પછાડી : 'ગિરિરાજ ઉપર પશુ વધ ! અને દાદા ઉપર લોહી ?....'

આવી ધમકી આપનાર આ દુષ્ટને બતાવી આપવું પડશે કે અમે જૈનો અમારા દાદાના માટે પ્રાણ આપવા પણ તૈયાર થઇએ એવા છીએ...!

જેણે જેણે સમાચાર સાંભળ્યા તે બધાને આઘાત લાગ્યો...આનો ઉપાય કંઇક કરવો જ જોઇએ. આવું કોઇ કાળે ન ચાલે. સહુના મનમાં આ પ્રત્યાઘાત રમતો હતો....

અને આ પરિસ્થિતિમાં શું કરવું એ માટે ચિંતિત ભક્તો પાલીતાણામાં એકઠાં થયા. પૂ.આ.ભ.શ્રી નેમિસૂરિ મ.સા.ની નિશ્રામાં ચર્ચા ચાલી.

કલકત્તાના બાબુ બહાદુરસિંહ તો આ ઘટનાથી એટલા બધા ઉકળી ઉઠ્યા હતાં કે એમણે ગર્જના કરી : 'કોણ છે આ માનસિંહ, ઉડાવી દઈશ એને.!'

આચાર્ય મ. કહે : આ તો બહુ આખરી પગલું છે. આ સિવાયના બીજા પગલાનો પણ વિચાર કરીએ.

કોર્ટમાં જવું. બ્રિટીશ શાસક એ.જી.જી.ને મળવું વગેરે પગલાની વિચારણા ચાલી....

આ બાજુ માનસિંહે તો બકરાની હત્યા ગિરિરાજ ઉપર કરવા માટેની તૈયારી કરવા માંડી. હનુમાન ધારા જયાંથી નવ ટુંકમાં જવાનો રસ્તો જુદો પડે છે. ત્યાં ઇંટ-ચુનો પતરા વગેરે પહોંચવા માંડ્યું. ચણતર પણ શરૂ થયું. ત્યાં છાપરી જેવું બનાવી મુસલમાન પાસે બકરાનો વધ કરવાની રાજાની યોજના હતી...

હવે તાત્કાલિક અને જોરદાર પ્રતિકાર કરવો અનિવાર્ય હતો...

હવે જેવા સાથે તેવા થયા વિના છૂટકો ન હતો...

પાલીતાણામાં એક માથાભારે માણસ હતો. ભાયચંદ એનું નામ. જન્મે એ જૈન હતો પણ ગુંડાના સરદાર જેવા એના કામકાજ હતા.

એને સમજાવવામાં આવ્યો કે ગિરિરાજ ઉપર હિંસાનું અઘોર કૃત્ય કોઇ પણ સંજોગોમાં અટકાવવું જોઇએ.

ભાયચંદ કહે : બરાબર છે.અટકાવવું જ જોઇએ.

'પણ, ત્યાં તો છાપરી તૈયાર થવા માંડી છે' 'એ બધું તોડી ફોડી નાંખીશું' ભાયચંદે ટંકાર કર્યો.

પછી ભાયચંદ ગિરિરાજની પાછળની બાજુના ડુંગરપુર, જીવાપર, આદપુર, ઘેટી વગેરે ગામડાના ભરવાડોને જઈ મળ્યો.

'અલ્યા તમે લોકો તમારા બકરાં ઘેટાં લઈ પર્વત ઉપર ચરાવવા જાવ છો ?'

'હા વળી, જઈએ જ છીએ.'

'હવે તમારા બકરાં ઘેટાંને પકડી પકડીને મારી નાંખવામાં આવશે.'

'એવો કોણ બે માથાવાળો છે ? અમારા માલને હાથ તો લગાડી જુએ !' એક ભરવાડે ડાંગ પછાડતાં કહ્યું.

ભાયચંદ કહે : 'ભઈલા, બીજો કોઈ હોય તો હું એકલો જ બધું પતાવી નાખું. પણ, આ દુષ્ટ કામ પાલીતાણાના રાજા માનસિંહ કરવા માંગે છે. એટલે આપણે બધા ભેગા થઈ એ જે છાપરી વગેરે બાંધે છે. એને તોડી-ફોડી નાંખીએ એટલે બેટાને ખબર પડે !'

'ભલે, ભલે, તમે જ્યારે કહો ત્યારે અમે તૈયાર. જે તોડવું હોય તે તોડી નાંખીએ.'

ભરવાડોએ સંમતિ આપી.

આ રીતે - ભાયચંદે જુદા જુદા ગામના ભરવાડોને તૈયાર કર્યા.

ખુદ આચાર્ય ભગવંત નેમિસૂરિ મહારાજા પણ ભરવાડોને સમજાવવા જીવાપર પહોંચ્યા હતા અને ગામના ચોરામાં પ્રવચન આપી ગિરિરાજ પરની હિંસાની યોજના અટકાવવા પ્રેરણા આપી હતી.

અને એક દિવસ રાજા માનસિંહને સમાચાર મળ્યા કે 'હનુમાનધારા ઉપરનું ચણતર બધું તોડી નાંખવામાં આવ્યું છે...પતરાઓ દૂર દૂર ફેંકી દીધા છે. ચુનો રેત બધુ ઢોળી-ફોડી નષ્ટ કરી દીધું છે.

ક્રોધથી ધૂંઆ ફૂંઆ થયેલો માનસિંહ કહે : 'કોણ છે આ કામ કરનાર !'

'બાપુ, ઘણા બધા ભરવાડો-રબારીઓ અને આપણા પાલીતાણાનો પેલો ભાયચંદ હતો. અમને પણ ધમકી આપી છે કે જો હવે ફરી ચણતર કરવાની કોશીષ કરી તો મર્યા સમજો' માણસોએ ડરતાં ડરતાં વાત કરી.

'એ ભાયચંદના બચ્ચા સામે કેસ કરો. એની ધરપકડ કરો. એને મારી મારીને કબૂલ કરાવો, આ કારસ્તાન પાછળ કોના કોના હાથ છે. હું કોઇ ચમરબંધીને પણ છોડવાનો નથી.' માનસિંહના શબ્દે શબ્દે કડવું વખ ઘુંટાતું હતું.

ભાયચંદને પકડ્યો, એને ખૂબ માર પીટ કરી. ખાંડણીયામાં એના હાથ રાખી પરાથી છુંદવામાં આવ્યા. પણ એ ભડ માણસે કોઇનું નામ આપ્યું નહીં. 'જે કર્યું છે તે મેં કર્યું છે. કોર્ટમાં કેસ ચલાવો. જે સજા થાય તે વેઠી લઇશ.'

છેવટે ભાયચંદને જામીન પર છોડવો પડ્યો. પણ, એ પાલીતાણાની હદ છોડી ક્યાંય જાય નહીં. એ માટે ચાર પોલીસો એની પાછળ જ ફરતાં...

હનુમાનધારાએ છાપરી તુટ્યા પછી માનસિંહ આ બાબતે આગળ વધવા માંગે છે કે નહીં અને આગળ વધે તો કઇ રીતે એ જાણવું પણ જરૂરી હતું. તો જ સમયસર સચોટ પ્રતિકાર કરી શકાય.

માનસિંહનો સંદેશો લઇ ખેપિયો ઘેટીની પાગના રસ્તેથી અવાર-નવાર ઉપર જાય છે એવા સમાચાર મળ્યા.

એ સંદેશો જાણવા માટે ગોકુળદાસ અમથાદાસ શ્રેષ્ઠિ બાવાનો વેશ પહેરીને ઘેટીની પાગના રસ્તામાં બેસી ગયા. (પાછળથી આ શ્રેષ્ઠી દીક્ષા લઇ પૂ. નેમિસૂરિ મ.સા.ના શિષ્ય મુનિ સુભદ્રવિજયજી બન્યા.)

થોડીવાર બાદ ખેપિયો નિકળ્યો. બાવાજીએ કહ્યું : 'રામ, રામ.'

ખેપિયાએ પણ કહ્યું : 'રામ, રામ.'

'એય ! અહીં આવ લે, ચા-પીતો જા.'

બાવાજીએ રકાબીમાં ચા કાઢી.

ગરમાગરમ ચા મફતમાં મળતી હોય તો કોણ ના પાડે.

ખેપિયો ચા પીવા બેઠો.

બીડી આપી. અને હળવેથી હાથમાં પાંચ રૂપિયાની નોટ પણ પકડાવી દીધી.

અને પછી ખેપિયાની પાસેનો પત્ર પણ કુશળતા પૂર્વક વાંચીને પાછો આપી દીધો.

પાલીતાણા સમાચાર પહોંચી ગયા કે, 'માનસિંહ હવે આગળ વધવાના નથી.'

ચર્ચા વિચારણાના અંતે નિર્ણય થયો :

'તો પણ, આપણે આગળ વધવું જોઈએ, રાજાની શાન ઠેકાણે લાવવી જોઈએ. જેના આંગળા છુંદવામાં આવ્યા છે એ ભાયચંદ રાજકોટ કોર્ટમાં જઇ રાજા સામે કેસ કરે તો રાજાને બરાબર સપડાવી શકાય.'

પણ, ભાયચંદ પાલીતાણા છોડી ન શકે એ માટે સતત એની પાછળ પોલીસો ફરતા.

એનો પણ ઉપાય કરવામાં આવ્યો. અમદાવાદના શ્રેષ્ઠિવર્ય મનસુખભાઇ ભગુભાઇ આ.ભ.નેમિસૂરિ મ.સા.ના પરમ ભક્ત. એમની ગાડી ઉપાશ્રયની પાછળની બાજુમાં તૈયાર હતી. ભાયચંદ ઉપાશ્રયમાં પૂ. નેમિસૂરિ મ.સા.ને વંદન કરવા આવ્યો. પોલીસો બહાર ઓટલા પર બેઠા. ભાયચંદને આ.મા. એ આર્શીવાદ આપ્યા. પાછળના ભાગમાં

લાકડાની સીડી તૈયાર હતી. સીડી ઉતરી ગાડીમાં બેઠા...ગાડી ભાગી...સોનગઢથી રાજકોટની ટ્રેનમાં....

થોડી વધુ વાર થવાથી પોલીસો ઉપાશ્રયમાં આવ્યા. 'ભાયચંદ કહાં ગયા ?'

'વો તો ચલા ગયા.'

પોલીસને ખ્યાલ આવ્યો કે આપણે છેતરાયા છીએ. દોડ્યા રાજા પાસે. માનસિંહ ગભરાયો. ભાયચંદ રાજકોટ પહોંચ્યો તો ઉપાધિનો પાર નહીં.એના પહેલાં હું પહોંચી જાઉં...

માનસિહે ગાડી દોડાવી. ગાડી સોનગઢ પહોંચી ત્યારે રાજકોટની ટ્રેન.ઉપડી ચૂકી હતી. માનસિંહ હાથ ઘસતો રહી ગયો. ભાયચંદે કેસ દાખલ કરી દીધો. એના છુંદાયેલા હાથ જોઈને તરત જ જજે વોરંટ મોકલ્યું : 'તમે ગુનો કર્યો છે, કોર્ટમાં હાજર થાવ. અથવા તમે રાજા છો, વાઈસરોયને મળી આ પ્રશ્નનું સમાધાન કરી લો.'

તે વખતે વાઈસરોય સિમલામાં હતા. એટલે માનસિંહ વાઈસરોયને મળવા સિમલા જવા ગાડીમાં બેઠા. પણ, કોર્ટ કે વાઈસરોય કરતાં વધુ ઝડપે કુદરતે જ ચુકાદો આપી દીધો. હૃદયરોગના હુમલામાં માનસિંહ મરણ પામ્યો. એક કાળા પ્રકરણ ઉપર પડદો પડી ગયો.

૩૩ સંકલ્પાત્ સિદ્ધિ

સંકલ્પનો મહિમા ઘણો ગવાય છે.

સંકલ્પને જેટલો વધુને વધુ ઘુંટવામાં આવે તેમ એની શક્તિ ઘણી પ્રગાઢ બનતી હોય છે.

સાદી પીપર કરતાં ચોસઠ પહોર ઘુંટેલી પીપરનો મહિમા આયુર્વેદમાં વિશેષ વર્ણવ્યો છે.

સો વર્ષ પહેલાં અમેરિકામાં એક પ્રખ્યાત અભિનેતા થઇ ગયો.

ચાર્લ્સ કાલગન એનું નામ.

એની નાટક મંડળી બહુ વખણાતી.

ચાર્લ્સનો અભિનય બહુ અસરકારક હતો. એ પરણેલો નહોતો. પૈસા મેળવવાની વિશેષ ધૂન પણ એના માથા ઉપર સવાર ન હતી.

લોકોનું મનોરંજન કરવું એનું મુખ્ય લક્ષ્ય હતું.

અને દુનિયા તો આવા મનોરંજક અભિનેતા પાછળ ગાંડી બનતી જ હોય છે. ચાર્લ્સના હજારો પ્રશંસકો...ઠેર ઠેર માન-સન્માન અને હાર-તોરા થતાં.

ચાર્લ્સ પોતે કેનેડાના પ્રિન્સ ટાપુનો હતો અને એને પોતાની માતૃભૂમિ પ્રત્યે ખૂબ લગાવ હતો.

એ એના ચાહકોને હંમેશા એક વાત કરતો કે હું જ્યારે મરી જાઉં ત્યારે મને મારા માદરે વતનમાં દફનાવજો.

નાટક મંડળી લઇને ચાર્લ્સ બોગીમાં બેસીને હજારો કીલોમીટર દૂર સુધી જતો. પણ, એને એની માતૃભૂમિ હંમેશા યાદ રહેતી. એ વારંવાર કહેતો મારી જન્મભૂમિમાં જ મારા અંતિમ સંસ્કારો કરજો..

કહેવત છે કે મહેમાન અને મોત ક્યારે આવીને ઊભા રહે તેની કોઇને ખબર પડતી નથી.

ટેકસાસના એક બંદર ઉપર નાટક ચાલુ હતું. ચાર્લ્સ એનો અભિનય એકાગ્ર બની કરી રહ્યો હતો...ત્યાં જ હૃદયરોગનો તીવ્ર હુમલો આવ્યો.

ચાર્લ્સ કાલગન ઢળી પડ્યો.

પ્રેક્ષકોમાં સન્નાટો છવાઇ ગયો.

ચાર્લ્સના ચાહકોનો વિશાળવર્ગ એકઠો થયો. ચાર્લ્સની ઇચ્છાની બધાને જાણ હતી. પણ, ક્યાં ટેકસાસ અને ક્યાં કેનેડાનો પ્રિન્સ ટાપુ ! હજારો કીલોમીટર દૂર હતી ચાર્લ્સની જન્મભૂમિ. તે કાળે એવી વિમાન સેવા પણ નહોતી.

પોતાનાં પ્યારા અભિનેતાની અંતિમ ઇચ્છા પૂરી કરી શકાય એવી કશી શક્યતા ન જણાઇ ત્યારે ટેકસાસના દરિયાકાંઠે જ એને દફનાવવાનો નિર્ણય લેવાયો. ચાંદીના પતરાવાળા સુંદર કોફીનમાં ચાર્લ્સના મૃતદેહને મુકવામાં આવ્યો. એના ઉપર સોનેરી અક્ષરે લખાણ કરવામાં આવ્યું : 'અહીં અમેરિકાનો જાણીતો અભિનેતા ચાર્લ્સ કાલગન સૂતો છે. જેણે જીવનની છેલ્લી પળ સુધી જગતને મનોરંજન આપ્યું છે.'

દરિયાકાંઠે આવેલા વિશાળ કબ્રસ્તાનમાં એક સ્થળે ભારે દબદબા-પૂર્વક એના ચાહકોએ અંતિમવિધિ કરી. ભારે હૈયે સહુ વિખરાયા. પોતાના લાડીલા અભિનેતાને એની જન્મભૂમિમાં દફનાવી ન શકાયો એનો વસવસો બધાના દિલમાં હતો.

આ ઘટનાને થોડા દિવસો માંડ વીત્યા હશે અને ટેકસાસના દરિયા કાંઠે અતિ ભારે વાવાઝોડું,વરસાદ, તોફાન આવી ચડ્યું. વાંભ વાંભ ઉછળતાં દરિયાના મોજા ટાપુ ઉપર ફેલાવા માંડ્યા.

દરિયા કાંઠે આવેલા કબ્રસ્તાનની દિવાલ તૂટી પડી...જમીન ધોવાઇ ગઇ...અને અનેક કોફીનોને દરિયાલાલ તાણી ગયો. આ તણાઇ ગયેલા કોફીનમાં ચાર્લ્સ-કાલગનનું કોફીન પણ હતું.

પણ, આશ્ચર્ય એ વાતનું હતું કે - દરિયાના મોજાઓ જે રીતે પાછા ફર્યા અને જે રીતનું હવામાન હતું તે પ્રમાણે મોટા ભાગના કોફીનો તણાતાં તણાતાં વેસ્ટઇંડીઝ તરફ વહી ગયા....

જ્યારે ચાર્લ્સ કાલગનના કોફીને સાવ જુદો જ માર્ગ પસંદ કર્યો. એ કોફીન આટલાંટીક મહાસાગરના ગલ્ફમાં સામે પ્રવાહે ખેંચાતું ખેંચાતું અખાતમાં ઉત્તર કેનેડાના હડસનના અખાતમાં આગળ વધ્યું. શરૂઆતના કોઇ બેટ ઉપર ન રોકાતું એ કોફીન દસ મહિનાની લાંબી દરિયાઇ મુસાફરીના અંતે ચાર્લ્સ કાલગનના માદરે વતન પ્રિન્સ ટાપુ ઉપર જઇ પહોંચ્યું.

સવારે જ્યારે કાંઠા ઉપર તણાઇ આવેલું કોફીન જોયું ત્યારે માછીમારોએ એને ખેંચીને જમીન ઉપર આણ્યું. ચાંદી ઉપર મોટા સોનેરી અક્ષરોમાં લખાણ વાંચ્યું. 'અહીં, મહાન અભિનેતા ચાર્લ્સ કાલગન સૂતો છે...'

અરે ! આ તો આપણા ચાર્લ્સનું કોફીન ! જેણે આખી દુનિયામાં ડંકો વગાડ્યો ! જેણે માતૃભૂમિને કદી વિસારી નથી...હજારો વખતે જેણે માતૃભૂમિમાં પોતાને દફનાવવાની પોતાની ઇચ્છા પ્રગટ કરેલી..! જે કામ એના ચાહકો ના કરી શક્યા તે કામ કુદરતે કરી દીધું !

હજારો લોકોએ ભેગા મળી, ચાર્લ્સના કોફીનનો અંતિમવિધિ એના વતનની ભૂમિમાં કર્યો. ત્યારે સૌના હૈયે એક જ વાત રમતી હતી...ચાર્લ્સનો સંકલ્પ સિદ્ધિને વર્યો...ભાગ્યશાળી માણસ કહેવાય ! કુદરત પણ જેના સંકલ્પને સિદ્ધ કરવા સહાય કરે....કેવો ચમત્કાર કહેવાય !

હંમેશા શુભ સંકલ્પો કરતા રહીએ...એને ઘુંટતા રહીએ... આઠ વરસની વયમાં આવતા ભવે દીક્ષા લેવાની ભાવનાને આજથી જ ઘુંટવા માંડીએ...શ્રી વજ્રસ્વામિને યાદ કરીએ.

❀ ❀ ❀

૩૪ અજોડ ઇર્યાપાલન

સુધર્માસભામાં બેઠેલા ઈન્દ્ર મહારાજા અવધિજ્ઞાનથી જંબૂદ્વીપનું અવલોકન કરે છે. એમની નજર વરદત્ત મુનિ ઉપર પડી. બે હાથ જોડી માથું નમાવતાં ગુણાનુરાગી સૌધર્મેન્દ્ર બોલ્યા :

'ભરતક્ષેત્રમાં વિચરતાં વરદત્ત મુનિનો ઈર્યાપાલનના ઉપયોગમાં જોટો જડે તેમ નથી.'

ઘણા દેવોએ તો માથું નમાવી સ્વીકારી લીધું. પણ એક દેવે પરીક્ષા કરવાનો નિર્ણય કર્યો.

હાથીનું રૂપ વિકુર્વીને આવ્યો. મુનિને સૂંઢમાં લઇ ઉછાળ્યા આકાશમાં અને મુનિની કાયા જ્યાં પડી રહી છે ત્યાં ઝીણી ઝીણી અનેક દેડકીઓ વિકુર્વી.

આકાશમાંથી નીચે પટકાતા મુનિ પોતાને કેવું વાગશે, હાથ-પગ ભાંગી જશે એની લેશ પણ ચિંતા નથી કરતા. પરંતુ, પોતાની કાયાથી દેડકીઓ કચડાઇ જશે એને કેમ બચાવવી એ જ ચિંતામાં પોતાના હાથમાં રહેલા રજોહરણથી જમીન પૂંજવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

દેવે પોતાના અવધિજ્ઞાનથી મુનિની મનઃસ્થિતિ જાણી લીધી. મુનિને વચ્ચેથી ઝીલી લીધા. પગમાં પડી ક્ષમા માંગી. 'જેવા ઇન્દ્ર મહારાજાએ વર્ણવ્યા એવા જ ઈર્યાપાલનમાં આપ અજોડ છો, ધન્ય છે

આપના સમિતિપાલનને, ધન્ય છે આપની સાધનાને.' વરદત્ત મુનિના ગુણ ગાતો ગાતો દેવ દેવલોક તરફ રવાના થયો.

(કલ્પસૂત્ર બાલાવબોધ રા.સૂ. વાળું)

❁ ❁ ❁

૩૫ જેવા સાથે તેવા

એક મુસાફર જંગલમાંથી પસાર થઇ રહ્યો હતો. 'બચાવો બચાવો' શબ્દો કાને પડતાં આજુ-બાજુમાં નજર કરી. એક સાપ આગમાં ફસાયેલો જોયો. મનુષ્યભાષામાં વિનંતી કરતાં મોટા દૈત સાપને આગમાંથી બહાર કાઢ્યો. મુસાફર આગળ જવા લાગ્યો ત્યારે સાપે એને રોક્યો. હવે હું તને જવા નહીં દઉં. તને ખાઇ જઇશ.

'અલ્યા, ઉપકાર ઉપર અપકાર. તને જોખમ વેઠી બહાર કાઢ્યો આગમાંથી એનો આવો બદલો ?' મુસાફરે દલીલ કરી.

'આ તો હળહળતો કળિયુગ છે. એમાં તો ઉપકાર ઉપર અપકાર જ કરવાનો હોય. દુષ્ ધાતુને ગુણ કરો તો દોષ્ થાય છે. માટે હું તને કરડીશ જ.' સાપે સાવ નગુણા થઇને સંભળાવી દીધું.

કાકલૂદી કરતાં મુસાફર કહે : 'હું વર્ષોથી પરદેશ કમાવા ગયેલો આજે ધન કમાઇ વતન જાઉં છું. પત્ની રાહ જોતી હશે. મને એક વાર જવા દે. હું પત્નીને ધન આપતો આવું. એની સલાહ લઇને હું ચોક્કસ પાછો આવીશ.'

'સારું જા, પણ જલ્દી પાછો આવજે.' સાપે રજા આપી. બીજા દિવસે મુસાફર પાછો આવ્યો. સાથે એની પત્ની પણ હતી. હાથ જોડી તેણીએ રડતાં રડતાં કહ્યું : 'નાગરાજ ! તમે મારાં પતિનું જો ભક્ષણ કરશો

તો મારું શું થશે ? મારે ઘણાં બધાં દુશ્મનો છે એ મને સુખે જીવવા નહીં દે.'

'એનો ઉપાય હું બતાવું' એક છોડ તરફ નંજર કરી સર્પે કહ્યું : 'આ છોડના મૂળિયાં વાટી એનું પાણી તારા દુશ્મન ઉપર છાંટજે. બધા બળીને ભસ્મ થશે.'

સ્ત્રીએ તરત છોડ- ઉખેડી એનાં મૂળિયાંને નજીકના ઝરણાના ભીના પથ્થર ઉપર ઘસ્યું અને એનું પાણી સાપ પર છાંટવા માંડી. સાપ કહે : 'અરર ! આવું.? મેં ઉપાય બતાવ્યો ને મારા ઉપર અખતરો ?'

સ્ત્રી કહે : 'નાગરાજ ! આ તો કળિયુગ છે. જેવા સાથે તેવા...'

પાણી છાંટ્યું ને રાફડો ભસ્મ.

(કલ્પસૂત્ર બાલાવબોધ, રા.સૂ.)

❀ ❀ ❀

૩૬ અપશુકનિયાળ કોણ ?

કાશી નગરીમાં માધવ નામે એક દરિદ્ર બ્રાહ્મણ વસતો હતો. એનાં નસીબ ફૂટેલાં. 'જ્યાં જાય ઉકો ત્યાં રોટલો સૂકો.' માધવ જ્યાં જાય ત્યાં એને તકલીફોની વણથંભી વણઝાર વળગતી. એનું અપયશ નામકર્મ તીવ્રતયા ઉદયમાં આવેલું.સવારના પહોરમાં એનું મોં જોનારને મધ્યાહ્ન સુધી ભૂખ્યા રહેવું પડતું. ગામ આખામાં માધવ 'અભાગિયા' તરીકે પંકાઇ ગયેલો.

કાશીનરેશે જ્યારે આ વાત સાંભળી ત્યારે એમણે કહ્યું : આ બધી ખોટી ભ્રમણા છે. કોઇ બે-ચારને ખાવા ન મળ્યું હોય એમાં બિચારા માધવને

દોષ દેવો ખોટો છે. આવતી કાલે હું સવારે એનું મોં જોઈશ અને પછી દૂધ-નાસ્તો લઈશ અને માધવના નામે ચાલતી દંત-કથાને દેશવટો આપીશ.

બીજા દિ' રાજાએ સહુ પ્રથમ માધવનું જ મોઢું જોયું. અને જેવો એ નાસ્તો કરવા બેઠો છે અને દૂધનો પ્યાલો મોંએ અડાડે છે ત્યાં મહાવત દોડતો આવ્યો : 'મહારાજ ! ગજબ થયો. આપણો પટ્ટહસ્તી એકાએક ઢળી પડ્યો છે. હાલતો નથી, ચાલતો નથી....'

'સાજા સારા પટ્ટહસ્તીને એકાએક શું થઈ ગયું !' બોલતો બોલતો રાજા સફાળો ઊઠયો. ગજશાળામાં પહોંચ્યો. પ્રાણપ્યારા હાથીને બચાવવા ભારે દોડધામ ચાલી. પણ, તૂટીની બૂટી હોતી નથી. સાંજે રાજા આ ધમાલમાંથી માંડ ભોજન ભેગો થયો. પ્રધાન કહે :' આ માધવનું મોઢું જોયાનું પરિણામ છે. આ અખતરો કરતાં ખતરો થયો.' રાજાને યાદ આવ્યું : 'હા, હા, એ દુષ્ટ માધવ માટે ચાલતી લોકોક્તિ ખોટી નથી. એ દુષ્ટને શૂળીએ ચડાવી દો.'

બિચારા માધવના માથે તો આભ તૂટી પડ્યું. ફાંસીના માંચડે એને લઈ જવામાં આવ્યો. 'શી છે તારી છેલ્લી ઈચ્છા ?' નિયમ મુજબ એને પ્રશ્ન પુછાયો. 'મારે રાજાના કાનમાં થોડી વાત કરવી છે.' રાજા ત્યાં આવ્યો. માધવે રાજાના કાન પાસે જઈ કહ્યું : 'મારાં દર્શનથી આપને ખાવા ન મળ્યું, પટ્ટહસ્તી મૃત્યુ પામ્યો અને આપનાં દર્શન સવારે મેં કર્યા અને મને ફાંસી મળી. આપણા બેમાં વધુ અપશુકનિયાળ કોણ ?'

તેજીને ટકોર પૂરતી છે.

માધવને મુક્ત કરવામાં આવ્યો.

અપશુકનિયાળ માણસ નિમિત્ત હોય છે. આપણા દુષ્કર્મો ઉપાદાન કારણ હોય છે. આપણી તકલીફ માટે બીજાને ગુનેગાર ગણવાની રીત સદંતર ખોટી છે.

૩૭ આજ્ઞા ગુરુણામ્ અવિચારણીયા

ઘટાટોપ વાદળાંથી આકાશ છવાયેલું હતું. એ જમાનામાં સમય જાણવાનું સાધન માત્ર આકાશ હતું. દિવસે સૂર્યને જોઈને અને રાત્રે સપ્તર્ષિ વગેરે તારા જોઈને સમયનું જ્ઞાન કરાતું. વાદળ-છાયા આકાશમાં તારાઓ દેખાતા ન હતા. મુનિઓએ અનુમાનથી પડિલેહણનો સમય થયો માની પડિલેહણ કર્યું.

થોડીવાર બાદ વાદળાં વીખરાયાં. સપ્તર્ષિના તારાને જોઈને આચાર્ય મહારાજે કહ્યું : મુનિઓ ! પડિલેહણનો સમય હવે થાય છે. તમે વહેલી પ્રતિલેખના કરી લીધી છે. માટે ફરીથી પડિલેહણ કરો.

ગુરુ-આજ્ઞા તહત્તિ કરી બધા મુનિરાજો પુનઃપ્રતિલેખન કરવા માંડ્યા ત્યારે સોમિલ નામના એક મુનિને આ ન ગમ્યું. એ બબડ્યા : 'હજુ હમણાં તો પડિલેહણ કર્યું છે. આટલી વારમાં શું અંદર કંઈ સાપબાપ ઘૂસી ગયો છે. તે ફરી પડિલેહણ કરવાનું ?'

અનિચ્છાએ પણ ગુરુ-આજ્ઞાનું પાલન તો કરવું જ રહ્યું !. સોમિલ મુનિએ પડિલેહણ શરૂ કર્યું ને...'ઓ! બાપ રે ! સાપ ! સાપ !

ગુરુજી, ગુરુજી, મારી ઉપધિમાંથી સાપ નીકળ્યો.'

આચાર્ય ભગવંત કહે : 'આ કોઈ દેવની માયા લાગે છે. ભગવાનની આજ્ઞા મુજબ યોગ્ય કાળે પ્રતિલેખન કરવાનું ગુરુ મ. ફરમાવે ત્યારે તહત્તિ કરવાના બદલે દલીલ કરવાની ભૂલ હવે ન કરતો.'

તેજીને ટકોર બસ છે. સોમિલ મુનિએ મિચ્છામિ દુક્કડમ્ આપી દીધું અને હવેથી બધા મુનિરાજોના ડાંડાના પડિલેહણનો હું લાભ લઈશ અને બધાને પડિલેહણમાં સહાયક બનીશ. એવો અભિગ્રહ લીધો.

(કલ્પસૂત્ર બાલાવબોધ, રા.સૂ.વાળું, પૃ.૪૪૪)

❀ ❀ ❀

૩૮ અમર બલિદાન - અમર પ્રેમ

હજાર વર્ષ પહેલાનો પ્રસંગ છે.

ગુજરાતના સોલંકી રાજા દુર્લભસેનની રાણીઓ જૂનાગઢ જાત્રા કરવા આવી છે. ભવનાથ તળેટીમાં આવેલા દામોદર કુંડમાં સ્નાન કરવાનો બહુ મોટો મહિમા હોવાથી રાણીઓ દામોદર કુંડ પાસે પહોંચી.

જૂનાગઢના રા'ડિયાસે ગુજરાતના રાજાની રાણીઓનો ઉચિત સત્કાર કરવાના બદલે રુક્ષ વર્તન કર્યું. પહેલા દાણ ચૂકવો પછી સ્નાન.

રાણીઓને આ વર્તન ખટક્યું. નાહ્યા વિના જ રાણીઓ પાછી ફરી.

બધી વિગતો સાંભળતાં દુર્લભસેન રાજા લાલચોળ બની ગયો. 'જૂનાગઢનો રા'શું સમજે છે, એના મનમાં ? મારી રાણીઓનું આવું અપમાન ! આનો બદલો અવશ્ય લઇશ.' દુર્લભસેને ગાંઠ વાળી.

રાજાએ મંત્રીઓને વાત કરી. રા'ડિયાસને સજા કરવી છે. મંત્રીઓએ મંત્રણા કરી. જૂનાગઢનો કિલ્લો મજબૂત છે. અંદર પાણી પણ પૂરતું છે. બળથી નમાવવામાં બહુ સમય જાય. ખર્ચ પણ પુષ્કળ થાય. બળના બદલે છળપ્રયોગ કરવાનું નક્કી થયું.

પાટણનું સૈન્ય જાત્રાળુ વણિકોના વેશમાં ધીમે ધીમે જૂનાગઢમાં પહોંચવા માંડ્યું.

એક 'દિ રા'ડિયાસ પાસે એક શ્રેષ્ઠિ આવ્યા. 'નામદાર, અમે એવો નિયમ લીધો છે કે - દામોદર કુંડમાં સ્નાન કરી આખા જૂનાગઢને ધુમાડાબંધ જમાડવું. આ માટે આપની રજા લેવા અને આપને આમંત્રણ આપવા અમે આવ્યા છીએ.'

'તમે નોતરું આપ્યું એટલે આવી ગયું'...'રા'એ જવાબ આપ્યો.

'ના, ના, મારો નિયમ છે...ધુમાડા બંધ..પ્રતિજ્ઞા અધૂરી રહેશે.'

'સારું, હું સમયસર આવી જઈશ અને રાણીઓ માટે ભોજન મોકલી આપજો.'

'ભલે, એમ કરીશું' શ્રેષ્ઠિઓ વિદાય થયા.

આખું જૂનાગઢ ભોજન કરવા આવી ગયું છે. રા'પણ આવી ગયો છે...ભોજન શરૂ થાય એ પહેલાં તો તલવારો ઊછળી. રા'ડિયાસનું માથું ધડથી જુદું થઈ ગયું. નાસ-ભાગ મચી. જૂનાગઢનું સૈન્ય ઊંઘતું ઝડપાયું.

પટણી સૈનિકોએ જૂનાગઢ અને વંથળીનો કબજો લઈ લીધો. રા'ડિયાસની રાણીઓ સતી થઈ...પણ સોમલદેવી નામની એક રાણીના ખોળામાં ધાવણો બાળક નવઘણ હતો. કોઈ પણ ભોગે રા'ડિયાસનો વંશવેલો બચાવી લેવાનો પ્રશ્ન અગત્યનો હતો.

સોલંકી સૈન્ય રાજમહેલમાં આવી બાળકને ખતમ કરે એ પહેલાં એને સલામત રવાના કરવો જરૂરી હતો.

વિશ્વાસુ દાસીને રાણીએ કહ્યું : 'ઓડીદર બોડીદરમાં દેવાયત આહીર રહે છે. મારો ધરમનો ભાઈ છે. આ નવઘણને એના હાથમાં સોંપી દેજે. મારો વીરો જાનના જોખમે પણ જૂનાગઢના વારસને જાળવશે.'

રાણી સોમલદે સતી થઈ. દાસી ટોપલામાં બાળકને સંતાડી ભાગી. દેવાયતના હાથમાં નવઘણની સોંપણી કરી ત્યારે એણીનો શ્વાસ હેઠો બેઠો. દેવાયતે પત્નીને કહ્યું : 'આહીરાણી, આજથી આને વહાણની જેમ જ સાચવશો. જરા પણ ઓછું આવવા ના દેશો. જૂનાગઢના રા'નો આ પુત્ર છે અને મારી ધરમની બહેનની થાપણ છે.'

વર્ષોનાં વહાણાં વીત્યાં. નવઘણ, વહાણ અને જાહલ સગાં ભાઈબહેનની જેમ મોટા થઈ રહ્યાં છે.

ગામના આહીર આગેવાનો સિવાય કોઈને નવઘણ વિશે ખબર નથી. જૂનાગઢના પ્રદેશ ઉપર ગુજરાતના સોલંકીઓની આણ વર્તે છે. પણ પ્રજાને ખાસ ફરક નથી પડતો. રાજા આ હોય કે તે.

દેવાયત ગામના આગેવાન. પટેલને એક વખત ગામના બીજા એક આગેવાન જોડે કંઈક બાબતે ઝઘડો થઈ ગયો. ગામના આગેવાન હોવાથી દેવાયતે દાદ આપી નહીં. પેલો પાંચો પટેલ દેવાયત ઉપર ભારે ગિન્નાયો. 'દેવાયતને ઉપાધિમાં ન મુકું તો હું પાંચો પટેલ નહીં' એણે નિર્ધાર કર્યો.

આ નિર્ધાર સફળ કરવા એણે સોલંકીરાજ્યના વ્યવસ્થાપકોને કાનમાં ફુંક મારી 'તમારા દુશ્મન રા'ડિયાસનું સંતાન દેવાયતના ઘરે ઊછરે છે.'

સમાચાર મળતાં જ બીજા દિવસે સિપાઈઓની પલટણ આવી પહોંચી. ગામના ચોરા ઉપર આગેવાનોને બોલાવ્યા. 'તમારા ગામમાં રા'ડિયાસનો બાળક ઊછરે છે આ વાત સાચી છે ?' અધિકારીએ સીધો જ પ્રશ્ન કર્યો.

'ના, આ ગામમાં કોઈ રા'નો વંશ જ નથી.' બધાએ નકારમાં ડોકું ધુણાવ્યું.

'દેવાયતને બોલાવો. એના જ ઘરમાં બાળક ઊછરે છે. અમને ચોક્કસ માહિતી મળી છે.'

દેવાયત આવ્યો. ફરી એ જ પ્રશ્ન અધિકારીએ પૂછ્યો. બધા આહીરો એકકાન થઈ ગયા. દેવાયત શું જવાબ આપે છે એ સાંભળવા.

દેવાયતને પાંચા પટેલ જોડે બોલ-ચાલ થઇ ત્યારથી ડર હતો જ કે આ પટેલ ચાડી ખાઇ આવે એવો છે.

હવે સોલંકી સૈન્યની પલટણ આવી ગઇ છે. ના પાડવાથી પણ નવઘણને બચાવવો મુશ્કેલ છે.

એણે મનોમન નિર્ણય કર્યો. દીકરાનું બલિદાન દઇને પણ રા'નો વંશવેલો બચાવવો.

દેવાયત કહે : 'રા'નો વંશ જ મારા ઘરે જ છે. મેં જાણીને રાખ્યો છે. કેમકે રાજનો દુશ્મન બીજાના હાથમાં જતો રહે તો કેમ ચાલે ? હું રાજને સોંપવાનો જ હતો.'

અધિકારી કહે : 'દેવાયત, તમે બહુ સારું કર્યું. હવે એ રાજના દુશ્મનને જલદી અમારે હવાલે કરો.'

દેવાયતે એક માણસને બોલાવ્યો. ઘરે જઇ આહિરાણીને કહેજે - 'નવઘણને સમજાવીને મોકલે. એને કહેજે કે રા'રખતી વાત કરજે.' અધિકારીએ સાથે સૈનિકોને પણ મોકલ્યા.

આહિરાણી સંદેશાનો મર્મ પામી ગઇ.

એણે પોતાના લાડકા દીકરા વહાણને નવડાવી સુંદર વસ્ત્રો પહેરાવ્યાં. આંખોમાં આંસુ સાથે એણે કહ્યું : 'તને પૂછે તો કહેજે હું રા'ડિયાસનો દીકરો નવઘણ છું. વહાણને લાગ્યું આજે કંઇક જુદો જ માહોલ છે. 'મા, ભલે એમ જ કહીશ.'

સૈનિકો સાથે વહાણ સુંદર કપડાં પહેરી ચાલ્યો એટલે નવઘણ ઊંચો નીચો થયો. 'મા, મારે પણ જવું છે.'

આહિરાણી કહે : 'જો, બેટા તારે જવાનું નથી અને જો કોઇ તને પૂછે તો કહેવાનું મારું નામ વહાણ છે.'

માની આંખમાં આંસુ જોઈને નવઘણે વધુ પૂછવાનું માંડી વાળ્યું. એને ખ્યાલ નથી કે આ માતાએ પોતાની રક્ષા માટે પેટના દીકરાને બલિની વેદી ઉપર ચડાવી દીધો છે.

વહાણને નવઘણના રૂપમાં આવેલો જોઈ બધા આહીરો દેવાયતની ચાલ સમજી ગયા. શરણાગતની રક્ષા માટે પંડના દીકરાને મોતના મુખમાં મોકલતા દેવાયતને સહુ મનોમન વંદી રહ્યા.

અધિકારીએ પૂછ્યું : 'શું નામ તારું ?' 'નવઘણ'

'કોનો દીકરો ?' 'રા'ડિયાસનો.'

અધિકારીનો ઈશારો થતાં સૈનિકે તલવાર ઉગામી...

એક માસૂમ ફૂલ જેવા બાળકનું મસ્તક ધડથી અલગ થઈ ગયું. છતાં ય દેવાયતનો ચહેરો નિશ્ચલ સ્થિતપ્રજ્ઞ જેવો જ રહ્યો. અધિકારીને જરાય વહેમ ન આવે માટે જ સ્તો.

પણ, પેલા પાંચા પટેલને હજુ સંતોષ નથી. દેવાયતને જેલમાં પુરાવવા એ તત્પર છે. એણે કહ્યું અધિકારીને કાનમાં...

'આ તમે મારી નાંખ્યો તે તો દેવાયતનો છોકરો છે. રા'નો વંશજ તો એના ઘરમાં જ છે.'

જો કે અધિકારીને લાગ્યું કે આ માણસ ઈર્ષ્યાખોર લાગે છે. બાકી કોઈ માણસ પોતાના દીકરાને કંઈ મરવા દે.

છતાં એણે દેવાયતને પૂછયું : 'અલ્યા, આ ખરેખર નવઘણ જ મરાયો છે ને ? કંઈ કપટ તો નથી ને ? તારો છોકરો તો નથી આપ્યો ને ?'

દેવાયત કહે : 'કેવી વાહિયાત વાત કરો છો. છતાં શંકા રહેતી હોય તો મારી પત્નીને બોલાવી એના પગ નીચે આ બાળકની આંખો કચડાવો. સગી મા કદી આવું કરી ન શકે.'

અધિકારીની સૂચના થતાં આહિરાણીને બોલાવવામાં આવી. આંખો કચડવા કહ્યું.

એ વીર આહિરાણીએ મન મક્કમ કરીને વહાણની આંખો કચડી નાંખી. દીકરો તો મર્યો જ છે. એનું બલિદાન એળે ન જવા દેવું એવો એણીએ નિર્ણય કર્યો.

અધિકારીઓ, સૈનિકો ચાલ્યા ગયા.

વર્ષોને વીતતાં ક્યાં વાર લાગે છે.

નાનકડી જાહલ પરણાવવા જેવડી થઇ ગઇ.

નવઘણ પણ મોટો થયો. સમજદાર પણ થયો. પોતાની રક્ષા કરવા દેવાયત પરિવારે આપેલા ભોગને હવે બરોબર સમજતો થયો હતો. મૂછનો દોરો ફૂટવા માડ્યો હતો. જાહલનો લગ્નપ્રસંગ આવ્યો...આ પ્રસંગે એકઠા થયેલા આહીરોએ જૂનાગઢમાંથી સોલંકી શાસન ઊથલાવી નવઘણને બેસાડવાનું નક્કી કર્યું.

ઊહાપોહ કર્યા વિના આહીરો જૂનાગઢ પહોંચી ગયા. મજબૂત લાઠીઓ ઉગામી. સોલંકીના ભાડૂત સૈન્ય અને વહીવટદાર ભાગ્યા...પ્રજા પણ રા'ડિયાસના દીકરાના સત્તારોહણથી ગેલમાં આવી ગઇ. રા'નવઘણનો રાજ્યાભિષેક બધાએ ઉલ્લાસથી માણ્યો.

દિવસ પછી રાત, રાત પછી દિવસ...સમયની રેતી સરકી રહી છે.રા'નવઘણનું શાસન ચાલે છે.

એક વરસ વરસાદ બહુ ઓછો થયો.

દુષ્કાળની અસર આખા સોરઠમાં ફેલાયેલી..આહીર લોકોને પોતાના ઢોરોને શું ખવડાવવું ?...ક્યાં ચરાવવા ? એ વિકટ પ્રશ્ન ખડો થયો.

સમાચાર એવા મળ્યા કે સિંધમાં વરસ સારું છે. ઘાસ-ચારો પુષ્કળ છે...બધાં આહીરોએ સિંધ જવા નિર્ણય કર્યો. જાહલ, એનો પતિ અને સાસરા પક્ષના બધા પણ પોતપોતાનો માલ લઈ સિંધના પંથે પડ્યા.

જો કે જાહલને તો સિંધના બદલે જૂનાગઢ જાય તો પણ વાંધો નો તો. રા'નવઘણ એના સગા ભાઈ કરતાં પણ અધિકો હતો. પણ, બધાને દુઃખમાં છોડી રાજમહેલમાં જવું જાહલને ઉચિત ન લાગ્યું.

સિંધમાં ઘાસ-પાણીવાળા પ્રદેશમાં નેસડો વસાવી આહીરો રહેવા લાગ્યા....બધાં આનંદથી રહેતાં હતાં..પણ વળી ઉપાધિ આવી.

સિંધનો રાજા સુમરો એકવાર ઘોડે બેસી ફરવા નીકળ્યો. સોરઠના આહીરોના નેસડા પાસેથી પસાર થયો.

સુમરાની નજર રૂપ-રૂપના અંબાર સમી જાહલ ઉપર પડી. એ ભાન ભૂલ્યો...સુમરાના ઈશારે જાહલનું અપહરણ થયું. બિચારા આહીરોને પારકી ધરતી ઉપર કોની સહાય મળે ? અને જ્યારે ખુદ રાજા જ અપહરણકર્તા હોય ત્યારે ફરિયાદ કોને જઈ કરવી ?આહીરોને કોઈ માર્ગ સૂઝતો નથી.

આ બાજુ જાહલની વ્યથાનો પાર નથી. શીલની રક્ષા કેમ કરવી એ પ્રશ્ન સહુથી મોટો છે ? રાજાના હાથમાંથી છોડાવવાનું કામ આહીરોથી થઈ શકવાનું નથી. છોડાવી શકે તો મારો વીરો રા'નવઘણ. જૂનાગઢનો રાજા.

જાહલે સુમરાને કહ્યું : 'હંમણાં મારે નિયમ ચાલે છે. છ મહિના સુધી મારાથી છેટા રહેજો. પછી તો હું તમારી છું જ....'

સુમરાને થયું કંઈ નહીં. છ મહિના પછી, ક્યાં જવાની છે. સરસ મહેલમાં જાહલને રાખી, પોલીસ પહેરો ગોઠવી દીધો.

જાહલે એક ચિઠ્ઠી લખી રા'નવઘણને. 'મારા વીરા ! તને ઘણી ાર રાખડી બાંધી છે...આજે તારી બહેન આફતમાં છે. રક્ષા કરવા આવી હોંચજે.'

મહેલની બારીમાંથી ચિઠ્ઠી ફેંકાઇ. આહીરો ચિઠ્ઠી લઇ પહોંચ્યા જૂનાગઢ. જાહલની ચિઠ્ઠી વાંચતા જ નવઘણ ઊભો થઇ ગયો. સોરઠી સેના સાથે સિંધમાં પહોંચ્યો. સુમરા જોડે યુદ્ધ ખેલી એને હરાવી દીધો. દોડીને જાહલ પાસે પહોંચ્યો. ભાઇ-બહેનની આંખમાંથી હર્ષના અશ્રુ રેલાવા માંડ્યા. 'વાહ મારો વીરો, બંહેનની વહારે ધાયો. રક્ષાબંધનની ભાવનાને ઉજાળી.'

'બહેન, તારા પરિવારના ઉપકાર મારા ઉપર અપરંપાર છે. ચામડાના જોડા બનાવવાથી પણ ઋણમુક્ત થવાય એમ નથી. આજે બહેનની મદદે આવવાનો મોકો મળ્યો એનો હર્ષ છે. હવે ચાલો બધા સોરઠમાં...'

બધા પહોંચ્યા સોરઠમાં..અષાઢ આવ્યો....મેહુલિયો વર્ષ્યો....સુકાળ થયો. દુકાળ ભુલાયો. પણ, ભાઇ-બહેનની પ્રીતની કહાણી આજે પણ અમર છે.

❀ ❀ ❀

૩૯ શણગાર નહીં જિર્ણોદ્ધાર

સમરાશાએ શત્રુંજયતીર્થનો ઉદ્ધાર કરાવ્યો એ પછીનો પ્રસંગ છે.

દેથળીના ઠાકોર અને એમની દીકરી સમરાશાના ત્યાં આવી પહોંચ્યા.

'કુંવરીના લગ્ન મહિના પછી છે. એના કપડાં-દાગીના માટે આવ્યા છીએ.' ઠાકોરે પ્રયોજન જણાવ્યું.

'એ બધું થઈ રહેશે. જમવાનો સમય થયો છે. હમણાં જમવા પધારો.' સમરાશાના આગ્રહને ઠુકરાવી શકાય તેમ નહોતો.

ઠાકોર શાર્દુલસીંહનો જમણો પંજો કપાઈ ગયેલો. દેથળીના મંડૂકેશ્વર મહાદેવના મંદિર ઉપર અલ્લાઉદ્દીનના ધર્મઝનૂની સિપાઈઓ ત્રાટકયા ત્યારે શાર્દુલસીંહે જાન સટોસટની બાજી ખેલી હતી. મહાદેવની પ્રતિમા-બાણને બચાવી શકયા પણ મંદિર તો યવનો તોડીને જ રહ્યા. આ લડાઈમાં ઠાકોરનો એકનો એક દીકરો વીરગતિ પામ્યો. ઠાકોરનો જમણો હાથ કપાયેલો...

ડાબા હાથે કંસારને મસળતાં મસળતાં ઠાકોરે એમના માણસને હાંક મારી...માણસ એક વટવો લઈ આવ્યો. એમાંથી ચપટી ભરીને કશુંક નાખ્યું અને પછી ભોજનનો પ્રારંભ કર્યો. 'ઠાકોર આ શું નાંખ્યું.' પાસે જ જમવા બેઠેલા સમરાશાએ પ્રશ્ન કર્યો...ઝીણી નજરે જોયું તો ધૂળ જેવું લાગ્યું... 'દરબાર, આ તો ધૂળ નથી ?'

'હા, ધૂળ જ છે.'

'પણ, કંસારમાં ધૂળ ?'

આજથી નહીં પંદર વરસથી, અમે બધાં સોલંકીઓ ધાન નહીં પણ, ધૂળ ખાઈએ છીએ. એ વાત યાદ કરાવવા રોજ ચપટી ધૂળ નાંખીને પછી જ ભોજન કરવાનો મારો નિયમ છે.'

'પણ, એવું શું થયું પંદર વરસ પહેલાં કે તમારે આવો નિયમ લેવો પડ્યો.'

'અમારા ઈષ્ટ દેવ મંડૂકેશ્વર મહાદેવનું મંદિર મ્લેચ્છોએ તોડી પાડ્યું. આજે પણ શંકર ભગવાનને એક ભોંયરામાં રાખ્યા છે. ત્યાં જ પૂજા પાઠ થાય છે. એમની ફરી પ્રતિષ્ઠા ન થાય ત્યાં સુધી અમે ધૂળ જ ખાઈએ છીએ...પણ, આ સાલ એક નાની દેરી ચણી એમાં શંકર ભગવાનની પ્રતિષ્ઠા કરી દેવી છે.'

ભોજન પછી ઠાકોરે કપડાં-લત્તાં અને દાગીના જે જે ઘડાવવાના હતા એની વિગત આપી અને પોટલી છોડી સો ભાર સોનાના બે ઢાળિયા અને મોતીની પાટલી શેઠ આગળ કરતાં કહ્યું :'શેઠ, આમાંથી બધું કરવાનું છે. દાગીના થોડા ફોરા કરો પણ કપડાં-લત્તાં બધાનો સમાવેશ આટલામાં કરવાનો છે. તમે અમારી આર્થિક સ્થિતિ તો જાણો જ છો.'

સમરાશા કહે: 'દરબાર, એ તો બધું થઈ રહેશે. કપડાં-લત્તાં તો અત્યારે જ લેતા જાવ...અને દાગીના ઘડવામાં એકાદ મહિનો લાગશે.'

'શેઠ, પણ તમે દાગીના સમયસર દેથળી મોકલાવી આપશો. કેમ કે મારે હવે ઘરે જઈ તત્કાલિક દેરી ચણાવવી છે. મહાદેવના મુખ્યપૂજારી રુદ્રશર્માએ પણ પ્રતિષ્ઠા ન થાય ત્યાં સુધી અન્નનો ત્યાગ કર્યો છે. માત્ર થોડા દૂધ ઉપર વૃદ્ધ-બ્રાહ્મણ જીવે છે. મારાથી જોયું જતું નથી. આવતા મહિને પ્રતિષ્ઠા અને દીકરીના લગન બે ય પ્રસંગો ઉકેલી નાંખવા છે.'

સમરાશા શેઠ કહે :'દરબાર, મંડૂકેશ્વર મહાદેવ તો સોલંકીઓના કુળદેવ. એમનું મંદિર મેં જોયેલું છે. કેટલું વિશાળ ભવ્ય અને કોતરણીઓથી સુશોભિત હતું...એના ઠેકાણે તમે નાની દેરીમાં મહાદેવજીને બેસાડીને સંતોષ માનશો ? એક મહિનામાં તો કેવી દેરી થાય ?...'

'શેઠ, તમારી વાત સાવ સાચી છે. અમારા વડવાઓએ કેવું ભવ્ય મંદિર બનાવેલું.. અમે એનું રક્ષણે ય ન કરી શક્યા...અને એનું નવસર્જન પણ કરી શકતાં નથી..પણ, શું કરીએ શેઠ ! સમય સમય બળવાન છે. તે દિ' પાટણમાં સોલંકીઓનું રાજ હતું...આખા ભારત ઉપર એમની આણ ફેલાયેલી..ધનના ઢગલા હતા...પછી સમય પલટાયો...સોલંકી પછી વાઘેલા આવ્યા.પણ, અલ્લાઉદ્દીન ચડી આવ્યો ત્યારે પાટણનો રાજા કરણઘેલો ભાગી છુટ્યો...અને મંદિરો તુટ્યા...આજે તમે જાણો જ છો કે અલ્લાઉદ્દીનનો સુબો પાટણમાં રાજ કરે છે. એક સમય એવો હતો..કે મંડૂકેશ્વરના પરમભક્તો પાટણની ગાદીએ હતા...આજે મંદિર-ભંજકો ગાદીએ છે...' શાર્દુલસીહના શબ્દે શબ્દમાં વ્યથા નીતરતી હતી.

'દરબાર, મેં હમણાં જ શેત્રુંજયના આદેસરદાદાના જિનાલયનો જિર્ણોદ્ધાર કરાવ્યો....સેંકડો શિલ્પીઓને કામે લગાડ્યા. દેવ-વિમાન જેવું મંદિર ખડું થઇ ગયું...સોમપુરાઓ મારા ઘણા પરિચિત છે....પત્થરની ખાણોનો પણ મને અનુભવ છે. તમે કહેતા હો તો કારીગરોને બોલાવી આપું...એક મહિનામાં ગભારાની દિવાલો ચણાઇ જાય...પ્રતિષ્ઠા થઇ જાય...શિખરનું કામ પછી પણ ચાલે...'

'શેઠ, તમે લાખ્ખોપતિ માણસ કે'વાવ..તમે મોટું જિનાલય બનાવ્યું...પણ, શેઠ અમારી પાસે એટલા પૈસા ક્યાંથી હોય...?'

કુંવરી ત્યાં બેઠી બેઠી આ વાર્તાલાપ સાંભળતી હતી. એણે કહ્યું : 'શેઠ ! આ સો-ભાર સોનું અને આ મોતી....આ બધું જિર્ણોદ્ધારમાં વપરાય તો કામ ચાલે...'

ત્યાં તો ઠાકોર વચ્ચે બોલી ઉઠ્યા : 'શેઠ, દીકરીને કન્યાદાન આપવાની પણ મારી જવાબદારી છે...'

'બાપુજી. મને માત્ર મંગળસુત્ર અને એક જોડ કંકણ આપજો. બાકીનું બધું જિર્ણોદ્ધારમાં વાપરવાનું શેઠને કહી દો...અને શેઠને આ કામ સોંપી દો. એમને અનુભવ પણ ઘણો છે.'

ઠાકોર અને સમરાશા કુંવરી સામે જોઇ રહ્યા. પ્રભુના મંદિર માટે પોતાના અલંકારો - શણગારો જતાં કરવા અને સાદાઇથી લગ્ન કરવા એ કંઇ નાનીસુની વાત નથી.

'બેટા, તેં નાની વયમાં મોટું કામ કર્યું. આ જિર્ણોદ્ધારનું પુણ્ય તારા જ ભાગનું કહેવાય.'

'શેઠ, બસ ત્યારે કુંવરીની ઇચ્છા મુજબ કરો...

આ બધું તમને સોંપીને જાઉં છું.'

'આના જેટલું સોનું અને મોતી મારા અને કુંવરીનો કરિયાવર હું કરીશ' સમરાશાએ સહજતાથી કહ્યું.

ઠાકોર અને કુંવરી વિદાય થયા ત્યારે હૈયામાં અપાર સંતોષ અને ચહેરા પર અવર્ણનીય આનંદ હતો...

કુંવરીનું અંતર પોકારતું હતું.

શણગાર નહીં, જિર્ણોદ્ધાર !

❀ ❀ ❀

૪૦ ઇર્ષ્યા છોડો

મહાકવિ કાલિદાસે 'અભિજ્ઞાન શાકુંતલ' નામનું નાટક બનાવ્યું.

વિદ્વાનોએ એની ઘણી તારીફ કરી.

એ નાટકના પાઠના આધારે વસંતોત્સવ પ્રસંગે નાટક ભજવવાનું નક્કી થયું. કુશળ નટો-અભિનેતા-અભિનેત્રીઓને જુદા જુદા પાત્રો અપાયા.

નાટકની પ્રસિદ્ધિ દૂર દૂર સુધી કરવામાં આવી. હજારો લોકો જોવા માટે આવ્યા.

ક્ષિપ્રા નદીના કાંઠે ભવ્ય રંગમંચનું આયોજન થયું છે. ઉજ્જૈનીના મહારાજા, કવિ કાલિદાસ અને અન્ય મોટા મોટા પંડિતો બિરાજ્યા છે...ગૌતમિ નામનો પંડિત પણ છે. નાટક શરૂ થયું...

એક અંક પૂરો થયો. ગૌતમિ કહે : કાલિદાસ તમે કમાલ કરી! બીજો અંક તો એથી પણ ચડિયાતો...ત્રીજો એથી પણ..અને ચોથાની તો શી વાત કરવી ? એના માટે સંસ્કૃતમાં એક શ્લોક પ્રસિદ્ધ છે.

काव्येषु नाटकं रम्यं, तत्राऽपि च शकुंतलम् ।
तत्रापि च चतुर्थोङ्कः तत्र श्लोकचतुष्टयम् ॥

કાવ્ય સાહિત્યમાં નાટક શ્રેષ્ઠ છે.

નાટકોમાં અભિજ્ઞાન શાકુંતલ.

એમાં પણ ચોથો અંક...

અને એના પણ ચાર શ્લોકો...

હૃદયને આફરીન પોકારી ઉઠ્યા..વાહ...

કણ્વઋષિનું શકુંતલા પ્રત્યેનુ વાત્સલ્ય !

કન્યાવિદાયનો પ્રસંગ...

પંડિત ગૌતમિ પણ નાટક જોતો હતો. સામાન્ય પ્રેક્ષકો તો નાટકના દૃશ્યને માણતા હોય છે...પણ, પંડિતોની વાત ન્યારી છે. એ બીજાની ભૂલો તરત શોધે...એમાં પણ એક બ્રાહ્મણને બીજા બ્રાહ્મણનો ઉત્કર્ષ સહન કરવો મુશ્કેલ....

એટલે તો કહેવત પડી છે કે : ब्राह्मणो ब्राह्मणं दृष्ट्वा परस्पर घुर्घुरायते

પં. ગૌતમિ શાકુંતલ નાટકની ખામીઓ પણ શોધે છે...એણે જોયું દુર્વાસા મુનિ ભિક્ષા માટે આવ્યા છે...શકુંતલા દુષ્યંતની યાદમાં ખોવાઈ છે...'ભિક્ષાન્ન દેહિ...'નો કોઈ પ્રત્યુત્તર ન મળ્યો ત્યારે ગુસ્સામાં દુર્વાસાએ શ્રાપ આપ્યો : 'જેને તું યાદ કરે છે તે તને ભૂલી જશે.'

ગૌતમિ મોટો પંડિત હતો. ઈતિહાસનો પણ જાણકાર. એણે કાલિદાસને પૂછયું :

'કવિરાજ ! આ દુર્વાસાનું પાત્ર આ નાટકમાં ક્યાંથી ઘુસાડ્યું? તમે ઈતિહાસ ભણ્યા છો કે નહી ?

દુષ્યંત ને કણ્વ ક્યા જમાનામાં થયા અને દુર્વાસા ક્યારે થયા કંઈ ભાન છે ?'

કાલિદાસ કવિનો જીવ હતો. ઈતિહાસની આવી અટપટી ગુત્થિમાં એ પડ્યો ન હોતો...

એણે જવાબ આપવાના બદલે માથું નીચે ઢાળ્યું..

અને ગૌતમિનું માથું ટટ્ટાર થયું...પોતાના હરીફની ભૂલ શોધવી અને એની પાસે કબૂલ કરાવવી એમાં જે મજા હોય છે તે પ્રતિસ્પર્ધિઓના જ અનુભવની ચીજ હોય છે. પં. ગૌતમિનો અહંકાર વધુને વધુ સતેજ થયો...પ્રેક્ષકોં તો નાટક જોવામાં ઓતપ્રોત હતા...અને નાટક ભારે જામ્યું હતું અને ગૌતમિથી એ સહન થતું ન હતું...

કાલિદાસ કવિ છે તો અમે મહાકવિ છીએ. અમને પણ નાટક રચતાં આવડે છે...આને પણ ટક્કર મારે એવા...અને ઐતિહાસિક કસોટી પર સાંગોપાંગ ઉતરે તેવા...આવા ભૂલ ભરેલા નહીં..પં. ગૌતમિનો અહંકાર એને વધુને વધુ અક્કડ બનાવી રહ્યો છે. એણે નિર્ધાર કર્યો. આપણે પણ નાટક બનાવવું.

કાલિદાસને ટક્કર મારે તેવું..એનું અભિજ્ઞાન શાકુંતલ તો આપણે અભિનવ શાકુંતલ બનાવીએ..અને કાલિદાસે વાળેલા બધા છબરડા ભૂલો સુધારી એના નાટકને જડબાતોડ જવાબ આપવો છે..

બીજા દિવસથી પં. ગૌતમિ કલમ લઈને બેસી ગયો. નાટક બનાવી દીધું.

એને ભજવવા માટે પણ ગોઠવણ કરી...પણ, નાટક જોવા લોકો ખાસ આવ્યા જ નહીં...નાટકનું નામ સાંભળતાં જ લોકોને થાય કે આ કાલિદાસ જોડે હરિફાઈ કરવા રચ્યું લાગે છે..ઈર્ષ્યાથી રચ્યું છે..અદેખાઈથી બનાવ્યું છે...

અને જોવા આવેલા પણ...પુરું જોયા વિના ઉઠવા માંડ્યા..ગૌતમિનું મોઢું દિવેલ પીધા જેવું થયું..બહુ મોટી આશા હતી...કાલિદાસથી સવાયા દેખાવાની હોંશ હતી. પણ, ભારે નિષ્ફળતા મળી.

ગૌતમિ ભારે ખિન્ન થયો..હાથમાં ભોજપત્ર ઉપર લખેલ અભિનવ શાકુંતલ છે. દીવાના પ્રકાશમાં વાંચે છે...કેવું અદ્ભુત છે..પણ લોકોને ક્યાં કદર છે...કેટલી મહેનતે બનાવ્યું...પાણી ફરી વળ્યું. એના પર...ગૌતમિ રોષમાં આવી ગયો..રોષ કોના પર ઉતારે ? બીજું કોઈ તો હતું નહીં..નાટકના પાના હતા..દીવા ઉપર રાખી દીધા...પળવારમાં તો ભોજપત્રો બળીને ખાખ થઈ ગયા..

એ વખતે પં. ગૌતમિના પિતા ત્યાં આવ્યા...શું કર્યું બેટા ? સળગાવી નાંખ્યું નાટક.

'લોકોને કદર ન હોય તો પછી..' 'જો બેટા, બીજાની ભૂલ જોવાના બદલે તારી ભૂલ તરફ નજર કર...'

મારી શું ભૂલ છે ?...

'તેં આ રચના કાલિદાસને પાછો પાડવા બનાવી. એનાથી આગળ નિકળવા...એની ભૂલો બતાવવા...રચનાનો હેતુ જ તારો ખોટો છે.

તેં આ ગ્રંથને બાળી નાખ્યો પણ, વાસ્તવમાં તારા ઈર્ષ્યા ભાવને બાળવાની જરૂર છે.

ખેર ! હવે આ ભભૂતિને કપાળે લગાડ. અને ઈર્ષ્યા-અદેખાઇ વિદાય કરી તું રામાયણ ઉપર કલમ ચલાવ. મારા આર્શીવાદ છે...તું શ્રેષ્ઠ કવિ છે...'

પં. ગૌતમિએ કપાળે ભભૂતિ લગાવી.

'ભવાત્ ભૂતિઃ યસ્ય સ ભવભૂતિઃ'

હવે પં. ગૌતમિ કવિ ભવભૂતિ બન્યો. એનું 'મહાવીરચરિત' અને 'ઉત્તમરામચરિત' સાહિત્ય જગતના ઉત્તમ રત્નો ગણાય છે.

ઈર્ષ્યાને છોડીએ...

મૈત્રીમાં દિલ જોડીએ..

❀ ❀ ❀

૪૧ अतिथि देवो भव

વર્ષો જૂની વાત છે.

સૌરાષ્ટ્રના પશ્ચિમકાંઠે દીવ બંદર આવ્યું છે. ચારે બાજુ દરિયો અને વચ્ચે બેટ.

નવલખા પાર્શ્વનાથ ભગવંતની કમનીય પ્રતિમા સૈકાઓથી ત્યાં પૂજાય છે.

જગદ્ગુરુ હીરસૂરીશ્વરજી મહારાજાના પાવનપગલા અહીં પડ્યા છે.

આ દીવ બંદર ઉપર મએશ નામના સોલંકી રાજાનું શાસન ચાલે.

પણ, દુનિયામાં બધું સીધું ક્યાં ચાલતું હોય છે? અને રાજકારણ તો ઉથલ-પાંથલનો પર્યાય ગણાય છે. ખટપટોને ષડયંત્રો સદા ચાલ્યા કરે.

એકને ઉથલાવી બીજો બેસવાની ટાંટિયાખેંચ કરતો જ હોય. આવો જ ધરતીકંપનો એક આંચકો દીવની રાજગાદીને લાગી ગયો. સોલંકીને ઉથલાવી વેલ ચાવડાઓએ ગાદી કબજે કરી.

ગઈકાલે ગાદી ઉપર બેસી શાસન કરનારા રાજાની હત્યા થઈ...

અને રાજરાણી સુંદરીને અડધી રાતે બન્ને રાજકુમારોને લઈ ભાગી જવું પડ્યું..રૂપાની ચમચીએ ભગરીભેંસના કાઢેલા દૂધનું 'આચમન' કરનારા બાળ રાજકુમારો વત્સરાજ અને રૂપને સમજ નથી પડતી કે શા માટે અમારે આમ રઝળપાટ કરવી પડે છે..? શા માટે અમને ભાવતાં ભોજન મા આપતી નથી..પિતાજી ક્યાં ગયા છે ?

નાના દીકરાને તેડીને, મોટાને આંગળીએ પકડીને રાજરાણી બને તેટલું ઝડપે આગળ વધવા માંગે છે...પાછળ ચાવડાના સૈનિકો આવી પહોંચે તો સોલંકીવંશનું સત્યાનાશ થયા વિના રહે નહીં.

નાનકડો રૂપ કહે : મા, બહુ ભૂખ લાગી છે. ખાવાનું આપ ને? રાણી કહે : 'હમણાં મામા આવશે અને મમ્ મમ્ આપશે.'

રસ્તેથી પસાર થતાં ભાભા નામના ભરવાડે આ વાર્તાલાપ સાંભળ્યો. એણે કહ્યું : 'બેન, મારું ગામ અહીં બાજુમાં જ છે. મારા ગામના ગોંદરેથી તમારા જેવા રાજઘરાનાંના માણસો ભૂખ્યા-તરસ્યા આગળ જાય તો અમારા આતિથ્યધર્મને કલંક લાગે. ચાલો મારી સાથે. તમારી ભાભીના હાથના રોટલા જમ્યા સિવાય આગળ વધવાનું નથી.'

રાજરાણી સુંદરી કહે : 'ભાંઈ, અત્યારે મારે ક્યાંય ખોટી થવાય એમ નથી. અમારી પાછળ ચાવડાઓનું સૈન્ય પડ્યું છે. જેના અથિથિ બનીએ એ ઉપાધિમાં આવી પડે એવા કમનસીબ અમે છીએ. અમને અમારા રસ્તે જવા દો.'

ભાભો ભરવાડ કહે : 'બુન, અતિથિનો ધર્મ બજાવતા મોત આવશે તો પણ અમને મંજૂર છે. તમે ગભરાશો નહીં. અમે અમારા પ્રાણના ભોગે તમારી રક્ષા કરીશું.'

એક તો રાણી અને બન્ને રાજકુમારો ભૂખ અને તરસથી વિહ્વળ બનેલા અને ભાભાનો આગ્રહ જોરદાર હતો. રાણીએ આમંત્રણ સ્વીકાર્યું.

બાજરીના રોટલાને દૂધ પેટમાં પડ્યા ત્યારે પેટની આગ શાંત પડી...

રાણી કહે હવે અમે જઇએ.

ત્યાં મેપો ભરવાડ આવ્યો. 'ભાભા, મારી દીકરીના લગ્ન પ્રસંગે આખા ગામને ધૂમાડા બંધ જમાડવાનું છે...તું પણ આવી જજે.' ભાભો કહે : 'હું તો આવીશ પણ, આ મે'માન રોકાતા નથી.'

મેપો કહે : 'બહેન, આજે તો ઝાંપે ચુંદડી બાંધી છે. આજુ-બાજુમાંથી નીકળનાર પણ અહીં જમ્યા સિવાય ન જઇ શકે અને તમે અમારા ગામમાં આવેલા ચાલ્યા જાવ તે કેમ ચાલે ?'

રાણી કહે : 'મેપાભાઇ, તમારે ત્યાં દીકરીના લગ્નનો મંગળ પ્રસંગ છે...અને મારા કરમ કઠણ છે. ચાવડાની વાર મારી પાછળ પડી છે..મને જવા દો જેથી તમારા મંગલ પ્રસંગમાં કંઇ વિઘ્ન નં આવે....'

'અરે બહેન, હવે તમે અમારા આશરે આવ્યા. તમારું રક્ષણ અમે જાનના ભોગે કરીશું. અમે ચારસો જણા છીએ. એકેકો દસને ભારે

પડે એવો. અમારી કાળીયાળી ડાંગનો ફટકો પડે એટલે પત્યું. ચાવડાઓને આવવા દો. અમે એમને ભગાડી દઈશું.'

બીજી પળે જ ચાવડાની સેનાનો પ્રતિકાર કરવાની તૈયારીઓ તડામાર શરૂ થઈ. ભરવાડોએ શરીરે જુનાગાદલા બાંધી દીધા. માથે ફાળિયામાં કાંસાના વાટકા ગોઠવી દીધા. જે દુશ્મનોના ઘા ઝીલવા બખ્તર અને હેલ્મેટ-ટોપાનું કામ કરે.

થોડીવારમાં ચાવડાના સૈન્યનો સંદેશવાહક આવ્યો. 'અમારા દુશ્મનો તમારા ગામમાં આવ્યા છે. અમને સોંપી દો.' ગ્રામજનો કહે : 'શરણે આવેલાને સોંપવાનો સવાલ જ નથી. લડવું હોય તો આવી જાવ.' જાનમાં આવેલા જાનૈયા પણ લડવા આવી પહોંચ્યા.

ભીષણ યુદ્ધ શરૂ થયું. કાળિયાળી ડાંગો અને તલવારો વચ્ચે ભારે અથડામણ થઇ. ૫૦ ભરવાડો અને ૭૦૦ સૈનિકો યુદ્ધની આગમાં હોમાઇ ગયા.

ચાવડા સૈન્યે જોયું કે આ રીતે લડવામાં સાર નથી. એમણે ધોળીધજા ફરકાવી. યુદ્ધ વિરામ થયો. ચાવડા સૈન્ય ચાલ્યું ગયું.

તાત્કાલિક લગ્ન વિધિ કરી દેવામાં આવી.

વીરગતિને પામેલા યોદ્ધાઓનો સમૂહ અગ્નિસંસ્કાર થયો....ગામના સારા માણસોએ કહ્યું : આજે રાત્રેજ ગામ છોડવાનું છે. સામાન લઇ લો. ગાડાઓમાં રાચ-રચીલું ગોઠવાવા લાગ્યું.

અને માદરે વતનને છેલ્લી સલામ કરી સહુ ગાડા હંકારી ગયા. ગીરના જંગલમાં ઊંડે ઊંડે સલામત જગાએ ગામ વસાવ્યું. વાંકીચૂંકી જગ્યામાં વસેલું એ ગામ વંકી નામે જાણીતું થયું.

દિવસે પાછું ફરેલું ચાવડા સૈન્ય રાતના અણધાર્યુ ધસી આવ્યું.

ગામને આગ લગાડી..પણ એમની ધારણા મુજબ કોઇ કિકિયારી કે પ્રત્યાઘાત ન આવ્યો...બધું સુમસામ હતું. સૈન્ય ભોંઠું પડ્યું.

વર્ષોના વહાણાં વીત્યા. વંકીમાં બન્ને રાજકુમારો શસ્ત્રાસ્ત્રોની તાલિમ લઇ રહ્યા છે. રાજકુંવરો મોટા થયા. સોલંકી ભાયાતો અને ભરવાડોએ દીવ ઉપર હલ્લો કર્યો. ચાવડાને ભગાડી રાજકુમાર વત્સરાજનો રાજ્યાભિષેક કર્યો.

રાજરાણી સુંદરીના હરખનો પાર નથી. કટોકટીની પળે આશરો આપનારા અને આફત વહોરી લેનારા અને રાજ્ય પાછું મેળવી આપનારા ભરવાડોનો એણે ખૂબ ખૂબ આભાર માન્યો.

સહુના દિલમાં એક વાત રમતી હતી.

અતિથિ ધર્મ તો ભાભા ભરવાડ અને...

મેપા ભરવાડ આદિનો !

❀ ❀ ❀

૪૨ આનું નામ સંસાર

દિલ્હી પાસે જોનપુરમાં બે મિત્રો રહે.

ફરીદખાં અને હેમચન્દ્ર.

એક પઠાણ. બીજો જૈન.

નિશાળમાં સાથે ભણ્યા.

ફરીદ મોગલ સેનામાં જોડાઇ સિપાહી બન્યો.

હેમચન્દ્ર વેપારમાં જોડાયો.

ફરીદ લશ્કરમાં ઊંચા ઊંચા હોદ્દા સર કરવા માંડ્યો.

એ મહત્ત્વાકાંક્ષી હતો. પુણ્યનો સહયોગ હતો.

બાબરના મૃત્યુ પછી ફરીદ દિલ્હીની ગાદીએ ચડી બેઠો.

શેરશાહ નામ ધારણ કર્યું.

પોતાના દોસ્ત હેમચન્દ્રને બોલાવ્યો. 'રાજ્યનો કારોબાર તારે સંભાળવાનો છે. ખાસ કરીને ભંડાર અને સૈન્યની પૂરી દેખરેખ પણ તારે રાખવાની છે.

શેરશાહ સાહસિક હતો અને સૈન્યને જરૂરી બધી બાબતોનું ધ્યાન હેમચન્દ્ર રાખતો હતો. એ ગણિતનો પાક્કો હતો. કેટલા સૈન્યને કેટલી સામગ્રી, કેટલો પુરવઠો જોઈએ એ બધું એ ચપટી વગાડતાં ગણી બતાવતો.

હુમાયુએ દિલ્હી પાછું મેળવવા ઘણા ઉધામા કર્યા પણ એની કારી ફાવી નહીં. કંટાળીને વિ.સં.૧૫૯૯માં એ હિંદ છોડી ગયો.

શેરશાહે પાંચ વરસ રાજ્ય કર્યું પણ એનો વહીવટ દાખલારૂપ હતો. અકસ્માતમાં એનું મૃત્યુ થયું અને એનો દીકરો ઈસ્લામ શાહ ગાદીએ આવ્યો. એનું રાજ્ય નવ વર્ષ ચાલ્યું.

હેમૂ તરીકે જાણીતો બનેલો હેમચન્દ્ર મોટે ભાગે સર્વેસર્વા હતો. રાજ્યસંચાલન અને લશ્કરનું સંચાલન બન્નેમાં એણે કાબેલિયત પ્રાપ્ત કરી લીધેલી. રાજ્યનું સંચાલન ખૂબ સુંદર રીતે ચાલતું હતું.

પણ પઠાણોમાં કુસંપ ભારે. બધાને બાદશાહ બનવાના અભરખા. ઈસ્લામ શાહને મારી એના કાકાનો દીકરો આદિલશાહ ગાદીએ ચડી બેઠો.

આ કુસંપનો લાભ લઈ મોગલો ચડી આવ્યા.

હુમાયુએ દિલ્હી કબજે કર્યું.

હેમૂએ પઠાણોને સમજાવ્યા. સંપ ત્યાં જંપ છે.

ફરી એક વાર જંગ ખેલી દિલ્હીનો કબજો મેળવી લીધો. પણ
સત્તા આવતા જ પઠાણો 'ટાંટિયાખેંચ' રમવા માંડ્યા. છેવટે સમજદારોને
લાગ્યું : 'આ દેડકાની પાંચશેરીથી રાજ ન થાય.' હેમૂને જ વિનંતી કરી
તમે જ સુકાન સંભાળો અને વિક્રમાદિત્ય હેમૂ વિ.સં.૧૬૧૦માં દિલ્હીનો
શાસક બન્યો. આખા દેશ ઉપર એની ધાક બેસી ગઇ.

હુમાયુ સીડી ઉપરથી ગબડીને મરણ પામ્યો.

અકબર ૧૪ વર્ષનો જ હતો.

મોગલોને જીતવાની કોઇ આશા નહોતી. વતનમાં પાછા ફરવાની
ઘણાખરાની ઈચ્છા હતી. પણ મોગલ સેનાપતિ બહેરામખાન અડગ હતો.
યુદ્ધ લડી લેવાનો એનો નિર્ધાર હતો. કલાનૌર નામના ગામના પાદરમાં
અકબરનો રાજ્યાભિષેક થયો. પાણીપતના મેદાનમાં યુદ્ધ ખેલાયું.

હેમૂ એના માનીતા હાથી હવાઇ ઉપર બેસી યુદ્ધના મેદાનમાં
ધસી આવ્યો. આમ પણ હાથીસેના એની મજબૂત હતી. યુદ્ધના દરેક પાસે
હેમૂ ચડિયાતો હતો. પણ, ભાગ્યદેવી એની તરફેણમાં નહોતી. એક તીર
સનન કરતું આવ્યું. હેમૂની આંખમાં ઘૂસી ગયું. હેમૂ જબરો સાહસી હતો.
બાણ કાઢી પાટો બાંધ્યો. તલવાર લઇ એ કૂદી પડ્યો મેદાનમાં. પણ,
હેમૂની અંબાડી ખાલી જોઇ એની સેનામાં ગેરસમજ ફેલાઇ. પીછેહઠ,
નાસભાગ ચાલી.

મોગલો મરણિયા બન્યા. હેમૂને સેંકડો ઘા વાગ્યા અને એના
સાથીદારો પણ યુદ્ધની આગમાં હોમાઇ ગયા.

દિલ્હીની ગાદી ઉપર ફરી મોગલ શાસન શરૂ થઇ ગયું.

સંસારની આ ઘટમાળમાં કંઇક રાજા રંક અને રંક રાજા બનતા
રહ્યા છે.

બધું ફરતું જ રહે છે, સરતું રહે છે.

એનું જ નામ સંસાર.

❀ ❀ ❀

૪૩ ગૌરવની રક્ષા

બાદશાહ અકબરનો પુણ્ય-પ્રતાપ દીલ્હીમાં તપતો હતો.

ઘણા રાજાઓએ સમાધાન કર્યું.

ઘણા થાકીને શરણે આવ્યા.

સદા અણનમ રાણાપ્રતાપ પણ સ્વર્ગે સિધાવ્યા હતા.

ચિત્તોડ પણ અકબરે હડપ કર્યું.

રાણા ઉદયસિંહને જંગલોમાં છુપાવું પડ્યું.

બધા ગઢ-કિલ્લા ઉપર દિલ્હીની આણ ફરી વળી. અપવાદમાં એક જ રણથંભોરનો કિલ્લો બાકી રહ્યો. અકબરને આંખમાં કણાની જેમ ખટકી રહ્યો છે. રણથંભોર...રણથંભોરની ચારે બાજુ ડુંગરની એવી હારમાળા અને અડાબીડ જંગલો કે નજીક પહોંચવું જ કઠિન...

પણ, અકબરે હુકમ કર્યો : 'કોઈ પણ ભોગે રણથંભોરને કબજે કરો.

હાડારાણા સુર્જનસિંહ અને થોડા મુઠ્ઠીભર માણસોને માટે વિશાળ સેના સામે લડવાનું કપરું હતું. શસ્ત્રો, દારૂગોળો અન્ન-પાણી બધું મર્યાદિત હતું. પણ હિમ્મત અમર્યાદ હતી.

વિશાળ મોગલસેના સામે લડતાં સુર્જનસિંહ હાડા વીરગતિ પામ્યા. રણથંભોરનો કિલ્લો સાચવવાની જવાબદારી વિધવા રાણી ઉપર આવી પડી.

અનાજ અને પાણીના સાંસા પડતા હતા.

કાં તો કેશરિયા કરી વીરગતિ પામો અથવા ભૂખેતરસે મરો. મોત તો અનિવાર્ય છે.

રાણીને મરવાનો ડર ન હતો.

એને ડર બીજી જ વાતનો હતો.

એમની પાસે એક તલવાર હતી. પેઢી-દર-પેઢીથી સચવાતી આવેલી. મહમદ ખીલજી સામે જીવ સટોસટના ખેલ ખેલી મહારાણા કુંભાએ એની તલવાર આંચકી લીધેલી.

સુર્જનસિંહ હાડાના દાદાના દાદાએ રાણા કુંભા પાસેથી એ ઐતિહાસિક તલવાર મેળવેલી. એ તલવારને જીવના જોખમે જાળવવાનું વચન આપ્યું હતું. યવનો પાસેથી આંચકેલી તલવાર ફરી યવનોના હાથમાં જવાનો ડર હતો. આપેલું વચન તુટવાનો ડર હતો.

રાણીએ પોતાની લાડકી દીકરીને આ તલવારનો ઈતિહાસ બતાવ્યો અને આ તલવારને સાચવવાની સમસ્યાની વાત કરી.

તેર-ચૌદ વર્ષની માસૂમ કિશોરીએ તલવારને હાથમાં લીધી. ગૌરવવંતા ભૂતકાળની કડી શું લુપ્ત થઇ જશે?

હવે કેશરિયા કરવાની ઘડી નજીક આવી ગઇ છે. અન્ન-પાણી ખૂટ્યાં છે.

કિશોરીએ એક યોજના વિચારી. માના કાનમાં કહી. યોજના ઘણી જોખમી હતી પણ બીજો ઉપાય ન હતો. માએ ભારે હૈયે હા પાડી.

મધરાતના કાળા ડિબાંગ અંધારા વચ્ચે રણથંભોરના કિલ્લાના બુરજ ઉપરથી લટકતા દોરડાના સહારે નાનકડી બાળા ઊતરી રહી છે.

જોકે એના દેહ પર વસ્ત્રો પુરુષનાં છે. થોડી વારમાં અંધારામાં ઓગળી ગઇ. થોડે જ દૂર ચારેકોર મુસ્લિમ સેનાનો પડાવ છે. આગળ વધવાનો કોઇ માર્ગ નથી.

સવારે દસ વાગે એક કિશોર માથા ઉપર ઘાસનો ભારો ઉપાડીને ચાલ્યો આવે છે. ઘાસ એટલું બધું છે.. ડોક એવી નમેલી છે કે એનો ચહેરો

દેખાતો જ નથી. થોડે આગળ વધ્યો ત્યાં સિપાહીએ પડકાર્યો.
'કૌન હૈ ? કહાં જાતા હૈ ?'

'સરફુદીનકા આદમી હૂં. ઘોડે કે લિયે ઘાસ લે જાતા હૂં.'

'ચલા જા.'

આગળ ઘણા સ્થળે પૂછપરછ થઇ પણ જવાબ

એક જ -

'સરફુદીનકા આદમી હૂં'

એક સિપાઇએ લીલા ઘાસનો ભારો જોયો. 'એય યહાં આવ.'

ઘાસ યહાં રખ દે. કિતના પૈસા લેગા ?'

'ગરીબ હૂં. જો ઠીક લગે દે દેના.'

'ઘાસ અચ્છા હૈ. રોજ લાના.'

'લેકિન ચોકિયાત લોક આને નહીં દેતે.'

'મેરા નામ લેના ઓર યે નિશાની દિખાના.'

સિપાઇએ ઘાસના પૈસા અને નિશાની આપી.

હવે બધી ચોકીઓ પસાર કરવી સરળ હતી. સિપાઇ જંગબહાદુરની નિશાની હાથમાં જ હતી.

રાણીએ કહેલું : 'બેટી. તું મોગલસેના પાર કરે એની મને ખબર કેમ પડશે ?'

'જો, મા, સા...મે પેલી ટેકરી ઉપર પહોંચી રાત્રે ત્યાં ઘાસ-સળગાવીશ આ નિશાની.'

સમી સાંજથી રાણી ટેકરી તરફ નજર નોંધીને બેઠેલી. રાત્રે આઠ વાગે ટેકરી પરથી અજવાળું દેખાયું સળગતાં ઘાસ-લાકડાંનો પ્રકાશ જોયો. ને રાણી બોલી ઊઠી. વાહ મારી દીકરી વાહ...નાની વયમાં ગજબ કરી તેં !'

સવારે હાડા રાણી અને કિલ્લામાં રહેલા ચાલીસ જણાએ કેશરીયા વાઘા પહેર્યા અને દરવાજો ખોલી મેદાનમાં આવી ગયા. મોગલ સેના જોડે લડતાં લડતાં બધાં વીરગતિને પામ્યા.

હાડા કન્યાએ મોગલ છાવણીની બધી ચોકીઓ પાર કરી, પણ હજુ પંથ ઘણો બાકી હતો. ઘણા ડુંગરા અને અડાબીડ જંગલો વટાવી મહારાણા ઉદયસિંહ પાસે પહોંચવાનું છે. ભૂખ-તરસ, કાંટા-કાંકરા કશું ગણકાર્યા વિના હાડા રાણાની કન્યા સતત આગળ વધે છે.

આખરે મંઝિલ આવી ગઈ.

રાણા ઉદયસિંહના ચોકિયાતોએ પડકાર કર્યો. 'કોણ છે ?'

'રાણાજી પાસે લઈ જાવ..'

ભૂખ-તરસથી થાકેલી કન્યા રાણા પાસે પહોંચતા ઢગલો થઈ ગઈ. પવન નાંખ્યો. પાણી પાયું.

પોતાના શરીર સાથે બાંધેલી તલવાર છોડી રાણાજીના હાથમાં આપતાં કહ્યું : 'ખીલજી પાસેથી આંચકેલી મહારાણા કુંભાની તલવાર આપવા આવી છું.' બોલતાં બોલતાં બાળકી ઢળી પડી. રાણાની આંખો આંસુથી ઊભરાઈ આવી. દૃઢ સંકલ્પ અને સાવધાની કેવા અસાધ્ય કાર્યો કરી આપે છે. મરતી વખતે એના હૈયે આત્મસંતોષ હતો. જવાબદારી પૂરી કર્યાનો...

કર્મ ખપાવવાનો દૃઢ સંકલ્પ કરી.... એ ખપાવવા શાસ્ત્રોક્ત માર્ગે પ્રયત્ન કરીએ. સિદ્ધશિલાએ પહોંચીએ.

❀ ❀ ❀

૪૪ માતૃભૂમિનું ઋણ

સંગ્રામજી જાડેજાએ ૧૭૪૩ માં ગોંડલમાં ગાદી સ્થાપી.

વિ.સં. ૧૮૪૮માં એમના વંશમાં આવેલા દાજીભાઇ ગાદીએ બેઠા ત્યારનો પ્રસંગ છે.

ગોંડલને એક બાજુ જૂનાગઢ અને બીજી તરફ જામનગરનાં સમર્થ રાજયો આવેલાં.

બન્ને નાનકડા ગોંડલ રાજયને પરેશાન કરવાની તક ચૂકતા નહીં.

ગોંડલના રાજાના મુખ્ય સલાહકાર મેતા વાસણજી બૂચ. ગમે તેવી પરિસ્થિતિમાં માથે બરફની પાટ મૂકી હોય એવી ઠંડકથી કામ લે. ગમે તેવી આંટીઘૂંટી ચપટીમાં ઉકેલે. એના કારણે પાડોશીઓનો ગજ વાગતો નહોતો.

વાસણજી બૂચનું જ ગોંડલમાં ચલણ હતું. દાજીભાઇ તો નશો કરીને પડ્યા રહે. જયાં મેતા કહે ત્યાં મત્તુ મારી આપે.

ગોંડલના પ્રાગજી મેતા વગેરે કેટલાકને વાસણજી કાંટાની જેમ ખૂંચે. આનું જ ધાર્યું થાય છે. આપણું કંઇ ઊપજતું નથી.

એમણે દાજી જાડેજાના કાનમાં ભંભેરણી ચાલુ કરી. તમે તો ખેતરના ચાડિયા જેવા છો ! તમારી કોઇ કિંમત નથી. વાસણજી રણી-ધણી થઇ બેઠો છે.

કાચાકાનના દાજીએ બધું સાચું માની લીધું. હવે વાસણજીની સલાહ માનવાના બદલે એનું અપમાન કરવા લાગ્યા. વહીવટમાં બિનજરૂરી દખલ કરવા માંડ્યા.

વાસણજીએ સ્પષ્ટ કરી દીધું : ગોંડલનું હિત મારા હૈયે છે. મને મારી રીતે કામ કરવા દો. દખલ ન કરો.

પણ, દાજી કહે : રાજા હું છું. તમે મારા ચાકર છો !

સ્વમાની વાસણજીએ રાજીનામું આપી દીધું.

જામનગરના દીવાન મેરુખવાસને સમાચાર મળ્યા કે વાસણજીએ વહીવટ છોડ્યો છે...અને સ્વાર્થી માણસો દાજીની આજુબાજુ ગોઠવાયા છે.

મેરુખવાસે જામસાહેબને કહ્યું : આ વાસણજી બહુ બુદ્ધિશાળી છે..એને આમંત્રણ આપો.

જામસાહેબે વાસણજીને બોલાવ્યા.

વાસણજીએ જોયું કે ગોંડલને સૌથી મોટો ભય જામનગરનો છે. ગોંડલના ઠાકોર ભલે મારું અપમાન કરે. મારે ગોંડલનું હિત જોવું જ રહ્યું. જામનગર જવાથી ગોંડલ વિરુદ્ધ થતી ખટપટો ખાળી શકાશે.

વાસણજીએ જામનગર રહેવાનું સ્વીકાર્યું. મેરુખવાસે યોજના ઘડી. ગોંડલના રાજપર ગામ ઉપર હલ્લો કરી લઈ લેવું..અને પછી ગોંડલ પણ લઈ લેવું. વાસણજીને ખબર પડી ગઈ ષડ્યંત્રની.

મેરુખવાસના સૈન્ય સાથે એ પણ ચાલ્યા.

મોરિઆ ગામે પહોંચી ખવાસે દાજીને બોલાવ્યા.

પ્રાગજી મેતા વગેરે સાથે દાજી ઠાકોર આવ્યા.

ખવાસ તો દાજીને દબડાવવા જ માંડ્યો. તમને દારૂ પીને પડી રહેવા સિવાય કશું આવડતું નથી. આ રાજ સંભાળવાની તમારામાં લાયકાત નથી. દાજી અને પ્રાગજી મેતા વગેરે મૂઢની જેમ સાંભળી રહ્યા. પણ, વાસણજીથી સહન ન થયું. એમણે કહ્યું : મેરુખવાસ, આવો બકવાસ બંધ

કરો. જેમ જામનગરના જામ સાહેબ છે તેમ આ ગોંડલનરેશ દાજી જાડેજા છે. એમને દબડાવવાનો તમને અધિકાર નથી.

મેરુખવાસ તો વાસણજીની વાત સાંભળી સ્તબ્ધ થઇ ગયો. 'અલ્યા, આ ઠાકોરે તને કાઢી મૂક્યો ને તું એનું કેમ તાણે છે ?'

'મેં ગોંડલનું લૂણ ખાધું છે. હું નિમકહરામ નહીં બનું.'

વધુ ચર્ચા કરવામાં વાત વણસી જશે એમ સમજી ખવાસ ઊભો થયો.

દાજી ઠાકોરને લાગ્યું : 'ખરેખર વાસણજી ખાનદાન છે.' એણે કહ્યું : 'વાસણજી મેં તમારું અપમાન કર્યું.મારી ભૂલ થઇ. તમે પાછા આવી જાવ.ગોંડલનું મંત્રીપદ તમારી રાહ જુએ છે.'

વાસણજી : 'બાપુ વિશ્વાસ વિના નકામું. કાલે કોઇ ફરી ભંભેરણી કરે.'

'વાસણજી, હવે એવું નહીં થાય. તમે ન આવો ત્યાં સુધી મારે અન્ન-પાણી ત્યાગ છે.'

'ભલે, હું ખવાસને જાણ કરીને આવું છું.' વાસણજી મેરુખવાસ પાસે પહોંચ્યા.

'ખવાસ,દાજી બોલાવે છે. મારે ગોંડલ ગયા વિના ચાલે એમ નથી. એક વાત કહેતો જાઉં છું. રાજપર ગોંડલનું છે. એના ઉપર નજર બગાડશો નહીં.'

વાસણજી કુશાગ્રમતિ છે એ તો ખબર હતી પણ સાથોસાથ નખશિખ પ્રમાણિક અને વફાદાર છે એની ખબર ખવાસને હવે ખબર પડી.

વાસણજીની નિષ્ઠાને મનોમન વંદી રહ્યો.

માતૃભૂમિ પ્રત્યે કેવો લગાવ !

❀ ❀ ❀

૪૫ શ્રેષ્ઠ અંજલી

રબ્બી અને બિરવરિયા ધર્મનિષ્ઠ દંપતી હતા. બિરવરિયા તો સંસારમાં રહેવા છતાં બને તેટલી આસક્તિથી મુક્ત રહેવા કોશિશ કરતી. ગમે તેવી પરિસ્થિતિને કર્મનું પરિણામ સમજી સ્વસ્થ રહેતી.

એક દિવસ ગોઝારો બનાવ બની ગયો.

તેમના બન્ને છોકરાઓ જંગલમાં રમતા હતા અને ઝેરી સાપે ડંખ દીધો. તીણી ચીસ નાંખી બન્ને પડી ગયા.

આજુ બાજુવાળા દોડીને આવ્યા. બન્નેને ઉપાડીને ઘરે પહોંચાડ્યા. કાતિલ વિષ શરીરમાં વ્યાપી ગયું હતું. શરીર લીલા વર્ણનાં થઇ ગયેલાં. બન્નેનાં પ્રાણપંખેરું ઊડી ગયા.

બન્ને દીકરાઓની લાશને જોતાં બિરવરિયાના હૈયામાં આંચકો લાગ્યો. પણ, બીજી જ પળે એ સાવધ થઇ ગઇ. જે થયું તે ન થયું થવાનું નથી. ગયેલા દીકરા પાછા આવવાના નથી. પણ, આ આઘાત એમના બાપથી જીરવી શકાશે ? એ ઘરે આવે અને આ વાત જાણે એ પહેલાં એમને માનસિક રીતે આ આઘાત જીરવવા સક્ષમ કરવા રહ્યા.

બન્ને મૃતકોને ઓરડામાં મૂકી ઉપર સફેદ વસ્ત્ર ઢાંકી દીધું. બિરવરિયા બહાર આવી ઓટલા ઉપર રાહ જોતી બેઠી છે. થોડી વારમાં રબ્બીનું આગમન થયું. આખી શેરી સૂમસામ છે. ચારેબાજુ ઘેરો સન્નાટો...ઓટલા ઉપર બિરવરિયા બેઠી છે. ચહેરો ગંભીર છે. 'કેમ આજે શું થયું છે ?' રબ્બીએ આવતાં જ પ્રશ્ન કર્યો.

બિરવરિયા : 'પાડોસણ પાસેથી દાગીના થોડા સમય માટે લાવેલી. પણ, ગમી ગયા એટલે પાછા આપવા ન ગઇ. આજે એ પરાણે આવી લઇ ગઇ.'

રબ્બી : 'એમાં ઉદાસ થવાની જરૂર શી છે ? પારકી થાપણ તો આપી જ દેવી જોઈએ. કોઈ વસ્તુ ગમી જાય એટલે એની માલિકી ન કરાય.'

'જરા અંદર આવો તો.' બિરવરિયા પતિનો હાથ પકડી અંદરના ઓરડામાં લઈ ગઈ. કપડું હટાવી લીધું. 'આપણા બન્ને પુત્રોએ વિદાય લીધી છે. જ્યાં સુધી એમનું આયુષ્ય અને ઋણાનુબંધ હતો ત્યાં સુધી રહ્યા. હંસલા ઊડી ગયા છે. હવે આ પિંજરોની ઉત્તરવિધિ કરો. રોકકળ કે શોકથી કશું નહી વળે. એમના આત્મશ્રેયાર્થે આપણે વધુ ધર્મ કરીશું. મૃતાત્માઓને આ જ તો શ્રેષ્ઠ અંજલી છે.'

જેના કાળજામાં ધર્મની અસર વ્યાપી ગઈ છે, તેને કર્મની અસર ઓછી થાય છે.

❀ ❀ ❀

૪૬ અહિંસા ગુણની સિદ્ધિ

વિક્રમના ૧૭મા સૈકામાં મુલતાનમાં મુજફ્ફરનું શાસન ચાલતું. રાજ્યનો વહીવટ ઉદયરામજી જૈન ચલાવતા. એક દિવસ કોઈક માણસ નવાબ મુજફ્ફરને સિંહનું બચ્ચું ભેટ આપી ગયો. નવાબ કહે, 'ઉદયરામજી! આ બચ્ચાને મોટું કરવાની જવાબદારી તમારી. તમે ચુસ્ત જૈન છો. આ બચ્ચાને તમે અહિંસક બનાવી દો તો તમે સાચા અહિંસક.' મંત્રી ઉદયરામજી બચ્ચાને ઘરે લઈ ગયા.

બચ્ચું તાજું જન્મેલું હતું. એને વિશેષ તો માના પ્યારની જરૂર હતી. ઉદયરામજીએ એને ખૂબ વાત્સલ્ય આપ્યું. બચ્ચા માટે હવે ઉદયરામજી જ મા હતા, સર્વસ્વ હતા.

ઉદયરામજીએ એને દૂધ પાવા માંડ્યું. ધીમે ધીમે રોટલી, શાક, ભાત વગેરે અન્નાહાર આપવા માંડ્યો અને બચ્ચું એ રીતે કેળવાયું. ત્રણ વરસનું બચ્ચું થયું ત્યાં સુધીમાં તો ઉદયરામજીએ એને ઘણું તૈયાર કરી દીધું. શું ખવાય, શું ન ખવાયની વ્યવસ્થિત તાલીમ આપી દીધી અને પછી નવાબ પાસે સિંહના બચ્ચાને લઈને ગયા.

નવાબે માંસ આદિ પ્રાણીજ તત્ત્વો ધર્યા તો બાળસિંહે મોઢું ફેરવી લીધું. અન્નાહાર મજાથી ખાવા માંડ્યો.

નવાબ આફરીન પોકારી ઊઠ્યો : ધન્ય છે તમારી અહિંસકતાને ! હિંસક પ્રાણીને તમે અહિંસક બનાવી દીધું.

બીજામાં ગુણનો વિનિયોગ કરતાં પહેલાં એ ગુણ આપણને સિદ્ધ થવો જરૂરી છે. અહિંસાદિ ગુણોને એવા સિદ્ધ કરીએ કે ગમે તેવાં વિઘ્નોનો જય કરી શકાય. સતત હૈયે વહેતી કરુણા અહિંસાને આત્મસાત્ કરવા ખૂબ જરૂરી છે.

❀ ❀ ❀

૪૭ સત્સંગનો પ્રભાવ

વિ. સં. ૧૯૬૩નો પ્રસંગ છે.

અમદાવાદની ઉત્તરે આવેલા અડાલજ ગામમાં કેટલાક મુનિરાજો વિહાર કરીને પધાર્યા.

ઉત્તરાયણના કારણે નિશાળમાં રજા હતી. ઉપાશ્રયની બહારના ચોકમાં છોકરાઓ રમતા હતા. 'છોકરાઓ, વાર્તા સાંભળવી છે?' મુનિરાજે આમંત્રણ આપ્યું.

છોકરાઓ ખુશખુશાલ થઇ ગયા. મંકોડાને ગોળનું ગાડું મળ્યું. મુનિરાજની ચારે બાજુ વીંટળાઇ વળ્યા : 'વાર્તા કહો.'

'બોલો તમારામાંથી કોને જલ્દી મરી જવું છે ? આંગળી ઊંચી કરો.' કોઇએ ન કરી.

મુનિશ્રીએ બીજો પ્રશ્ન કર્યો : 'સાજા અને સારા કોને રહેવું છે ? લાંબું કોને જીવવું છે ?'

બધી આંગળીઓ ઊંચી.

"જુઓ, સાજા રહેવાના સાદા નિયમો સમજી લ્યો. 'એકવાર ખાય તે યોગી. બે વાર ખાય તે ભોગી. ત્રણ વાર ખાય તે રોગી. બોલો કેટલી વાર ખાવું જોઇએ ?"

'એક જ વાર' બધા બોલી ઊઠયા.'

જુઓ એક દુહો ધ્યાનથી સાંભળો :

'આંખે પાણી, દાંતે લૂણ, ખાતા રાખે ખાલી ખૂણ;
ડાબું પડખું દાબી સૂવે, તેની નાડ શું વૈદ જ જુએ ?'

આનો અર્થ સમજ્યા ? 'ખાતા રાખે ખાલી ખૂણ' એટલે પેટ ભરીને ન ખાવું, થોડુ ઓછું ખાવું.

અને ત્રીજી વાત : ભોજન સારું અને સાત્ત્વિક જોઇએ. મરચાં-મસાલા-અથાણાં એ કાંઇ શરીરની જરૂરિયાત નથી. જીભના ચટકા છે. આ બધા પેટ બગાડી માંદા પાડનારા પદાર્થો છે. પેટ તો બે જ ચીજ માંગે (રોટી ને દાળ કે રોટી ને છાસ), જ્યારે જીભ માંગે બત્રીસા પકવાન. 'બોલો પેંટને પૂછીને ખાવાનું કે જીભને ?'

'પેટને.' બધાં છોકરાં એકી અવાજે બોલી ઊઠ્યાં.

'ખાવા માટે જીવવાનું કે જીવવા માટે ખાવાનું ?'

'જીવવા માટે ખાવાનું' છોકરાઓએ જવાબ આપ્યો.

સાદી ભાષામાં મુનિરાજે ભક્ષ્યા-ભક્ષ્ય વગેરે સમજાવ્યું. છોકરાંઓ ઊઠ્યાં ત્યારે તેમને ઘણી નવી વાતો જાણવા મળેલી.

એક બ્રાહ્મણનો છોકરો પણ આ વાર્તાલાપમાં સાથે હતો. એના મનમાં આ વાતો ઠસી ગઈ.

એણે સંકલ્પ કર્યો. આપણે એક જ સમય ખાવું અને બે ચીજ લેવી. રોટલો ને છાસ.

બીજા દિવસે એવો પ્રયોગ કર્યો. કોઇ તકલીફ ના પડી. સ્ફૂર્તિ વિશેષ રહી.

ત્રીજા દિવસે પણ ચાલુ રાખ્યો. ઘણો આનંદ આવ્યો. ચોથા દિવસે પણ ચાલુ રાખ્યો. ઘણો આનંદ આવ્યો. ચોથા દિવસે નિયમ લીધો. જીવનભર એક જ સમય વાપરવું; બે જ દ્રવ્ય વાપરવાં.

જેમ્ જેમ વર્ષો વીતતાં ગયાં તેમ તેમ એકાસણાં અને સાદા ભોજનના લાભ સમજાતા ગયા. ક્યારેય તાવ નહી. માથું દુખે નહીં.

એને લાગ્યું ખરેખર આ જૈનમુનિનો થોડો સત્સંગ કેટલો બધો ફાયદો કરાવી ગયો.

હવે એ કોઇ પણ મુનિરાજનું આગમન થાય કે પૂછતો, 'મહારાજ સાહેબ, વ્યાખ્યાન કરશો?' અને વ્યાખ્યાન હોય ત્યારે અચૂક હાજર રહેતો. ધ્યાનથી સાંભળતો. ધીમે ધીમે એણે ઘણું જ્ઞાન મેળવ્યું. નવકારમંત્ર નિયમિત ગણતો થયો. એકાસણાના પચ્ચક્ખાણ, દર્શનની વિધિ વગેરે શીખ્યો.

વર્ષો વીતતાં ચાલ્યાં. પોણી સદી પસાર થઇ.

૧૪ વર્ષે લીધેલો નિયમ ૮૯ વર્ષે પણ ચાલુ, ન કયારેય એકાસણાનું બેસણું કર્યુ. ન કયારેય બેથી ત્રીજુ દ્રવ્ય વાપર્યુ. અને એમનું મૃત્યુ પણ

કેવું મંગલમય બન્યું ? ૨૦૩૯ની સાલ ચાલતી હતી. મધ્યાહ્‌ન સમયે પુત્રવધૂએ કહ્યું : 'એકાસણું કરવા પધારો.'

હું થોડી વારમાં આવું છું. કહી ભગવાનના ફોટા પાસે પદ્માસન વાળી બેઠા. નવકાર ગણતાં ગણતાં કશી પીડા વિના હંસલો ચાલ્યો ગયો. પિંજર પડી રહ્યું ! ત્યારે ઘડિયાળમાં સમય થયો હતો ૧૨ કલાક ૩૯ મિનિટ, સહુને થયું ધન્ય જીવન, ધન્ય મૃત્યુ !

❀ ❀ ❀

૪૮ ભામાશાનો રાષ્ટ્રપ્રેમ

વિ. સં. ૧૬૬૩નો પ્રસંગ છે.

રાજસ્થાનના મોટા ભાગના રાજામહારાજાઓએ અકબર બાદશાહને સલામ કરી પોતાની ગાદી સાચવી રાખી હતી. એક રાણો પ્રતાપ જ મર્દ નીકળ્યો. જેણે કહી દીધું :

'સિંહ ભૂખ્યો રહે પણ ઘાસ તો ન જ ખાય. રાજપાટ ગુમાવવા પડે તો મંજૂર, પણ યવનોની ગુલામી તદ્દન નામંજૂર.'

અને આ અણનમ ટેક જાળવવા રાણા પ્રતાપે સહન કરવામાં કંઈ બાકી રાખ્યું ન હતું. ચિત્તોડ છોડી મેવાડના ડુંગરાઓમાં સંતાતા ફરતા રહેવાનો વખત આવી ગયો.

અકબરને પણ એમ લાગતું કે રાણા પ્રતાપ ન ઝૂકે ત્યાં સુધી કંઈ નહીં, શિયાળો ગમે તેટલા સલામ કરે પણ.. સિંહની સલામીની તોલે ક્યાંથી આવે? 'પ્રતાપને નમાવવા ઝુકાવવા મોગલસેનાએ મેવાડમાં પડાવ નાંખેલો. જાસૂસો સમાચાર લાવે કે રાણા આ બાજુના પહાડમાં છે એટલે

મોગલસેના એ બાજુ ઘેરો ઘાલે... રાણાને સતત સ્થળાંતર કરવા પડતાં..આવકનું કંઇ સાધન બચ્યું ન હતું. જે કંઇ હતું તે વેચીને જ ગુજરાન ચલાવવાનું. રોજના રઝળપાટથી કંટાળીને ઘણા જતા રહ્યા. કેટલાકને રાણાએ જ મોકલી આપ્યા. રોજ બધાને ખવડાવવું શું ? મહિનાઓ વીત્યા...વર્ષો વીત્યાં...બાર વર્ષના વહાણાં વાયા...રાણા પ્રતાપ, એમનો પરિવાર અને થોડા અત્યંત વફાદાર સામંતો જ બાકી રહ્યા છે. પણ, આટલાનું પણ પેટ ભરવું કઠિન છે. ક્યારેક ભૂખ્યા જ સૂઇ રહેવું પડે છે. નાનાં બાળકોને સમજાતું નથી કે આપણા રાજમહેલ ક્યાં ગયા ? કેશરિયા દૂધ, ચાંદીના પ્યાલા, મખમલના ગાલીચા - આ બધું ક્યાં ગયું અને આ ડુંગરામાં કેમ રખડવું પડે છે ? રોટલો પણ પેટભરીને કેમ મળતો નથી.?

એક દિવસ તો ભૂખ્યા બાળકોને મુશ્કેલીથી મળેલ રોટલાનો ટુકડો હાથમાં આપ્યો. પણ એ ટુકડો બાળકના મોં સુધી પહોંચે એ પહેલાં એક પંખી ચીલઝડપે તફડાવી ગયું. ભૂખ્યા બાળકની આંખમાંથી આંસુ ખરી પડ્યાં...

રાણા પ્રતાપ પણ આ દશ્ય જોઇ વિહ્વળ બની ગયા. એમને લાગ્યું, હવે આપણાં અંજળ-પાણી ખૂટ્યાં છે. ન છૂટકે હવે માતૃભૂમિ મેવાડનો ખોળો છોડવો પડશે. હવે કોઇ ઉપાય દેખાતો નથી. ખાવાના જ ફાંફાં છે, ત્યાં લશ્કર અને દારૂ-ગોળો, હાથી-ઘોડા લાવવાં ક્યાંથી ? એ વિના માતૃભૂમિનો કબજો પાછો મળે ક્યાંથી ?...

સાથીઓ જોડે ચર્ચા કરી મેવાડ છોડવાનો નિર્ણય કર્યો. બે દિવસથી બધા ભૂખ્યા હતા. લાંબી ખેપ કરતાં પહેલાં પેટની આગ ઠારવી જરૂરી હતી. રાણાએ પોતાની તલવાર સાથીને આપી. આને વેચીને ખાવાની સામગ્રીઓ લઇ આવો.

સાંજના સમયે પેલો સાથી લપાતો-છુપાતો, ભાંમાશા શેઠની દુકાને પહોંચ્યો. તલવાર મૂકતાં કહે : 'શેઠ, આની જે કિંમત થાય તે આપો.'

ભામાશાએ એક નજર તલવાર ઉપર નાંખી. એક નજર તલવાર લાવનાર ઉપર નાંખી. શંકા પડવાથી પૂછ્યું : 'જુવાન, આ તલવાર તમારી જ છે ને ? ચોરીનો માલ તો નથી ને ?' 'ના, ના શેઠ, મારી જ છે.હું ઝાલા રાજપૂત છું. અમારા વડવાઓએ ઘણાં પરાક્રમો કરેલાં એટલે મેવાડના રાણાએ એમને આપેલી ભેટ છે.' 'જુવાન, તમારા વડવાઓએ દેશ માટે માથાં આપ્યાં...અને તમે તલવાર વેચવા નીકળ્યા છો. રજપૂતનો દીકરો તલવાર વેચે ? તમારે બધાએ માતૃભૂમિને યવનોથી છોડાવવાના બદલે તલવાર શા માટે વેચવી પડે છે ?'

'ભામાશા શેઠ, તમારી વાત બિલકુલ સાચી છે. મેવાડી વીરોને મા-ભોમ માટે મરી ફીટવાનો અવસર છે. પણ શેઠ, એકલી બહાદુરીથી કંઈ કામ થતાં નથી. લશ્કર સજાવવાની વાત તો દૂર...ખુદ રાણા પ્રતાપને ખાવાના ફાંફાં પડી ગયા છે અને આવતી કાલે તેઓ મેવાડને રામ રામ કરી જવાના છે.'

'શું વાત કરે છે ?' ભામાશા ગાદી ઉપરથી અડધા ઊભા થઈ ગયા. 'શેઠ, બિલકુલ સાચી વાત કહું છું. ખુદ રાણા અને એમનો રસાલો બે દિવસથી ખાધા-પીધા વિનાનો છે અને એટલે જ રાણાએ મને આ તલવાર આપી છે. આને વેચીને જે કંઈ સીધું-સામાન મળે તે લઈને મારે જલ્દી જવું છે. શેઠ જલ્દી કરો.'

ભામાશાની આંખો આંસુથી ઊભરાઈ આવી. એ એકદમ ઊભા થઈ ગયા. ધીમેથી જુવાનના કાનમાં પુછ્યું : 'તો, તો, રાણા નજીકમાં

જ હોવા જોઈએ.' યુવાને માથું હલાવ્યું. 'રસાલામાં કુલ કેટલા માણસો હશે?' 'ચોવીસ.' 'સારું, આ તલવાર તું પાછી લઈ લે. હું પોતે રાણાજીનાં દર્શન કરવા અને વિનંતી કરવા આવું છું અને ભોજનસામગ્રી પણ લેતો આવું છું.' યુવાને સૂચવેલી જગ્યાએ ભામાશા જવા રવાના થયા. જતાં જતાં અંગત વિશ્વાસુ મુનીમના કાનમાં કહ્યું : ખાંડી વાવના ટેકરા પાસે ભોજનસામગ્રી લઈને આવો.

રજપૂત યુવાને રાણાજીને તલવાર પાછી આપી અને કહ્યું : 'રાણાજી, ભામાશા શેઠ આપને મળવા માંગે છે.'

'આવવા દો.'

ભામાશા આવ્યા. રાણાના ચરણોમાં ફાળિયું મૂકી હાથ જોડી કહ્યું : 'નામદાર, મારા માણસો ખાદ્ય-સામગ્રી લઈને આવી રહ્યા છે...આપ પહેલાં ભોજન કરી લો. પછી આ સેવક આપના ચરણોમાં નજરાણું ધરાવવા માંગે છે તેનો સ્વીકાર કરો.' રાણા પ્રતાપ કહે : 'શેઠ, નજરાણું તો રાજાને ધરાવવાનું હોય.'

'આપ અમારા રાજા છો...અને રહેવાના જ છો.'

ભોજન પછી ભામાશા કહે : 'નામદાર, મારું નજરાણું સ્વીકારો. આપ સૈન્ય એકઠું કરો અને મેવાડને યવનોના હાથમાંથી મુક્ત કરો.'

રાણા કહે : 'શેઠ, સાગર જેવી મોગલસેના સામે ટકરાવા કેટલી સાધન-સામગ્રી જોઈએ ? તમે નજરાણામાં શું આપશો ?'

'રાણાજી, પચીસહજાર સૈનિકોને ૧૨ વર્ષ ચાલે એટલું ધન આપ સ્વીકારો. આ બધું ધન આપની કૃપાથી જ એકઠું થયું છે. અમારા વડવા આપના વડવાઓનું કારભારું કરતા આવ્યા છે.'

રાણા પ્રતાપ ઊભા થઈ ગયા. ભામાશાને ભેટી પડ્યા, 'શેઠ, શેઠ, તમે તો તમારું વિપુલ ધન રાષ્ટ્રભક્તિમાં આપી દીધું. તમારા રાષ્ટ્રપ્રેમની કોઈ વાત થાય એમ નથી. શેઠ, તમે તમારા ધનનો ત્યાગ કરો છો તો હું પણ તમને ખાતરી આપું છું કે મેવાડી વીરો મા-ભોમ માટે ઝુકાવી દેશે,અને યવનોના હાથમાંથી માને અવશ્ય છોડાવશે.'

'બસ, રાણાજી ! મારે આટલું જ જોઈએ છે. મારા ધનનો આથી વધુ સારો ઉપયોગ કયો થઈ શકે ?આ પળે મને મારી લક્ષ્મીનો સદ્‌વ્યય કરવાનો મોકો મળ્યો એ મારું સદ્‌ભાગ્ય છે.ભામાશાની ઉદારતાએ મેવાડના ઈતિહાસને વળાંક આપ્યો.

❀ ❀ ❀

૪૯ આવા હતા રાજા

પંજાબમાં મહારાજા રણજિતસિંહનું શાસન ચાલતું હતું. એ વખતે ભયંકર દુષ્કાળ પડ્યો. અન્નની તીવ્ર અછત, ગરીબ માણસો ઝાડનાં પાંદડાં ઉકાળી પેટ ભરતા. અનાજના ભાવ - રૂપિયાનું વીસ શેર. એ જમાનામાં રૂપિયો ઘણો મૂલ્યવાન હતો. દુર્લભ હતો. ધોબીનો એક છોકરો સાત વર્ષની વયનો. ભૂખનું દુઃખ સહેવાયું નહીં. ભીખ માંગવા નીકળ્યો. પણ, અક્કરમીનો પડિયો કાણો ! ક્યાંય રોટલાનો ટુકડો પણ ન મળ્યો. નિરાશ થયેલો છોકરો પાછો ફરતો હતો ત્યાં એના કાને - ઢંઢેરાનો અવાજ પડ્યો. 'ગરીબોને સરકાર તરફથી મફત અનાજ મળશે. અનાજના ગોદામ ઉપરથી લઈ જવું.'

પેલા ધોબીના છોકરાને સમજ ના પડી કે આ સાચું છે કે મશ્કરી? અનાજ અને તે મફતમાં? પણ સરકારી માણસો ઢંઢેરો પીટતા હતા.

ગરીબ માણસોની આવી કોઈ મશ્કરી પણ ના કરે. જેણે જેણે ઢંઢેરો સાંભળ્યો તે અનાજ લેવાનાં સાધનો લઈ દોડવા માંડ્યા. પેલો ધોબીનો છોકરો દોડ્યો ઘરે. એના પિતા તો ગુજરી ગયેલા. દાદા હતા. 'દાદા, દાદા, ચાલો. સરકાર તરફથી મફત અનાજ આપવાની જાહેરાત થઈ છે.'

'ગાંડો નથી થયો ને...? મફત અનાજ ?'

'હા દાદા! મારા કાને ઢંઢેરો સાંભળીને આવ્યો છું. કેટલાય લોકો લેવા પહોંચી ગયા છે. જલ્દી ચાલો. નહીં તો આપણે મોડા પડીશું.' ૭૦ વર્ષના દાદા અને ૭ વર્ષનો પૌત્ર અનાજ ભરવા માટે મોટું કપડું લઈ રવાના થયા.

અનાજ ગોદામ પાસે તો ભારે ભીડ ને ધક્કામુક્કી ચાલતી હતી. બધાને એક હારમાં ગોઠવવામાં પોલીસોને ભારે મુશ્કેલી પડતી. થોડી વારમાં હાર મટી ટોળું થઈ જતું. અનાજ તોળવાવાળો દરેકને વીસ શેર અનાજ આપતો હતો. કોઈ બે વાર ન લઈ જાય એની ખબર રાખતો. ધોબી પરિવારના દાદા અને પોતરો આ ભીડમાં આગળ વધવા ઘણી કોશિશ કરે, પણ મજબૂત માણસો એમને હડસેલી આગળ વધી જતા.

સૂર્યાસ્ત થયો એટલે અધિકારીએ જાહેરાત કરી : બાકી હોય તે કાલે આવજો. આજનો સમય પૂરો થયો. દાદા-પોતરાના માથે જાણે વીજળી પડી ! આપણે રહી ગયા ! કાલે પણ આવી જ ભીડ હશે તો આપણું શું થશે...? દાદાની આંખોના ખૂણા ભીના થઈ ગયા. એની મતિ મૂંઝાઈ

ગઈ.' મોટા ભાગના લોકો ચાલ્યા ગયા. તોલવાવાળાએ એમનાં સાધનો અંદર મૂકવા માંડ્યાં. ત્યાં એક સરદાર જેવો માણસ આવ્યો. 'ડોસા, હવે જાવ. કાલે આવજો.'

'સરદારજી, મને અત્યારે અનાજ આપવાની કૃપા કરો ને ! અમે ત્રણ કલાકથી અહીં ઊભા છીએ. પણ આ ધક્કામુક્કીમાં મારો ગજ ન વાગ્યો.'

'તમારા ઘરમાં કોઈ જુવાન માણસ નથી.?'

'ના, આ મારો પોતરો છે. એના બાપ ગુજરી ગયા છે, સરકાર !

'આ ડોસાને વીસ શેર અનાજ આપી દો.' સરદારનો હુકમ થતાં માણસોએ અમલ કર્યો.

'બાપુ, હવે બીજું અનાજ ક્યારે મળશે ?'

'અઠવાડિયા પછી'

'બાપુ, અમે ઘણા દિવસથી ભૂખે મરીએ છીએ, પૂછો આ પોતરાને. પાંદડાં ઉકાળી - પેટ ભરતા'તા. સરદાર, થોડી દયા કરી બીજું વીસ શેર અનાજ આપો ને ?' પોટકી બાંધતાં ડોસાએ અરજ કરી.

સરદાર બન્નેને ધ્યાનથી જોવા લાગ્યો.

'બેટા, સરદારજીને પગે પડ. એમણે દયા ન કરી હોત તો આજે ભૂખ્યા સૂવું પડત'

'એય, બીજું વીસ શેર જોખી આપો.' સરદારે હુકમ કર્યો. માણસો ઘરે જવા ઉતાવળા થયા'તા, છતાં જોખી આપ્યું અને ઘર તરફ ભાગ્યા.

ડોસાએ ચાલીસ શેર અનાજની પોટકી બાંધી..' ઉપડાવનાર બીજું કોઈ નહોતું... 'સરદારજી, પોટલી ઉપડાવવા કૃપા કરશો ?'.

સરદારે પોટકી ઉપડાવી. ડોસો પાંચ ડગલાં ચાલ્યો ને લથડી પડ્યો. પોટકી એક બાજુ, ડોસો બીજી બાજુ.

'અલ્યા, તારાથી નહીં ઉપડે... જા, બીજા કોઈને બોલાવી લાવ.'

'સરદાર, આ ગરીબને કોણ સહાય કરશે ?' ડોસો ફરી પોટકી ઉપાડવા કોશિશ કરવા માંડ્યો. 'આઘા ખસો'. સરદારે પોટકી માથે ઊંચકી લીધી. 'આગળ ચાલો.' દાદો-પોતરો ચાલવા માંડ્યા. પાછળ સરદાર. 'આપણા રાજા સાહેબ, દયાના સાગર છે. આ અનાજ ના આપ્યું હોત તો આપણે મરી જ જવાના હતા. ભગવાન એમને સો વરસના કરે. 'ડોસો અંતરના આર્શીવાદ આપતો હતો. ડોસાનું ઘર આવ્યું. સરદારે પોટકી મૂકી. 'બેટા આમને મૂકવા જઈએ. આ પરોપકારી સરદાર ના હોત તો... આપણું શું થાત?'

શેરીના નાકા સુધી દાદા-પોતરો વળાવવા આવ્યા. સામેથી કેટલાક સૈનિકો નીકળ્યા. સરદારને જોતાં બધાએ સલામ કરી સરદાર ગયા. દાદાએ એક સૈનિક ને પૂછયું: 'આ કોણ હતા?' 'મહારાજા રણજિતસિંહ.' 'હેં?' ડોસાની જીભ આશ્ચર્યથી બહાર નીકળી ગઈ. વાહ! કેવા રાજા! રૈયત માટે બધું કરવા તૈયાર. આવા પ્રજાવત્સલ રાજવીનો જોટો જડવો મુશ્કેલ છે. ધન્ય છે આવા શાસકોને !

❀ ❀ ❀

પ્રભુવાણી પ્રસારસ્થંભ

★ શ્રી સમસ્ત વાવપથક જૈન શ્વે.મૂ.પૂ. સંઘ
ગુરુમૂર્તિ પ્રતિષ્ઠા - સ્મૃતિ

★ શેઠશ્રી ચંદુલાલ કક્કલચંદ પરિખ પરિવાર
વાવ (જિ : બ. કાં.)

★ શ્રીમતી ધુડીબેન પૂનમચંદ હેક્કડ
(જુના ડીસાવાળા) ચાતુર્માસ સમિતિ
જ્ઞાનદ્રવ્યમાંથી

★ શ્રી ધર્મોત્તેજક પાઠશાળા શ્રી ઝીંઝુવાડા જૈન સંઘ
જ્ઞાનદ્રવ્યમાંથી

★ શ્રી સૂઈગામ જૈન સંઘ, જ્ઞાનદ્રવ્યમાંથી, સૂઈગામ
(જિ :બ.કાં.)

★ શ્રી વાંકડિયા વડગામ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ,
જ્ઞાનદ્રવ્યમાંથી. વાંકડિયા વડગામ રાજસ્થાન

★ શ્રી ગરાંબડી જૈન સંઘ જ્ઞાનદ્રવ્યમાંથી, ગરાંબડી
(જિ :બ.કાં.)

★ શ્રી રાંદેરરોડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ. શંખેશ્વર પાર્શ્વનાથ
દેરાસર સુરત, જ્ઞાનદ્રવ્યમાંથી

પ્રભુવાણી પ્રચાર અનુમોદક

★ શ્રી મોરવાડા જૈન સંઘ જ્ઞાનદ્રવ્યમાંથી મોરવાડા બ.કાં.

★ શ્રી ઉમરા જૈન સંઘ જ્ઞાનદ્રવ્યમાંથી ઉમરા સૂરત.

લાભ લેવાના પ્રકાર

પ્રભુવાણી પ્રસાર સ્થંભ	૧,૧૧,૧૧૧/-
પ્રભુવાણી પ્રસારક	૬૧,૧૧૧/-
પ્રભુવાણી પ્રચાર અનુમોદક	૩૧,૧૧૧/-
પ્રભુવાણી પ્રસાર ભક્ત	૧૫,૧૧૧/-
આજીવન સદસ્ય .	૨૧૦૧/-

અગત્યના પ્રકાશનો

આ.વિજય મુનિચન્દ્રસૂરિ સંપાદિત - સંકલિત ગ્રંથો

હીરસૌભાગ્ય (સટીક)
ધ્વ્યાશ્રયમહાકાવ્ય ભાગ -૧,૨ સટીક
પ્રવચન સારોધ્ધાર વિષયપદ વ્યાખ્યા
દસસાવગચરિયં/ ધર્મરત્નકરંડક
કથારત્નાકર/ પ્રભાવકચરિત્ર ગુજરાતી ભાષાંતર
ઉપમિતિ કથોદ્ધાર — કર્તા : પં.શ્રી હંસરત્નગણી
વીરનિર્વાણ સંવત ઔર જૈન કાલગણના — પં.કલ્યાણ વિજયગણી
કલ્યાણ કલિકા ભાગ-૨ — પં.કલ્યાણ વિજયગણી
ઉત્તરાધ્યયનસૂત્ર ભાગ-૧,૨ — સંપા.મુનિ ભાગ્યેશ વિજય
શ્રી લક્ષ્મીવલ્લભીટીકા સાથે
શ્રમણ ભગવાન મહાવીર — પં.કલ્યાણ વિજયગણી

દસવૈકાલિકસૂત્ર : પૂ.આ.ભ.શ્રી ભદ્રંકરસૂરિ મ.સા.ના વિવેચન સાથે
કર્મગ્રંથ : સવિવેચન : રમ્યરેણુ શાંતિનાથચરિત્રઃસાનુવાદઃરમ્યરેણુ

પૂ.આ.ભ.શ્રી યશોવિજયસૂરિ મ.સા.ની વાચનાઓ

દરિસણ તરસિએ ભા.૧-૨	બિછુરત જાયે પ્રાણ
આપ હિ આપ બુઝાય	સો હિ ભાવ નિર્ગ્રંથ
ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો	મેરે અવગુણ ચિત્ત ન ધરો
આતમજ્ઞાની શ્રમણ કહાવે	પ્રભુનો પ્યારો સ્પર્શ

: પ્રાપ્તિસ્થાન :


આ.ૐકારસૂરિ જ્ઞાનમંદિર, આ. ૐકારસૂરિ આરાધના ભવન
સુભાષ ચોક, ગોપીપુરા, સૂરત - ૩૯૫ ૦૦૧



પૂ. સા. શ્રી સુવર્ણાશ્રીજી મ.ના શિષ્યા
પૂ. સાધ્વીશ્રી કલ્પલતાશ્રીજી મ.સા.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

શ્રી સિદ્ધિ-વિનય-ભદ્ર-વિલાસ-ૐકાર-અરવિંદ-
યશોવિજય-જિનચંદ્રવિજયેભ્યો નમઃ



૧૦૦

આ યુગના સાધના મહર્ષિ
પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રીમદ્ વિજય
ભદ્રસૂરીશ્વરજી મહારાજની દીક્ષા શતાબ્દી
વર્ષમાં તેઓશ્રીના દીક્ષા-દિવસે
વૈશાખ સુદ પૂનમ તા. ૨૬-૫-૨૦૦૨ રવિવારે
આ ગ્રંથનું પ્રકાશન થઈ રહ્યું છે
તે ઘણાં હર્ષનો વિષય છે.
પૂજ્યશ્રીના ચરણોમાં અગણિત વંદના
જન્મ વિ.સં.૧૯૩૦ વૈશાખ સુદ ૬
દીક્ષા વિ.સં. ૧૯૫૮ વૈશાખ સુદ-૧૫
સ્વર્ગવાસ વિ.સં. ૨૦૩૩ જેઠસુદિ-૮